આપના ઘર, બંગલા, ફેક્ટરી, શેડ, કોમર્શીયલ કોમ્પલેક્ષને કબુતરથી બચાવો
કબુતર જાળી
BIRD NET & INVISIBLE GRILLS
KHUSHI ENTERPRISES
MO. 9054142562 | ધર્મેદ્રભાઈ

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૪-૩-૨૦૨૫, સોમવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૧૨
Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

An ISO 9001:2008 Company
jai ganga
SOLAR WATER HEATER
JAI GANGA SOLAR ENERGY PVT. LTD.-RAJKOT
Call : 99093 23239, 80009 23239



### હૃદય ધબકતું થઈ જાય તેવા સમાચાર

# ખર્ચાળ વિદેશી કૃત્રિમ હૃદયની જગ્યાએ દેશી સસ્તું અને ટકાઉ હૃદય મળી રહેશે!!!

## હૃદયના દાતાઓની અછત અને વિદેશી ઉપકરણના મોંઘા ખર્ચને પહોંચી વળવા ભારતે કમર કસીઃ આગામી પાંચ વર્ષમાં ઉપકરણ તૈયાર થવાનો અંદાજ

**અબતક, રાજકોટ**

હૃદય રોગનું પ્રમાણ ચિંતાજનક રીતે વધ્યું છે. તો સામે હૃદય ટ્રાન્સપ્લાન્ટ માટે હૃદયના દાતાઓની અછત સર્જાણી છે. જેના માટે સરકાર ખર્ચ-અસરકારક ડાબા વેન્ટ્રિક્યુલર સહાયક ઉપકરણો (LVADs) વિકસાવવાની યોજના ધરાવે છે. દર વર્ષે અંદાજે ૫૦,૦૦૦ દર્દીઓને હૃદય ટ્રાન્સપ્લાન્ટની જરૂર હોય છે. પરંતુ દાતા હૃદયની તીવ્ર અછત હોવાથી, સ્વદેશી રીતે બનાવેલા LVADs આ ખર્ચ ઘટાડી શકે છે. જેને બનાવવામાં જરૂરી મંજૂરીઓ સાથે પાંચ વર્ષ લાગી શકે છે.

ભારત ડાબા વેન્ટ્રિક્યુલર સહાયક ઉપકરણો ( LVADs ) વિકસાવવાની યોજના બનાવી રહ્યું છે , જે હૃદયને લોહી પંપ કરવામાં મદદ કરે છે. આનાથી અંતિમ તબક્કાના હૃદય નિષ્ફળતાવાળા દર્દીઓને મદદ મળશે કારણ કે તેઓ હૃદય માટે દાતાની રાહ જોઈ રહ્યા છે. સરકારી અંદાજ મુજબ, દર વર્ષે, ભારતમાં લગભગ ૫૦,૦૦૦ દર્દીઓને હૃદય પ્રત્યારોપણની જરૂર હોય છે , પરંતુ દાતા હૃદયની અછતને કારણે આવા ફક્ત ૨૦૦ ઓપરેશન જ કરવામાં આવે છે.

હૃદય પ્રત્યારોપણ માટે સરેરાશ રાહ જોવાનો સમય લગભગ ૩૬ મહિનાનો છે. ઉપરાંત, વિદેશથી મગાવવામાં આવતા LVAD નો ખર્ચ ₹૭૦ લાખથી ₹૧ કરોડની વચ્ચે થઈ શકે છે. આ ઉપરાંત સર્જરી અને સારવાર પછીની સંભાળનો ખર્ચ અલગથી. ત્યારે સ્વદેશી રીતે વિકસિત LVADs ભારતમાં આવા દર્દીઓ માટે આયાતી મશીનો પરની નિર્ભરતા અને હૃદય પ્રત્યારોપણનો ખર્ચ ઘટાડશે, તેમજ તબીબી સારવાર માટે વિદેશથી ભારત આવનારાઓની સંખ્યામાં પણ વધારો કરી શકે છે.

અધિકારીના જણાવ્યા અનુસાર‘‘આ પ્રોજેક્ટના સંશોધન અને પરીક્ષણ માટે લગભગ ૧૦૦ કરોડ રૂપિયાની જરૂર પડશે અને ટૂંક સમયમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ

(અનુ. આઠમા પાને)

# શેરબજારમાં તેજીનો તોખારઃ સેન્સેક્સમાં ૧૧૦૦ પોઈન્ટનો ઉછાળો


## નિફ્ટી પણ ૩૦૦થી વધુ પોઈન્ટ ઉછળ્યો : એનટીપીસી, કોટક મહિન્દ્રા બેંક અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના શેર ૪ ટકા વધ્યા : રોકાણકારોનો સોમવાર સુધર્યો

**અબતક, નવી દિલ્હી**

સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે શેરબજારમાં તેજી જોવા મળતા રોકાણકારો ગેલમાં આવી ગયા છે. સેન્સેક્સમાં ૧૧૦૦ પોઈન્ટથી વધુનો ઉછાળો નોંધાયો છે. જ્યારે નિફ્ટીમાં ૩૦૦ પોઈન્ટથી વધુનો ઉછાળો નોંધાયો છે.

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૬ શેરોમાં તેજી જોવા મળી રહી છે. એનટીપીસી, કોટક મહિન્દ્રા બેંક અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના શેર ૪% વધીને ટ્રેડ થઈ રહ્યા છે.એનએસઈના જાહેર ક્ષેત્રના બેંક ઈન્ડેક્સમાં ૨.૬૨%, ખાનગી બેંકમાં ૨.૪૫%, રિયલ્ટીમાં ૨.૦૯%, તેલ અને ગેસમાં ૧.૫૭% અને નાણાકીય સેવાઓમાં ૧.૮૭%નો વધારો થયો છે.

આ વર્ષે માર્ચ ૨૦૨૫માં નિફ્ટીમાં મોટી રિકવરી જોવા મળી




હતી. ૪ માર્ચના રોજ ૨૧,૯૬૪ ના નીચલા સ્તરથી, નિફ્ટી અત્યાર સુધીમાં ૭.૬૦% વધીને ૨૩,૬૩૪ ની ઉપર ટ્રેડ થઈ રહ્યો છે. આ વર્ષે માર્ચ ૨૦૨૫માં નિફ્ટીમાં મોટી રિકવરી જોવા મળી હતી. ૪ માર્ચના રોજ ૨૧,૯૬૪ ના નીચલા સ્તરથી, નિફ્ટી અત્યાર સુધીમાં ૭.૬૦% વધીને ૨૩,૬૩૪ ની ઉપર ટ્રેડ થઈ રહ્યો છે.એક અઠવાડિયામાં નિફ્ટીમાં ૯૦૦ પોઈન્ટ (લગભગ ૪%) થી વધુનો વધારો થયો છે. છેલ્લા ચાર મહિનામાં નિફ્ટીમાં એક જ અઠવાડિયામાં આટલો વધારો થયો છે તે એક રેકોર્ડ છે.

માર્કેટમાં આવેલા ઉછાળા પાછળના કારણો જોઈએ તો વિદેશી રોકાણકારો ભારતીય બજારોમાં વલણ બદલી રહ્યા છે અને ખરીદી કરી રહ્યા છે. ૨૧ માર્ચે, તેમણે રૂ.૭,૪૭૦.૩૬ કરોડની ચોખ્ખી ખરીદી કરી. આ ૨૦૨૫ માં વિદેશી રોકાણકારો દ્વારા કરવામાં આવેલી સૌથી મોટી ચોખ્ખી ખરીદી છે.

(અનુ. આઠમા પાને)

### એક અઠવાડિયામાં સેન્સેક્સ ૩૦૭૭ પોઈન્ટ વધ્યો

ગયા અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે, શુક્રવાર (૨૧ માર્ચ) ના રોજ, સેન્સેક્સ ૫૫૭ પોઈન્ટના વધારા સાથે ૭૬,૯૦૫ પર બંધ થયો. નિફ્ટી પણ ૧૫૯ પોઈન્ટ વધીને ૨૩,૩૫૦ પર બંધ થયો. એ જ રીતે, એક અઠવાડિયામાં સેન્સેક્સ ૩૦૭૭ પોઈન્ટ વધ્યો. શુક્રવારે સેન્સેક્સના ૩૦ માંથી ૨૫ શેરોમાં તેજી જોવા મળી હતી. એનટીપીસી સૌથી વધુ ૩.૦૯%, બજાજ ફાઈનાન્સ ૨.૬૨% અને કોટક મહિન્દ્રા બેંક ૨.૧૪% વધ્યા હતા. મહિન્દ્રા, ટાટા સ્ટીલ, ઈન્ફોસિસ, ટાઈટન અને બજાજ ફિનસર્વના શેરમાં ૧% થી વધુ ઘટાડો થયો. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૮ શેરોમાં તેજી જોવા મળી. એનએસઈના ક્ષેત્રીય સૂચકાંકોમાં, મીડિયા ૨.૨૦%, તેલ અને ગેસ ૧.૮૪% અને જાહેર ક્ષેત્રના બેંક ૧.૦૬% વધ્યા. નિફ્ટી મેટલમાં લગભગ ૧%નો ઘટાડો થયો.

### તમારી ગોપનિયતાની કિંમત ફક્ત ૪૫૦ ડોલર

# સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક કરી રૂ.૩૮ હજારમાં વેંચી મારવાનું મસમોટું કૌભાંડ

## ડાર્ક વેબ પર ડિજિટલ માફિયાઓ બેફામઃ ગમે તે વ્યક્તિના આઈડીથી માંડી સીસીટીવી હેક કરી નાખવાનો દાવો

**અબતક, રાજકોટ**

રાજકોટની પ્રગતિ હોસ્પિટલના સીસીટીવી ફૂટેજ હેક કરી બિભત્સ વિડીયો ઓનલાઈન વેંચી મારવાનું મોટું કૌભાંડ તાજેતરમાં સામે આવ્યું હતું. હજુ આ ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં હવે ડાર્ક વેબ પર ગમે તે વ્યક્તિનું સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક કરી નાખી ફક્ત રૂ.૩૮,૬૦૦ એટલે કે ૪૫૦ ડોલરમાં વેંચી મારવાનું કૌભાંડ સામે આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે.




તમારી ગોપનીયતાની કિંમત ફક્ત ૪૫૦ ડોલર છે! આ વાત હચમચાવી નાખે તેવી છે. હવે ડાર્ક વેબ હેકિંગ સેવાઓનું બજાર બની ગયું છે, જે ૪૫૦ ડોલર (લગભગ રૂ. ૩૮,૬૦૦) માં સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની ગેરકાયદેસર ઍક્સેસ આપે છે. તપાસમાં જાણવા મળ્યું છે કે, હેકિંગ જૂથો છુપાયેલી સાઈટ્સ પર કાર્યરત છે અને ખુલ્લેઆમ ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ અને ઈમેઈલ હેકિંગની ખુલ્લેઆમ જાહેરાતો કરવામાં આવે છે. ’હેકિંગ સ્ક્વોડ’ તરીકે ઓળખાતું હેકિંગ જૂથ હેકિંગ માટેની ૧૦૦% પરિણામોનો દાવો કરે છે અને ટેલિગ્રામ દ્વારા લોકોનો સંપર્ક કરે છે.

તાજેતરમાં અમદાવાદ શહેરની એક મહિલાએ સાયબર ક્રાઈમ પોલીસને જાણ કરી હતી કે તેનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક થયું છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, બોપલની એક મહિલાનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક કરવામાં આવ્યું હતું અને મહિલા પાસેથી ૨ લાખ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. આ ઘટનાની તપાસમાં મોટો ઘટસ્ફોટ થયો હતો.

ડાર્ક વેબ પર એવા ટુલ્સ ઉપલબ્ધ છે જેનો ઉપયોગ કરીને કોઈપણ સોશિયલ મીડિયા એકાઉન્ટ અથવા કોઈપણ ઉપકરણને ઍક્સેસ કરી શકાય છે, તેવું ક્રાઈમ બ્રાન્ચના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. એક ચિંતાજનક ખુલાસામાં સાયબર ક્રાઈમ સંશોધકોએ ડાર્ક વેબ પર હેકિંગ સેવાઓ માટે વધતા જતા બજારનો પર્દાફાશ કર્યો છે. જ્યાં ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સની ગેરકાયદેસર ઍક્સેસ ફક્ત રૂ. ૩૮,૬૦૦ની કિંમતે ઓફર કરવામાં આવી રહી છે. આ ખુલાસો એવા સમયે થયો છે જ્યારે રાજકોટની પાયલ હોસ્પિટલના સીસીટીવી હેક કરવામાં આવ્યા હતા, જેમાં આરોપીઓએ વિદેશી હેકર્સ દ્વારા સંચાલિત ટેલિગ્રામ પરના ટ્યુટોરિયલ્સની મદદ લીધી હતી.

છુપાયેલી સાઈટ્સ અને એન્ક્રિપ્ટેડ પ્લેટફોર્મ પર ખુલ્લેઆમ માર્કેટિંગ કરવામાં આવતી આ હેકિંગ ઑનલાઈન ગોપનીયતા અને સુરક્ષા પર સીધો ખતરો ઉભો કરે છે. ઓળખાયેલા હેકિંગ જૂથોમાંથી એક ‘‘હેકિંગ સ્ક્વોડ‘‘ નામથી કાર્યરત છે. જે એક સમર્પિત ડાર્ક વેબ પોર્ટલ ચલાવે છે અને ટેલિગ્રામ દ્વારા તેની સેવાઓનો સક્રિયપણે પ્રચાર કરે છે, તેવું અધિકારીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, આ જૂથ ઈન્સ્ટાગ્રામ, વોટ્સઅપ, સ્નેપચેટ, ઈમેઈલ, વેબસાઈટ્સ અને શૈક્ષણિક ડેટાબેઝમાં હેકિંગમાં ૧૦૦% ગેરંટીકૃત સફળતા પ્રદાન કરવાનો દાવો કરે છે. હેક કરેલ એકાઉન્ટના એક્સેસ માટે ફક્ત ૪૫૦ ડોલરની કિંમત રાખવામાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર હેકિંગ પ્રક્રિયામાં કથિત રીતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મની નબળાઈઓનો અથવા ફિશિંગ તકનીકોનો સમાવેશ થાય છે. એકવાર એકાઉન્ટ સાથે ચેડા થઈ જાય પછી હેકર્સ ખરીદનારને સંપૂર્ણ ઍક્સેસ આપે છે. વ્યક્તિગત એકાઉન્ટ્સ ઉપરાંત, કોર્પોરેટ ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ્સ અને પ્રભાવક એકાઉન્ટ્સ પણ જોખમમાં છે.

## જાણવા જેવું... ડિજિટલ માફિયાઓ તમારા માનસ સાથે કેવી રીતે કરે છે રમત?

હાલ સોશિયલ મીડિયાના યુગમાં ડિજિટલ માફિયાઓ લોકો પાસે નાણાં પડાવવા અનેક કિમીયા અજમાવતા હોય છે. તેમાં પણ ખાસ તો હાલ ડિજિટલ અરેસ્ટ શબ્દ નવો નથી. આ શબ્દથી સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી દરેક વ્યક્તિ પરિચિત હશે તેમ છતાં ડિજિટલ માફિયા ડિજિટલ અરેસ્ટ કરી કરોડો રૂપિયા પડાવી લેતા હોય છે તે વાત પણ સાચી છે. ત્યારે અત્યંત જાણવા જેવી બાબત એ છે કે, કેવી રીતે લોકોના માનસ સાથે રમત કરી ડિજિટલ માફિયાઓ નાણાં પડાવતા હોય છે. અહીં સત્ય ઘટના આધારિત અનેક કિસ્સા રજુ કરવામાં આવ્યો છે. એક નાણાકીય સંસ્થાના સહાયક નિર્દેશકે કરેલા વર્ણન મુજબ ગત વર્ષે તેમને એક ફોન આવ્યો હતો. આ ફોન ઉપાડતા જ સામેની વ્યકિતએ પોતાની ઓળખ પોલીસ અધિકારી તરીકે આપી તેમના પર ડ્રગ્સની હેરાફેરીનો આરોપ લગાવી ડિજિટલ અરેસ્ટ કર્યા હતા. સહાયક નિર્દેશક મહિલાને ફોન કરનાર શખ્સે દોઢ કલાક સુધી બેડરૂમમાં ડિજિટલી બંધક બનાવી લીધા હતા. જે ધરપકડ અને કાર્યવાહીથી બચવા પીડિતાએ ૧૧ લાખ ડિજિટલ માફિયાને ચૂકવ્યા હતા. તેણી સાથે કેવી રીતે છેતરપિંડી થઈ તે યાદ કરતાં, સહાયક નિર્દેશકે કહ્યું કે તેણી કામ પર જવાની તૈયારીમાં હતી ત્યારે સવારે ૮.૪૫ વાગ્યે એક ફોન આવ્યો. ફોન કરનાર વ્યક્તિ પાસે તેનો આધાર નંબર હતો અને દાવો કર્યો હતો કે તેણીએ મોકલેલા પાર્સલમાં ડ્રગ્સ મળી આવ્યું છે. મને મારા બેડરૂમમાં મારી જાતને બંધ રાખવા અને મારા પરિવારનો સંપર્ક ન કરવા કહેવામાં આવ્યું હતું. ફોન કરનાર વ્યક્તિએ ધમકી આપી હતી કે જો એફઆઈઆર નોંધવામાં આવશે તો તે મારા વિદેશ જવાની શક્યતાઓને જોખમમાં મૂકશે. તે ક્ષણે મારો એકમાત્ર વિચાર એ હતો કે તેની માંગણીઓનું પાલન કરીને પરિસ્થિતિમાંથી બહાર નીકળવું.

### વૃદ્ધો જ નહિ બેન્કર, તબીબો અને મલ્ટીનેશનલ કંપનીના ડિટેકટરો પણ ડિજિટલ એરેસ્ટના શિકાર

સાયબર પોલીસ કહે છે કે, જ્યારે પીડિતોમાં મોટાભાગના વરિષ્ઠ નાગરિકો હોય છે પણ તેમની સાથે ત્યારે બેંકર, ડોકટરો અને બહુરાષ્ટ્રીય કંપનીઓના ડિરેક્ટરો જેવા લાયક વ્યાવસાયિકો પણ ડિજિટલ અરેસ્ટનો શિકાર બની ચુક્યા છે.



બીજા કિસ્સાની જો વાત કરવામાં આવે તો એક વરિષ્ઠ આઈટી વ્યાવસાયિકે તેની ડિજિટલ ધરપકડ વિશે જણાવ્યું હતું કે, મને એવું લાગ્યું કે મને હિપનોટાઈઝ કરવામાં આવ્યો. હું કંઈ પણ વિચારી શકતો ન હતો. જ્યારે મારું વાઈફાઈ કનેક્શન કટ થઈ ગયું ત્યારે હું તેમના ખાતામાં ૨૫ લાખ ટ્રાન્સફર કરવા જઈ રહ્યો હતો. તે સમયે હું મૂર્ખતામાંથી બહાર આવ્યો અને મને ખ્યાલ આવ્યો કે હું શું કરવાનો હતો.

ડિજિટલ અરેસ્ટમાં ફક્ત સરળ

(અનુ. આઠમા પાને)

### લોકોની વિચાર શક્તિને ટાર્ગેટ કરવો પ્રથમ લક્ષ્યાંક

ડિજિટલ માફિયાઓ ડિજિટલ અરેસ્ટ કરતા સૌ પ્રથમ લોકોની વિચારશક્તિને ટાર્ગેટ કરે છે. ડિજિટલ અરેસ્ટ કરનારાઓના ભયથી પીડિતોના હાથ પગ લકવાગ્રસ્ત જેવા થઈ જાય છે અને લોકો સ્પષ્ટ રીતે વિચારવામાં અસમર્થ થઇ જતાં હોય છે અને ત્યારબાદ આ માનવસર્જિત આફતમાંથી બહાર નીકળવા લોકો ગમે તે કરવા તૈયાર થઈ જતાં હોય છે અને તેના લીધે જ મોટી રકમ પડાવવામાં ડિજિટલ માફિયા સફળ થઈ જતાં હોય છે.

### ખાખી વર્દી, ન્યાયાધીશનો બ્લેક કોટ જોઈને ડરશો નહિ

સાયબર મનોવૈજ્ઞાનિક નિરાલી ભાટિયાએ લોકોની નબળાઈને કથિત સત્તાધીશોની સૂચનાઓનું પાલન કરવાની આપણી જન્મજાત વૃત્તિને કારણે છે. ખાખી યુનિફોર્મ પહેરેલી વ્યક્તિ, પૃષ્ઠભૂમિમાં પોલીસ લોગો પ્રદર્શિત કરતી હોય અથવા વિડીયો કોલ દરમિયાન ન્યાયાધીશનો ઝભ્ભો પહેરેલી વ્યક્તિને જોઈ આપણે સામાન્ય રીતે ડરી જતાં હોઈએ છીએ જેનો લાભ ડિજિટલ માફિયાઓ ઉઠાવતા હોય છે.


## ટીબી એ હવાથી ફેલાતો વિશ્વનો સૌથી ઘાતક ચેપી રોગ

આજે વિશ્વ ટીબી દિવસ

# વિશ્વમાં દરરોજ ચાર હજારથી વધુ મૃત્યુમાં ટીબી કારણભૂત

## વિશ્વમાં દર વર્ષે અન્ય કોઈ ચેપી રોગ કરતા ટીબીને કારણે વધુ લોકો મૃત્યુ પામે છે, ૨૦૨૩ માં દોઢ લાખ લોકો મૃત્યુ પામ્યા હતાઃ ભારતમાં એક લાખની વસ્તીમાં ટીબીના ૧૯૨ કેસ જોવા મળે છે : ટીબી રોકી શકાય તેવી અને સારવાર કરી શકાય તેવી બીમારી છે

ટીબીને વર્ષો પહેલા રાજરોગ પણ કહેવાતો હતો, ક્ષય નામથી જાણિતા રોગને ટયુબરકયુલોસીસ પણ કહેવાય છે, જેને ટુકાક્ષરીમાં ટીબી કહેવાય છે. આજે વિશ્વ ટીબી દિવસની વૈશ્વિક સ્તરે ઉજવણી થઈ રહી છે. ત્યારે આ રોગ ત્રીસ લાખ વર્ષ પહેલા અસ્તિત્વમા હોવાનું મનાય છે. ૧૮૩૪ માં જોહાન શોનલેને 'ક્ષય' રોગ શબ્દને લોકપ્રિય બનાવ્યો હતો. બાદ ૧૮૮૨ માં આજના દિવસે રોબર્ટ કોક નામના વૈજ્ઞાનિકે ટીબીના બેસીલાઈ માઈક્રોબેકટેરિયમ ટયુબલરકયુલોસીસની શોધ કરી હતી. આજે તેમની યાદમાં દર વર્ષે આ દિવસ ઉજવાય છે.



વૈશ્વિક લક્ષ્યાંક ‘‘એન્ડ ટીબી ૨૦૩૦‘‘ ને હજી પાંચ વર્ષ બાકી છે, ત્યારે તેના નિવારણ, નિદાન, સારવાર અને સંભાળ માટે મહત્વપૂર્ણ કાર્ય કરવાની જરૂર છે. ટીબી એ હવાથી ફેલાતો ચેપી રોગ છે, જેનાથી વિશ્વમાં દરરોજ ચાર હજારથી વધુ લોકો મૃત્યુ પામે છે. ફેફસાના ટીબી વાળા લોકોની ખાંસી, છીંક, થુકવાથી ટીબી ફેલાય છે, ચેપગ્રસ્ત થવા માટે વ્યક્તિઓને માત્ર થોડા જંતુઓ શ્વાસમાં લેવાની જરૂર પડે છે, ગત વર્ષે નવા બે લાખ દર્દીઓ ઉમેરાયા હતા. વિશ્વમાં દર વર્ષે અન્ય કોઈ ચેપી રોગ કરતા ટીબીથી વધુ લોકો મૃત્યુ પામે છે. ૨૦૨૩ માં દોઢ લાખ લોકો મૃત્યુ પામ્યા હતા. આપણા દેશ ભારતમાં પણ એક લાખની વસ્તીમાં ટીબીના ૧૯૨ કેસ જોવા મળે છે.

ટીબી એક ચેપીરોગ હોવાથી તેની તકેદારી રાખવી જરૂરી છે. સામાન્ય માનવી કરતા એચઆઈવી વાયરસ સાથે જીવતાં લાકોમાં ચેપ લાગવાની શકયતા દસ ગણી વધી જાય છે. ૨૦૨૫ નું ચાલુ વર્ષ તેનાથી પીડીત લાખો લોકોની વેદનાનો અંત લાવવા અને અસરગ્રસ્તો માટે વ્યાપક અને સાર્વત્રિક સંભાળની હાકલ કરે છે.વિશ્વના તમામ દેશોએ અસમાનતાનો સામનો કરી અને તેને અટકાવી શકાય તેવી ઉપચાર પધ્ધતિમાં દર્દીને સામેલ કરીને બિમારીનો અંત લાવવા કાર્ય કરેલ છે, પણ તેની નાબૂદી આપણા સૌની સામુહિક જવાબદારી છે. કોવિડ ૧૯ના રોગચાળા સમયમાં ટીબી અંકુશમાં મળેલ, પણ પ્રગતિને જોખમાં મૂકી હતી WHO દ્વારા ટીબી નિયંત્રણ માટે અકસીર સારવાર, વિકલ્પો, ટુંકી સારવાર પધ્ધતિ, ઝડપી તપાસ અને સારવારમાં નવીની ઉપકરણો સાથે ડીજીટલ સાધનોનો ઉપયોગ કરવા જણાવાયું છે. રોગીની સારવારમાં અસમાનતા અને અવરોધોને દૂર કરવાની તાતી જરૂરીયાત છે.

ટીબીને ખતમ કરવાના વૈશ્વિક પ્રયાસો દ્વારા ૨૦૦૦થી આ વર્ષના પ્રારંભ સુધી અંદાજે ૭૪ મિલિયન લોકોના જીવન બચાવાયા છે. ૨૦૨૩માં કુલ ૧૦.૬ મિલિયન લોકો ટીબીનો શિકાર થયા હતા. જયારે આજ વર્ષે ૧.૬ મિલિયન લોકો ટીબીથી મૃત્યુ પામ્યા હતા ક્ષયનું કારણ શોધાયું ત્યારના ગાળામાં ટીબી યુરોપ અને અમેરિકામાં ફેલાયો હતો.




જેને કારણે દર સાત પૈકી એક વ્યકિતનું મૃત્યુ થયું હતુ. રોબર્ટ કોકની શોધને કારણે ટીબીના નિદાન-સારવારનો માર્ગ ખુલ્યો હતો.

ટીબી રોગ શરીરમાં કયા જોવા મળે છે. તેને આધારે તેના વિવિધ નામો છે.ટીબી શબ્દનો પ્રાચિનગાળામાં ‘ફથિસિસ’ પ્રાચિનરોમમાં ‘ટેબ્સ’ અને પ્રાચિન હિબ્રુમાં શેએફેથ તરીકે ઓળખવામાં આવતો હતો ૧૮૦૦ ના દાયકામાં તેને વિવિધ નામોથી ઉદબોધન કરાતું હતુ. ગરદન અને લસીકાગ્રંથીની ગાંઠોના ટીબીના વર્ણન માટે મધ્ય યુગમાં ‘સ્કોફુલા’ શબ્દ પ્રયોગ વપરાતો હતો જોઆ બિમારી સંપૂર્ણ પણે અલગ બીમારી છે. જે ફેફસાને અસર કરે છે. દુનિયામાં વિવિધ પ્રકારની ખતરનાક બિમારીમાં ક્ષય રોગનો પણ સમાવેશ થાય છે.

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આ બિમારીમાં દર્દીનું ઝડપથી મૃત્યુ નથી થતું પણ, ફેફસામાં થયેલા સંક્રમણના લક્ષણને નજર અંદાજ કરાય તો દર્દી બચી શકતો નથી.બેકેટેરીયાથી થતુ આ સંક્રમણ દુનિયાનું સૌથી જીવલેણ સંક્રમણ મનાય છે. આજના યુગમાં ક્ષય કે ટીબીનો ઈલાજ છે, પણ જીવલેણ ચેપ હોવાથી લોક જાગૃતિની જરૂરીયત છે. લોકો નિદાન કરાવતા ન હોવાથી અંતે ચેપ વકરી જાય છે. આ દિવસે સમગ્ર વિશ્વમાં ટીબીને કારણે થતી સામાજીક અને આર્થિક અસરો વિશે જાગૃતિ લાવવાની જરૂર છે.

છેલ્લા એક દાયકામાં પહેલી વખત કોરોનાને લીધે વર્ષ ૨૦૨૦માં ટીબીને કારણે મરનારની સંખ્યા વધી ગઈ હતી. જયાં ટીબી વધુ ફેલાયો હતો. ત્યાં પણ સંશોધનો કોવિડ તરફ ગયા હોવાથી દર્દીઓ પ્રભાવિત થયા હતા.વિશ્વ આરોગ્ય સંસ્થાએ

રોગના અંકુશ માટે વિવિધ ગાઈડલાઈન જારી કરી છે. વૈશ્વિક સ્તરે સ્ટોપ ટીબી પાર્ટનરશિપે આ વર્ષની થીમ માંજ ‘‘ આપણે ટીબીનો અંત લાવી શકીએ છીએ : પ્રતિબધ્ધ થાઓ, રોકાણ કરો અને પહોંચાડો‘‘ છે. જે આવનારા ૨૦૩૦ સુધીમાં ટીબીનો અંત લાવવાની વૈશ્વિક હાકલ કરે છે. ડબલ્યુ.એચ.ઓ.નો ૨૦૨૩નો રિપોર્ટ જણાવે છે કે સતત બીજા વર્ષે ટીબી થતા મૃત્યુ દરમાં વધારો થયો છે. જેને કારણે લક્ષ્યાંકો હાંસલ કરવામાં મુશ્કેલી પડી રહી છે. ટીબી સામાન્ય રીતે ફેફસાને અસર કરે છે, પણ તે કરોડરજજુ, કિડની અને મગજ સહિત અન્ય અંગો પર હુમલો કરી શકે છે.

### ટયુબર કયુલોસિસ ચેપના બે સ્વરૂપો

ટીબીના બે પ્રકારોમાં એક સુસુપ્ત ટીબી અને સક્રિય ટીબી રોગ હોય છે. સુસુપ્ત ટીબી ધરાવતા લોકો સામાન્ય રીતે બીમાર પડતા નથી, કારણકે તેની રોગ પ્રતિકારક શકિત બેકટેરીયા સામે લડે છે.અને તેની વૃધ્ધિ અટકાવે છે, તેથી સુસુપ્ત ટીબી ચેપ નિષ્ક્રિય છે, અને તે એક માંથી બીજી વ્યકિતમાં સંક્રમણ ફેલાવતા નથી. બીજી તરફ બીજુ સ્વરૂપ સક્રિય ટીબી રોગ એક સક્રિય રોગ છે, કારણ કે શરીરની ઈમ્યુન સિસ્ટમ બેકટેરીયા સામે લડવામાં અસમર્થ છે પરિણામે બેકટેરીયાની વૃધ્ધિ થતા છેલ્લે ટીબી થાય છે. આરોગ વાળા અન્ય લોકોમાં ચેપ ફેલાવી શકે છે. ટીબીમાં સમયસર સારવાર ન કરાય તો જીવલેણ બને છે.

### ૧૮૩૪ માં પ્રથમવાર ‘ક્ષય’ શબ્દ પ્રયોગ કરાયો હતો

૨૦૦ વર્ષ પહેલા ‘ક્ષય’ નામ આપવમાં આવેલ હતુ, પણ ટીબી ક્ષય જેવા જ ચિન્હો ધરાવતો રોગ ત્રણ મિલિયન વર્ષોથી પૃથ્વી ઉપર અસ્તિત્વમાં છે. ૧૯૩૪ માં પ્રથમવાર ‘ક્ષય’ શબ્દ પ્રયોગ કરાયો હતો.

## આ વર્ષની ઉજવણી થીમ ‘‘આપણે ટીબીનો અંત લાવી શકીએ છીએઃ પ્રતિબધ્ધ થાઓ, રોકાણ કરો, અને પહોંચાડો’’ છે, જે વૈશ્વિક લક્ષ્યાંક ૨૦૩૦માં ટીબી નાબૂદી માટે નિદાન, સારવાર અને સંભાળ માટે મહત્વપૂર્ણ કાર્ય કરવા માટે ભાર મૂકે છે

## ૧૮૮૨માં આજના દિવસે રોબર્ટ કોએ નામના વૈજ્ઞાનિકે ટીબીના બેસીલાઈ માઈક્રોબેકટેરિયમ ટયુબરકયુલોસીસની શોધ કરી હોવાથી તેની યાદમાં આજે વિશ્વ ટીબી દિવસ ઉજવાય છેઃ જોહાન શોનલેને એ ૧૮૩૪ માં ‘ક્ષય’ શબ્દ લોકપ્રિય બનાવ્યો છતાં આ રોગ તેના પહેલા ત્રીસ લાખ વર્ષથી અસ્તિત્વમાં હોવાનું મનાય છે

# નમસ્કાર મહામંત્ર એટલે ગુણોને નમસ્કારઃ નમ્રમુનિ મ.સા.


## વ્યક્તિની આકૃતિમાં નમસ્કૃતિ આવવા લાગે વ્યવહારમાં નમસ્કારના ભાવ આવવા લાગે તેમ-તેમ વ્યક્તિના કોષો શાંત થવા લાગે, અવગુણો દૂર થવા લાગે

**અબતક, રાજકોટ**

સમય એ છે, જે પાણીના પ્રવાહની જેમ સદાય અને સતત વહેતો રહે છે. સમયના પ્રવાહમાં કેટલાંક વહી જાય છે તો કેટલાંક સમયના પ્રવાહથી અમૂલ્ય પામી જાય છે.

સમયના પ્રવાહની સાથે જેમના હૃદયમાં સદ્ગુણો પ્રત્યે અહોભાવ, નમસ્કારભાવ વૃદ્ધિ પામતો જાય, તેઓ તે પ્રવાહમાં સ્નાન કરતાં-કરતાં સ્વયંની શુદ્ધિને વધારતાં જાય છે.

નમસ્કાર મહામંત્ર એટલે ગુણોને નમસ્કાર ! જૈનધર્મના ઉપદેશ ગ્રંથો ૩૨ આગમમાંથી ૩૨માં આગમ શ્રી આવશ્યક સૂત્રનું પ્રથમ અધ્યયન એટલે શ્રી નમસ્કાર મહામંત્ર ! નમસ્કાર મહામંત્ર એ કોઈ વ્યક્તિને નમસ્કાર નથી પણ ગુણોને નમસ્કાર છે, પછી એ ગુણો worldની કોઈપણ વ્યક્તિમાં હોય, એને મારા નમસ્કાર છે. જેમ-જેમ વ્યક્તિની આકૃતિમાં નમસ્કૃતિ આવવા લાગે, વ્યવહારમાં નમસ્કારના ભાવ આવવા લાગે, તેમ-તેમ વ્યક્તિના કષાયો શાંત થવા લાગે, અવગુણો દૂર થવા લાગે. શું નમસ્કારની મુદ્રામાં, જોડાયેલાં બે હાથ અને ઢળેલી પાંપણ સાથે કોઈ વ્યક્તિ ગુસ્સો કરી શકે? નમસ્કાર મહામંત્રનું સ્મરણ ભાવથી-અહોભાવથી કરવાથી વ્યક્તિના ભાવ અને aura શુભ અને શ્વેત થવા લાગે છે, જેના કારણે વ્યક્તિને દરેક ક્ષેત્રમાં સફળતા અને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. એના bad luck, good luckમાં convert થઈ જાય છે, એક અલગ પ્રકારની આત્મિક પ્રસન્નતાનો અહેસાસ થવા લાગે છે stress, tension, ચિંતા દૂર થવા લાગે છે.



નમસ્કાર મહામંત્રને ‘મંગલ’ કહેવાય છે કેમ કે, નમસ્કાર મહામંત્રનું સ્મરણ નીચે ગોત્રકર્મનો ક્ષય કરાવે છે અને ઉચ્ચ ગોત્ર કર્મનો બંધ કરાવે છે.

નમસ્કાર હંમેશાં વ્યક્તિને નહીં, ગુણોને જ કરવા જોઈએ કેમ કે, ગુણોને કારણે જ વ્યક્તિ મહાન બને છે, શ્રેષ્ઠ બને છે. કોઈપણ શ્રેષ્ઠતા ગુણથી જ પ્રગટ થાય છે. પછી તે સંસારનું ક્ષેત્ર હોય કે ચાહે ધર્મનું ક્ષેત્ર હોય, વ્યક્તિને ગુણો જ ગમે છે અને ગુણવાળી વ્યક્તિ જ ગમે છે.

યાદ રાખજો,

**જ્યાં નમસ્કાર હોય, ત્યાં ગુણોનું પ્રાગટ્ય સહજ હોય.**

અહંકારી વ્યક્તિ ક્યારેય નમી શકતી નથી અને ગુણવાન વ્યક્તિ ક્યારેય નમ્યા વિના રહેતી નથી!

નમસ્કાર મહામંત્ર એ શાશ્વત મંત્ર છે અને કહેવાય છે કે, એમાં ચૌદ પૂર્વનો સાર સમાયેલો છે. નમસ્કાર મહામંત્ર universal મંત્ર કેમ છે? World Navkar Day કેમ ઉજવાઈ છે? વિશ્વના કરોડો ભાવિકો નમસ્કાર મંત્રની સાધનામાં ભક્તિભાવે કેમ જોડાય? કેમ કે, નમસ્કાર મહામંત્ર એક અમૂલ્ય મંત્ર છે, જેના એક-એક શબ્દમાં અનેક અર્થ સમાયેલાં છે, જેના એક-એક શબ્દમાં અનેક ભાવાર્થ અને અનેક secrets સમાયેલાં છે. નમો અરિહંતાળં- એટલે માત્ર અરિહંત પરમાત્માને નમસ્કાર હોજો એવો એક જ અર્થ ન થાય. જેમણે પોતાના અરિ એટલે કે આંતરિક શત્રુઓ - અવગુણો અને કર્મો પર વિજય પ્રાપ્ત કર્યો છે, એવા દરેક આત્માને નમસ્કાર હોજો ! જેમણે આત્મશુદ્ધિ દ્વારા પોતાનું vision open કર્યું છે. એવા દરેક જ્ઞાની આત્માઓને નમસ્કાર હોજો ! આવા અનેકાનેક અર્થ સમાયેલાં છે. માત્ર પહેલા ‘નમો અરિહંતાળં’ પદમાં! નમસ્કાર મહામંત્રની આરાધનામાં ગમે તેવા problem solution લાવવાની. આત્માને શુદ્ધ-વિશુદ્ધ કરવાની, કર્મોને ક્ષય કરવાની ક્ષમતા છે, શરત માત્ર એટલી કે નમસ્કાર મહામંત્ર પ્રત્યે પ્રેમ અને શ્રદ્ધા હોવા જોઈએ, આરાધનામાં આત્મિક ભાવ અને હૃદયનો ઉલ્લાસ હોવા જોઈએ અને નમસ્કાર મંત્રનું સ્મરણ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે કરવું જોઈએ.

યાદ રાખજો,

**‘કોઈપણ ક્રિયા જ્યારે વિધિપૂર્વક થાય છે, ત્યારે જ તેની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.’**

તમારી પાસે લોટ, ઘી અને પાણી હોય અને તમારે ભાખરી બનાવવાની હોય તો ઘી વધારે અને પાણી ઓછું નાખો તો જ ભાખરી crispy બને અને રોટલી બનાવવી હોય તો ઘી ઓછું અને પાણી વધારે નાખો તો જ રોટલી soft બને. એવી જ રીતે કોઈપણ મંત્ર એના લય પ્રમાણે બોલો, વિધિ પ્રમાણે, એના આરોહ-અવરોહ પ્રમાણે બોલો, તો જ એની પ્રભાવકતાની અનુભૂતિ થાય. નમસ્કાર મહામંત્રનું પ્રથમ પદ અને પ્રથમ પદનો પ્રથમ અક્ષર છે, નમોઃ... આ ‘નમો’ બોલતી વખતે શું થવું જોઈએ? નમો એટલે વિનયપૂર્વક નમવું, ઝુકવું ! ‘નમો’ શબ્દ પ્રગટ થાય ત્યારે પહેલા આંખની પાંપણને ધીરે-ધીરે ઢાળવાની હોય.

પાંપણ ઢળે, એને પ્રણામ’ કહેવાય. હાથ જોડાય એને ‘નમસ્કાર’ કહેવાય. મસ્તક ઝૂકે એને ‘વંદના’ કહેવાય. સવારના ઊઠીને અને જ્યારે stress feel કરો ત્યારે આ વિધિથી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરશો તો હળવાશની અનુભૂતિ કરશો. Scientists પણ કહે છે, આખા શરીરનો થાક અને મનનો ભાર, મનનો stress આંખની પાંપણ પર હોય છે. Stress out થવાનો શ્રેષ્ઠ ઉપાય છે, પાંપણ ઢાળી પ્રણામ કરી વિધિપૂર્વક નમસ્કાર મહામંત્રનું સ્મરણ અને સાધના ! આ process તો ગમે તે વ્યક્તિ, ગમે તે જ્ઞાતિની વ્યક્તિ, ગમે તે ક્ષેત્રમાં, ગમે તે સ્થાને, ગમે ત્યારે કરી શકે છે. ચાહે તમે ઘરમાં હો, officeમાં હો, kitchenમાં હોય, jobમાં હો, જરાક થાક લાગ્યો, થોડું tension આવ્યું, stress feel થયો, 5 times વિધિ પ્રમાણે, ભાવથી, શ્રદ્ધાથી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરી લ્યો, instant એનું result feel કરશો. એકદમ relax થઈ જશો. નમસ્કાર મહામંત્રનું માત્ર ધર્મની દ્રષ્ટિએ સ્મરણ કરવાનું ન હોય, વૈજ્ઞાનિક દ્રષ્ટિએ સમજી, એના logic અને secretsને જાણી, સુવિધિ પ્રમાણે એની process કરી, એમાં અંતરના ઉત્કૃષ્ટ ભાવોને ભેળવીને અત્યંત શ્રદ્ધા અને વિશ્વાસ સાથે સાધના કરવાથી એમાં રહેલી દિવ્ય શક્તિ અને ક્ષમતાને અનુભવવાની હોય, ત્યારે જ તેની સિદ્ધિ પ્રાપ્ત થાય.

નમસ્કાર મહામંત્રનું સ્મરણ એ દુનિયાના સર્વ ગુણવાન વ્યક્તિઓના ગુણોને અહોભાવથી વંદન કરી, સ્વયંના આત્મગુણોનું પ્રાગટ્ય કરવાની શ્રેષ્ઠ સાધના છે.

**નમસ્કાર મહામંત્રના પાંચે પદ આપણને આત્મશુદ્ધિ અને ગુણવૃદ્ધિની પ્રેરણા આપે છે.**

અરિહંત પદ-ભાવોની વિશુદ્ધિ કરાવે, સિદ્ધ પદ-યોગ મુક્તિ કરાવે, આચાર્ય પદ-મનોયોગ પર અનુશાસન કરે, ઉપાધ્યાય પદ-વચનયોગને વિશુદ્ધ કરે અને સાધુ-સાધ્વીજી પદ-આપણી ચંચળતાને સંયમિત કરે. આવો શ્રેષ્ઠ નમરકાર મહામંત્ર માત્ર જૈનો સુધી સીમિત મંત્ર નથી, એ તો universal મંત્ર છે. કારણ કે, તેમાં કોઈ વ્યક્તિને નમસ્કાર નથી પરંતુ દુનિયામાં જેટલા ગુણવાન વ્યક્તિ છે તે સર્વને નમસ્કાર છે. માટે જ, World Navkar Dayના દિવસે દર વર્ષે સમસ્ત વિશ્વના કરોડો ભાવિકો નમસ્કાર મહામંત્રની સમૂહ સાધનામાં હૃદયના ભાવથી જોડાય છે અને એક જ સમયે, એક સાથે સમૂહમાં નમસ્કાર મહામંત્રનો દિવ્યનાદ વિશ્વભરમાં ગૂંજી ઊઠે છે, પંચપરમેષ્ઠિને સમૂહમાં નમસ્કાર થાય છે. સામુદાનિક નમસ્કાર મહામંત્રના ઉદ્ઘોષથી સામુદાનિક ધર્મ સાધના થાય છે, જે સામુદાનિક કર્મોનો ક્ષય કરાવે છે. સમૂહમાં એક જ સમયે ગૂંજતો મંત્રધ્વનિ અને એમાંથી પ્રગટતી મંત્રની ઊર્જાના દિવ્ય પરમાણુઓ વિશ્વમૈત્રી અને વિશ્વશાંતિની ક્ષમતા ધરાવનાર હોય છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૪-૦૩-૨૦૨૫ સોમવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અજબ રાત ની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી ઉંધીયું)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃઆજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (જીવન વીમા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૫-૦૩-૨૦૨૫ મંગળવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા(પૂ.મોરારી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૨૫-૩-૨૦૨૫ મંગળવાર

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ**: ૧૯૪૬
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** ફાગણ વદ અગીયારસ પાપ મોચીની એકાદશી
**નક્ષત્ર** શ્રવણ
**યોગ** શિવ **કરણઃ** બવ
**સુર્યોદય** ૬.૪૬ **સુર્યાસ્તઃ** ૭.૦૦
**ચંદ્ર રાશી** મકર
**રાશિ અક્ષર** ખ.જ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૦ થી ૧.૧૮

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૧૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | | ૪ | | | | |
| | ૩ | ૪ | ૭ | | ૯ | | | |
| ૬ | | | | | ૮ | | ૯ | ૪ |
| | | ૫ | | ૩ | | | ૮ | |
| ૪ | ૮ | | ૯ | ૭ | | | | ૨ |
| | ૬ | ૩ | | | ૧ | | ૭ | ૫ |
| | | | | | ૩ | ૧ | | |
| | ૯ | ૬ | | ૧ | | ૮ | | |
| ૧ | ૪ | | | | ૭ | ૨ | | ૯ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૧૧૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | ૩ | ૯ | ૪ | ૬ | ૮ | ૭ | ૨ |
| ૭ | ૮ | ૬ | ૧ | ૨ | ૫ | ૩ | ૪ | ૯ |
| ૯ | ૨ | ૪ | ૮ | ૭ | ૩ | ૧ | ૫ | ૬ |
| ૧ | ૭ | ૮ | ૨ | ૫ | ૯ | ૪ | ૬ | ૩ |
| ૬ | ૫ | ૯ | ૪ | ૩ | ૮ | ૭ | ૨ | ૧ |
| ૪ | ૩ | ૨ | ૭ | ૬ | ૧ | ૫ | ૯ | ૮ |
| ૮ | ૬ | ૧ | ૫ | ૯ | ૭ | ૨ | ૩ | ૪ |
| ૨ | ૯ | ૫ | ૩ | ૮ | ૪ | ૬ | ૧ | ૭ |
| ૩ | ૪ | ૭ | ૬ | ૧ | ૨ | ૯ | ૮ | ૫ |

## આવતીકાલનું રાશિફળ

### તા.૨૫.૩.૨૦૨૫, મંગળવાર, સંવંત ૨૦૮૧, ફાગણ વદ અગિયારસ, શ્રવણ નક્ષત્ર, સિદ્ધ યોગ, બાલવ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ મકર (ખ,જ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : નાની નાની ખુશી પ્રાપ્ત કરી શકો, પરિવાર સાથે આનંદ માણી શકો,મુસાફરી થાય,શુભ દિન.

**વૃષભ** (બ,વ,ઉ) : તમારા વિચારોને અમલમાં મૂકી શકો, ભાઈ ભાંડુ સુખ સારું રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**મિથુન** (ક,છ,ઘ) : કાર્યમાં એક નવી શરૂઆત થતી લાગે, તમારા સૌમ્ય વાણી વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, શુભ દિન.

**કર્ક** (ડ,હ) : ઘણા વણઉકેલ પ્રશ્નોના જવાબ આજે મેળવી શકશો, આજના દિવસે તમામ મોરચે તમે સારી રીતે આગળ વધી શકો.

**સિંહ** (મ,ટ) : કોઈ બાબતને અહમનો પ્રશ્નના બનાવવો, વાદ વિવાદથી દૂર રહેવું, મતભેદ નિવારવા સલાહ છે, મધ્યમ દિવસ.

**કન્યા** (પ,ઠ,ણ) : અંગત લોકો અને સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.દિવસ સારો રહે.

**તુલા** (ર,ત) સ્રીવર્ગ પોતાની પતિભા બતાવી શકે, વેપારીવર્ગ ને મધ્યમ રહે, નોકરિયાત વર્ગની પ્રગતિ થાય.

**વૃશ્ચિક** (ન,ય) : યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : જે બાબત વિચારી હોય તે બનતી જોવા મળે, દૂર દેશથી સારા સમાચાર મળે, જુના મિત્રોને મળવાનું થાય.

**મકર** (ખ,જ) : સામાજિક રીતે આગળ વધી શકો, જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.

**કુંભ** (ગ,સ,શ) : ખાવા પીવામાં પરેજી રાખવી જરૂરી બને છે, તબિયતની કાળજી લેવી, વધુ પડતી દોડધામ નિવારવા સલાહ છે.

**મીન** (દ,ચ,ઝ,થ) : વિદ્યાર્થીવર્ગને એકાગ્રતા રહે, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, શુભ દિન.

# ૧૦૦ કલાકનો એજન્ડા: ૮૭૬ પાંજરે પુરાયા, આઠને હદપાર અને ત્રણ પાસા તળે ધકેલવા દરખાસ્ત

## પાંચ ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર ફેરવી દેવાયું, ૯૦ વિજચોરોને ઝડપી લઈ કનેક્શન કટ કરી દેવાયા



### સીપી બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, સજ્જનસિંહ પરમાર અને જગદીશ બંગરવાના માર્ગદર્શનમાં શહેર પોલીસે કરેલી કાર્યવાહીથી ગુનેગારોમાં ફફડાટ

**અબતક, રાજકોટ**

રાજ્ય પોલીસ વડા દ્વારા ૧૦૦ કલાકનો એજન્ડા જાહેર કરી તાત્કાલિક અસરથી અસામાજિક તત્વોની યાદી તૈયાર કરી આકરા પગલા લેવાની સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને રાજકોટ શહેર પોલીસ દ્વારા ૧૦૦ કલાકના એજન્ડા દરમિયાન ૮૭૬ ઈસમોના અટકાયતી પગલા લેવામાં આવ્યા હતા. ઉપરાંત આઠ શખ્સોની હદપારી જ્યારે ત્રણ શખ્સોને પાસા તળે ધકેલવા દરખાસ્ત કરવામાં આવી હતી.

શહેર પોલીસ દ્વારા ૮ ખનન માફિયા વિરુદ્ધ પણ કાર્યવાહી કરવામાં આવી હતી જ્યારે પાંચ ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું અને ૯૦ વીજચોરોને ઝડપી લઈ તેમના ગેરકાયદે કનેક્શન કટ કરી શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા હતા.

**શહેર પોલીસે કરેલી કામગીરીનું સરવૈયું**

| તારીખ | પાસા દરખાસ્ત | હદપારી દરખાસ્ત | અટકાયતી પગલા | ખનન માફીયા વિરૂધ્ધ પગલા | ડિમોલિશન | વિજચોરી |
|---|---|---|---|---|---|---|
| ૧૮ માર્ચ | ૦૨ | ૦૧ | ૧૪૮ | ૦૫ | ૦ | ૦ |
| ૧૯ માર્ચ | ૦ | ૦૧ | ૧૩૭ | ૦ | ૦૧ | ૦૬ |
| ૨૦ માર્ચ | ૦ | ૦૫ | ૧૬૩ | ૦ | ૦૭ | ૨૬ |
| ૨૧ માર્ચ | ૦ | ૦૧ | ૨૩૦ | ૦૨ | ૦૧ | ૪૭ |
| ૨૨ માર્ચ | ૧ | ૦૧ | ૧૯૮ | ૦૧ | ૦૧ | ૧૧ |
| કુલ | ૦૩ | ૦૮ | ૮૭૬ | ૦૮ | ૦૫ | ૯૦ |

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી સજ્જનસિંહ પરમાર અને ડીસીપી ઝોન ૨ જગદીશ બંગરવાના માર્ગદર્શન હેઠળ રાજ્ય પોલીસ વડાએ આપેલ ૧૦૦ કલાકના એજન્ડા હેઠળ શહેર પોલીસ દ્વારા શહેરના કુલ ૭૫૬ અસામાજિક તત્વોની યાદી તૈયાર કરી ગુનેગારો પર ધોંસ બોલાવવામાં આવી હતી શહેર પોલીસ દ્વારા પાંચ દિવસમાં અસામાજિક તત્વો વિરુદ્ધ કરવામાં આવેલી કાર્યવાહી અંગે મળતી વિગત મુજબ શહેર પોલીસ દ્વારા પાંચ દિવસ દરમિયાન કુલ ૮૭૬ શખ્સોના અટકાયતી પગલાં લેવામાં આવ્યા હતા.

આ ઉપરાંત પાંચ દિવસ દરમિયાન શહેર પોલીસ દ્વારા કુલ ત્રણ શખ્સોને પાસા તળે ધકેલવાની દરખાસ્ત જ્યારે આઠ શખ્સોની હદપારીની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. પોલીસ દ્વારા અલગ અલગ વિભાગ સાથે સંકલનમાં રહી કરવામાં આવેલી કામગીરી અંગે જો વાત કરવામાં આવે તો ખનીજ વિભાગ સાથે સંકલનમાં રહી શહેર પોલીસ દ્વારા ૮ ખનન માફિયાઓ વિરુદ્ધ આકરા અને શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા હતા.

ઉપરાંત શહેર પોલીસની ટીમે કુલ ૧૫૭ ગેરકાયદે બાંધકામની યાદી કરી મહાનગરપાલિકા સાથે સંકલન કરતા હાલ સુધીમાં પાંચ ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યા હતા. જ્યારે અન્ય બાંધકામોની ખરાઈ ચાલુ હોય આ બાંધકામો જો ગેરકાયદે જણાઈ આવશે તો તેની ઉપર પણ બુલડોઝર ફેરવી દેવામાં આવશે.

આ સિવાય પોલીસ દ્વારા પીજીવીસીએલ તંત્ર સાથે સંકલન કરી કુલ ૧૪૭ ગેરકાયદે વીજ કનેક્શન અંગે ખરાઈ શરૂ કરવામાં આવી હતી. જે પૈકી ૯૦ વીજ કનેક્શન ગેરકાયદે જણાઈ આવતા આ કનેક્શન કાપી વીજ ચોરો વિરુદ્ધ દંડનીય પગલા લેવામાં આવ્યા હતા.

# નગરપીપળીયાના આંગણે વડ઼ી માતાજીના મંદિરની ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી

## શ્રી વડ઼ી માતાજી તથા શ્રી જહુકલી માતાજી તથા શ્રી ચડ઼ી માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ કરાય: નગરીયાત્રા, સ્વય પૂજા ,આરતી, પ્રસાદ, ધ્વજારોહણ સહિતના ત્રિ દિવસીય કાર્યક્રમની વણજાર: આજે સાંજે અલ્પનાબેન પટેલ યોગીતાબેન પટેલ અને મનસુખભાઈ વસોયા નો લોક ડાયરો










**અબતક, રાજકોટ**

નગરપીપળીયા મુકામે જાગનાથ મહાદેવ ના સાનિધ્યમાં શ્રી વડ઼ી માતાજી તથા શ્રી જહુકલી માતાજી તથા શ્રી ચડ઼ી માતાજીની ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સવારથી જ પંચાગ- કર્મ ,મંડપ પ્રવેશ ,મંડપ વાસ્તુ, કુટીર હોમ ,સ્થાપિત પૂજન, પૂજા આરતી પ્રસાદ , પૂજન, નગરયાત્રા, શાંતિક પૌષ્ટિક હોમ તેમજ મહાસનપન મહાભિષેક વિધિ, ન્યાસ વિધિ ધન્યાધિવાસ સ્વયમ પૂજા આરતી પ્રસાદ નગરયાત્રા ધામધૂમથી નીકળી હતી તેમજ

(અનુ. આઠમા પાને)

अब तक CHANNEL
આજે રાત્રે નિહાળો ભવ્ય સંતવાણી-ડાયરો અબતક ચેનલ તથા ડિજીટલ પ્લેટફોર્મ પર

# ફળોની રાણીનું બજારમાં આગમન: હાફૂસ અને રત્નાગીરી કેરીના કિલોના રૂ.૬૦૦ બોલાય

## તાલાળા ઉના પંથકનીકેસર કેરી એપ્રિલ સુધીમાં બજારમાં આગમન થશે





તસવીર: દર્શન વાડોલિયા







**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રની ફળબજારો કેસર કેરીની સુગંધથી મહેકી ઉઠી છે. ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં ઉના પંથકની કેસરથી કેસરીયો રંગ થોડી વાર છે તાલાલાની મેંગો માર્કેટ વિશ્વ પ્રસિધ્ધ છે પણ આ વર્ષે ફાલ મોડો છે એટલે એપ્રિલના અંતે યાર્ડ ચાલુ થશે. સમગ્ર સૌરાષ્ટ્રમાં અને અમદાવાદ સુધી કેસર પહોંચતા થોડી વાર લાગશે પછી ફળબજારોમાં કેસરની સુગંધ પ્રસરી જશે. કાચી કેસર કેરીનો ભાવ ૨૦ કિલોએ રૂ. ૧૨૦૦ સુધી બોલાય છે. કિલોના ભાવ ૪૫ થી ૫૫ સુધીના બોલાય રહ્યા છે. અત્યારે દેવગઢ રત્નાગીરીની હાફૂસ કેરી નું વધુ વેચાણ થઈ રહ્યું છે,હાફૂસ કેરીનો ભાવ ૧૫૦ થી ૨૫૦ રૂપિયા સુધીના હોલેસલેમાં ચાલે છે, લાલ બાગ ૧૦૦થી લઈ ૧૫૦ સુધી છે ,બદામનો ભાવ ૮૦ થી લઈ ને ૧૨૦ રૂપિયા સુધી અને બદામ કેરી રસ માટે સારી છે.

### હાફૂસ કેરીના ૨૫૦૦ જેટલા બોક્સ આવક: કિશોરભાઈ



અબતક સાથેની વાતચીતમાં વી .એમ ફ્રુટવાળા કિશોરભાઈ જણાવ્યું હતું કે હાફૂસ કેરીના ૨૫૦૦ જેટલા બોક્સની આવક થઈ છે ગત વર્ષ કરતા ૨૫% ઓછી છે,ભાવમા કઈ ફેરફાર જોવા મળ્યો નથી હાલના સમયમાં હાફૂસ કેરી સિવાય અન્ય કેરી આવી નથી હાફૂસ કેરીને લોકો વધુ પસંદ કરે છે તેમજ કેસર કેરી ૧૫ દિવસ પછી આવવાની ચાલુ થશે એવું અનુમાન લગાવવામાં આવ્યું છે, અમારી સ્ટોરમાં કેરી ડાયરેક્ટ રત્નાગીરી દેવગઢ મહારાષ્ટ્ર થી મંગાવવામાં આવે છે .તોતા કેરી હજી ૧.૫ મહિના પછી આવવાનું શરૂ થશે અમારી સ્ટોરમાં કેરીની ગુણવત્તા જાળવવામાં આવે છે.

### રત્નાગીરીની હાફૂસ કેરીનું વધુ વેચાણ: સાહિલભાઈ



અબતક સાથેની વાતચીતમાં અલ્પના ફ્રુટ સેન્ટરના સાહિલભાઈએ જણાવ્યું હતું કે કેસર કેરી હાફૂસ બદામ લાલબાગ સહિતની કેરીઓનું આગમન થઈ ચૂક્યું છે અત્યારે દેવગઢ રત્નાગીરીની હાફૂસ કેરી નું વધુ વેચાણ થઈ રહ્યું છે,હાફૂસ કેરીનો ભાવ ૧૫૦ થી ૨૫૦ રૂપિયા સુધીના હોલેસલેમાં ચાલે છે, લાલ બાગ ૧૦૦થી લઈ ૧૫૦ સુધી છે ,બદામ નો ભાવ ૮૦ થી લઈ ને ૧૨૦ રૂપિયા સુધી અને બદામ કેરી રસ માટે સારી છે અમારી પેઢી ને ૩૦ વર્ષ થી વેપાર કરીયે છીએ અમારે ત્યાં માલ બોમ્બે અમદાવાદ થી આવે છે.

### ગત વર્ષ કરતા કેરીના ભાવ ૧૫૦થી ૨૦૦નો વધારો: આવેશભાઈ



અબતક સાથેની વાતચીતમાં ફેમસ સિઝન સ્ટોરના આવેશભાઈ જણાવ્યું હતું કે છેલ્લા ૬૦ વર્ષથી અમે કેરીનો વેપાર કરીએ છીએ,આ વખતે કેસર કેરી ની આવક ઓછી છે અમારી સ્ટોરમાં મહારાષ્ટ્ર અમદાવાદ તાલાલા થી કેરીઓ મંગાવવામાં આવે છે રત્નાગીરી ની હાફૂસ કેરી લોકપ્રિય છે, પાકી કેરીનો ભાવ ૬૦૦ થી ૭૦૦ સુધી નો ભાવ છે તેમજ કાચી કેરીનો ભાવ ૫૦૦૦ થી ૬૦૦૦ સુધીની પેટી છે.આ વર્ષમા કેરી મા ભાવ વધારો ૧૫૦ થી ૨૦૦ રૂપિયા સુધી નો વધારો છે.

### આગામી સમયમાં કેરીની આવક વધશે તો ભાવમાં પણ ઘટાડો નોંધાશે: મુકેશભાઈ



અબતક સાથેની વાતચીતમાં બાલાજી ફ્રુટ કંપનીના મુકેશભાઈ જણાવ્યું હતું કે,અમે ૩૫ વર્ષથી કેરીનો ધંધો કરીયે છીએ, અમે હોલસેલનું કામ છેલ્લા ૧૫ વર્ષથી કરીએ છીએ . કેરીમા રત્નાગીરી, હાફૂસ ,લાલબાગ ,તોતા ,કેસર અને નીલમ જેવી કેરી આવે છે ગત વર્ષ કરતા આ વર્ષે કેરીની આવક ઓછી છે અમારો માલ સૌરાષ્ટ્ર-કચ્છમા જાય છે કેસર કેરીની આવક ૨૦ ટકા છે હાફૂસ કેરીના ૩૦૦૦ થી લઈ ૮૦૦૦ ના બોક્સ ઉપલબ્ધ છે આગામી સમયમાં કેરીની આવક વધશે તો ભાવમાં પણ ઘટાડો નોંધાશે તેવું અનુમાન લગાવવામાં આવેલ છે .આ વખતે કેરી માટે વાતાવરણ અનુકૂળ ન હોવાથી કેરીના પાકમાં ઘટાડો નોંધાશે.

# જે ડી એફને રિસર્ચ સેન્ટર માટે ૧૪ કરોડની બે એકર જગ્યાનું અનુદાન કરતા મોટીવેશનલ સ્પીકર હિરેન મહેતા

## જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન દ્વારા ''જાગૃતિથી સશક્તિકરણ'' કાર્યક્રમમાં દાતાની દિલારીથી જોળી ભરાઈ

**અબતક,રાજકોટ**

જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન દ્વારા કિડની દિવસ નિમિત્તે જાગૃતિથી સશક્તિકરણ એવેરનેસ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ટાઈપ વન ડાયાબિટીસમાં કિડનીની સંભાળ કઈ રીતે રાખવી તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમ નો પ્રારંભ કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં સાંસદ પરસોતમ રૂપાલા પ્રખ્યાત સાહિત્યકાર કીર્તીદાન ગઢવી તેમજ મોટીવેશનલ સ્પીકર હિરેન મહેતા, ફાલ્કન પંપ ના મોભી કમલનયન સોજીત્રા, અજયભાઈ લોરીયા,જયદીપભાઈ ફળદુ, અરૂણભાઈ પટેલ સૂર્યકાંતભાઈ પટેલ, ભરતભાઈ શાહ, અમિતભાઈ શિયાણી, હાર્દિકભાઈ ચૌહાણ, રમેશભાઈ પટેલ, વિવેકભાઈ જોશી, જયેશભાઈ ઝવેરી,કીર્તિ કુમાર ઉપાધ્યાય, પરેશભાઈ રૂપારેલીયા ડો પ્રદીપ કણસાગરા,નાનુભાઈ મકવાણા, દિલીપભાઈ સખીયા તેમ જ અશોકભાઈ મિસ્ત્રી,વસંતભાઈ સેજપાલ,વિશાલભાઈ પોપટ, અમરકુમાર તલવરકર, વિનોદભાઈ

(અનુ. આઠમા પાને)

### જેડીએફમાં ટાઈપ વન બાળકો માટે પગભર થઈ શકે ત્યાં સુધીના તમામ પ્રયત્નો કરવામાં આવે છેઃ અપૂલભાઈ દોશી

આ કાર્યક્રમમાં જુવેનાઈલ ડાયાબિટીસના પ્રણેતા અપુલભાઈ દોશીએ એ ત્યાં ઉપસ્થિત તમામ મહેમાનોનું સ્વાગત કર્યું હતું તેમ જ આ વર્ષની કિડની દિવસની ઉજવણી ના ભાગરૂપે એક અનોખી થીમ આપવામાં આવી હતી ''શું તમારી કિડની ઠીક છે '' અત્યારે જે ડાયાબિટીસ સાથે જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશનમાં બાળકોની સંખ્યા ૨૧૦૦ છે જ્યારે અમુક અંગત કારણો ને લઈને આમાં જોડાઈ શક્યા નથી એવું પણ છે આંકડો તો આનાથી ઘણો મોટો છે જે ડી એફ દ્વારા આવા બાળકોને તમામ જરૂરિયાત પૂરી કરી શકે તે માટેના પ્રયત્નો કરવામાં આવે છે અને વર્ષમાં સાત કાર્યક્રમો કરવામાં આવે છે જેમાં મેગા ચેકઅપ તે આંખ કાન ચેકઅપ તેમજ પિકનિક કરતા હોય છે તેમજ આવા બાળકો મોટા થાય ત્યારે તેમને આર્થિક પગભર થવામાં પણ જે ડી એફ સહયોગ કરે છે

(અનુ. આઠમા પાને)



### જ્યાં સુધી જેડીએફ હોસ્પિટલ નહીં બને ત્યાં સુધી મારી કોલેજનું નિર્માણ નહીં કરૂંઃ મોટીવેશનલ સ્પીકર હિરેનભાઈ મહેતા

આ તકે મોટીવેશનલ સ્પીકર હિરેનભાઈ મહેતાએ જણાવ્યું હતું કે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બે એકર જગ્યા જગ્યા જે ડી એફ ને અર્પણ કરવામાં આવી હતી અને તેની પર હોસ્પિટલ બનાવવા માટે જીડીએફ પરિવારને સમર્પિત કરી હતી જેની કિંમત ૧૪ કરોડ છે જ્યાં સુધી જે ડી એફ હોસ્પિટલ નહીં બને ત્યાં સુધી હું મારી કોલેજ નહીં બનાવવું કે એન મહેતા ટ્રસ્ટના પ્રણેતા નું સન્માન કરવામાં આવ્યું હતું તેમના અનુદાનથી કે એન મહેતા ટ્રસ્ટ સંસ્થા ના પ્રણેતા સહિતના ભૂલકાઓમાં એક આનંદની લહેર પ્રસરી હતી તેમજ હિરેનભાઈ જણાવ્યું હતું કે આપણે તમામ બાળકોએ મારી ઉણપ એ જ મારી તાકાત બની રહેવી જોઈએ ખાસ કરીને નેગેટિવ ઉર્જા છોડી અને પોઝિટિવ ઉર્જા તરફ વળવું તેમજ તેમણે કહ્યું હતું કે મારી ક્યાંય તકતીમાં નામ પણ નથી જોઈતું

**સાંસદ પરસોતમ રૂપાલા, સાહિત્યકાર કીર્તીદાન ગઢવી, મોટીવેશનલ સ્પીકર હિરેન મહેતા ફાલ્કન પંપના મોભી કમલ નયન સોજીત્રા સહિતના મહાનુભાવો ઉપસ્થિત**

# ગીરગંગા ટ્રસ્ટ દ્વારા જળ સંચય જાગૃત્તિ અભિયાનઃ મહારેલીમાં વિદ્યાર્થીઓ જોડાયા

**અબતક, રાજકોટ**

બે મહિના પછી વરસાદની શરૂઆત થવાની શક્યતા હોય તેની પહેલા લોકો યોગ્ય રીતે વરસાદના પાણીને જતન કરી શકેતેવા હેતુથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ અને સમાજના જીવદયા પ્રેમીઓ, ઉદ્યોગપતિઓ, દાતાઓ અને સ્કૂલ/ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વરસાદી પાણીનું યોગ્ય જતન થાય તેવા બેનરો, સ્લોગન અને સૂત્રોચારથી ભવ્ય રેલીનું આયોજન કરેલ.




ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વિશ્વ જળ દિવસની ઉજવણી રાજકોટ બહુમાળી ભવન પાસે સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ પાસે સભાનું આયોજન કરેલ જેમાં ગુજરાત બીજેપી ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા દ્વારા જણાવેલ કે, પ્રધાનમંત્રીના વિચારોને વેગ આપવા જે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ કામ કરી રહ્યું છે. ત્યારબાદ રેલીને ફ્લેગ ફરકાવી અને રેલીનું પ્રસ્થાન કરેલ બહુમાળી ભવનથી નીકળી જિલ્લા પંચાયત ચોક કિસાનપરા ચોક બાલભવનચોક, એરપોર્ટ રોડ, રેસકોર્સ ખાતે સમાપન કરવામાં આવેલ.

વરસાદી પાણીનું યોગ્ય જતન થાય તેવા હેતુથી રેલીનું આયોજન કરેલ જેમાં રાજકોટની ગીતાંજલિ કોલેજ, ક્રાઈસ્ટ કોલેજ, પી.ડી.માલવિયા કોલેજ, વિરાણી સ્કૂલ, સર્વોદય સ્કૂલ, સ્વસ્તિક સ્કૂલ, ધ સ્કૂલ ઓફ સાયન્સ, પ્રતિષ્ઠિત સ્કુલ કોલેજના વિદ્યાર્થી અને શિક્ષકોએ ભાગ લીધેલ.

જાહેર જનતામાં જળ સંરક્ષણ વિશે જન જાગૃતિ લાવવા ગીરગંગા પરિવાર ટ્રસ્ટ કાર્ય કરી રહ્યું છે. સમગ્ર ગુજરાતમાં સંપૂર્ણ લોકભાગીદારીથી પૃથ્વીના સમગ્ર જીવસૃષ્ટિના રક્ષણ માટે જમીનના તળમાં બોર-કુવામાં વરસાદી મીઠા પાણીનાં તળ ઊંચા લાવવા, માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા અનેક ચેકડેમ રીપેરીંગ ઊંચા, ઊંડા તેમજ નવા બનાવવામાં આવેલ છે. તથા અમારી સંસ્થા દ્વારા બોર રિચાર્જની પ્રક્રિયા પણ કરવામાં આવે છે. ઉપરાંત ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૧,૧૧૧ ચેકડેમ તૈયાર કરવા તથા ૧૧,૧૧૧ બોર રીચાર્જ કરવાનો સંકલ્પ કરવામાં આવેલ છે.

આ રેલીમાં ગુજરાત બીજેપી ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, રાજકોટ શહેર બીજેપી પ્રમુખ ડો.માધવભાઈ દવે, રાજકોટ કોર્પોરેશન ટીપી ચેરમેન ચેતનભાઈ સુરેજા, રાજકોટ બીજેપી મંત્રી અશ્વિનભાઈ મોલિયા, એડવેન્ચર નેચરલ કલબ ભરતભાઈ સુરેજા, શૈલેશભાઈ જાની (ગીતાંજલિ કોલેજ), ગૌરવભાઈ પટેલ સહિતના ભાઈઓ તથા બહેનો જોડાયા હતા.

**જળ દિવસની ઉજવણીમાં ગુજરાત બીજેપી ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા સહિત રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા**

# ગુરૂકુળના સંસ્કારો જાળવી માતાપિતાની સેવા કરજોઃ શાસ્ત્રી માધવપ્રિયદાસ

## એસજીવીપી હોસ્ટેલમાં રહેતા ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો સમાવર્તન સંસ્કાર કાર્યક્રમ યોજાયો



**અબતક,રાજકોટ**

એસજીવીપી હોસ્ટેલમાં રહેતા ધો.૧૦ ના ૭૦ વિદ્યાર્થીઓ અને ધો.૧૨ના ૪૦ વિદ્યાર્થીઓની પરીક્ષા પૂર્ણ થતા હોસ્ટલ સંચાલક શાસ્ત્રી કુંજવિહારીદાસ સ્વામીની આગેવાની નીચે અને શાસ્ત્રી માધવપ્રિયદાસ સ્વામી ની ઉપસ્થિતિમાં સમાવર્તન સંસ્કાર યોજાયો હતો.

આ પ્રસંગે શાસ્ત્રી માધવપ્રિયદાસ સ્વામીએ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપતા જણાવ્યું હતુ કે તમે ગુરુકુલમાં રહીને જે સંસ્કાર મેળવેલ છે તે જાળવી રાખજો. માતા પિતાની આજ્ઞામાં રહેજો. અને તેની સેવા કરજો. ગમે તેવી મુશ્કેલી આવે તો પણ મૂંજાશો નહી ધીરજ રાખજો. ભગવાનને ભૂલશો નહીં. ન્યાય, નીતિ અને

(અનુ. આઠમા પાને)

### આઈટીઓ દ્વારા

# કડવીબાઈ વીરાણી વિદ્યાલયના આચાર્ય વર્ષાબેન ડવને શ્રેષ્ઠ પ્રિન્સિપાલ એવોર્ડ એનાયત

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની નામાંકિત સંસ્થા શ્રી કડવીબાઈ વિરાણી કન્યા વિદ્યાલયના આચાર્ય વર્ષાબેન ડવને આઈટીઓ દ્વારા મુંબઈ ખાતે શ્રેષ્ઠ પ્રિન્સિપાલનો એવોર્ડ એનાયત કરવામાં આવેલ. ભારતના જુદાં-જુદાં રાજ્યો મહારાષ્ટ્ર, તામિલનાડુ, ઉત્તરપ્રદેશ, કેરળ, કર્ણાટક, ત્રિપુરાના સીબીએસઈ કે આઈબી બોર્ડના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ આ ઈન્ડિયન ટેલેન્ટ ઓલ્પેઈડની પરીક્ષાઓ આપી સારા ગુણથી નંબર મેળવતા હોય છે. ત્યારે સંસ્થાની ગુજરાતી માધ્યમની બહોળી સંસ્થામાં વિદ્યાર્થીનીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધેલ અને તેમાં સારા ગુણ મેળવી ઉચ્ચ નંબર




મેળવેલ. જેના અનુસંધાને આઈટીઓ દ્વારા શ્રેષ્ઠ પ્રિન્સિપાલનો એવોર્ડ આપવામાં આવે છે. જે વર્ષ ૨૦૨૪-૨૫ માટે આઈટીઓના ચેરમેન પી.ટી. ઉષા, પ્રથમ મહિલા આઈપીએસ અધિકારી ડો.કિરણ બેદીજી તથા ઓલમ્પિક મેડલ ટેનિસ ખેલાડી વિજેતા સાનિયા નેહવાલના હસ્તે સંસ્થાના આચાર્યા વર્ષાબેન ડવને આ બહુમાનથી સન્માનિત કરવામાં આવેલ. જે માટે સંસ્થા ગર્વની લાગણી અનુભવે છે. સંસ્થાના ટ્રસ્ટીઓ, નિયામક હીરાબેન માંજરિયા તથા સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# કલ્યાણ માટે તપ એકલું કામ નહિ લાગે પણ સ્વરૂપનિષ્ઠા, આશરો અગત્યઃ શ્રીજીકીર્તનદાસ સ્વામી

**અબતક,રાજકોટ**

'આર્ષ' શોધ સંસ્થાન અક્ષરધામ ગાંધીનગર દ્વારા વિશ્વવંદનીય સંત પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને મહંતસ્વામી મહારાજના કૃપાશિષ હેઠળ છેલ્લા ૨૭ વર્ષથી ગંગાના પ્રવાહની જેમ વહેતી આર્ષ પ્રવચનમાળામાં ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિવિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર - વિષય આવરી ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. આ ક્રમ અંતર્ગત શાસ્ત્ર વિષયક નિષ્કુળાનંદ કાવ્ય - ૯, હરિબળગીતા વિષય પર ૧૦૯માં પ્રવચનનું આયોજન તા. ૨૨-૩-૨૦૨૫ના રોજ સાંજે ૪.૩૦ થી ૭.૦૦ સમય




દરમ્યાન અક્ષરધામ, હરિમંદિર, સભાગૃહ ખાતે યોજાયું હતું. આ પ્રસંગે સંત તાલીમ કેન્દ્ર, સારંગપુરના અધ્યાપક સંત અને વિદ્વાન વક્તા શ્રીજીકીર્તનદાસ સ્વામીએ વક્તવ્યનો લાભ આપ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. પ્રવચનમાં ૧૨૦૦ થી પણ વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.શ્રીજીકીર્તનદાસ સ્વામીએ હરિબળગીતા વિષયક વાત કરતા સૌ પ્રથમ જણાવ્યું હતું કે, ભારતની ભૂમિ અધ્યાત્મની ભૂમિ છે. અહીં વારંવાર અવતારો પ્રગટ થતા રહ્યા છે. એ જ અવતાર પરંપરામાં ભગવાન સ્વામિનારાયણ પ્રગટ્યા અને સાથે નંદસંતમાળ પણ પ્રગટ થઈ. તેમાં એક હતા નિષ્કુળાનંદ સ્વામી.નિષ્કુળાનંદ સ્વામીમાં કાષ્ઠ કળા, શિલ્પ કળા કુદરતી હતી. નિષ્કુળાનંદ સ્વામીએ સાહિત્યમાં જે પ્રદાન કર્યું છે તેની મોટા મોટા સાહિત્યકારો, વિદ્વાનોએ પણ નોંધ લીધી છે. લાઘવતા તેમની વિશેષતા હતી. થોડા શબ્દોમાં ઝાઝુ કહી દેવાની કળા હતી. તેઓ કોઈપણ એક વિષયને અલગ-અલગ દૃષ્ટિકોણથી અને ઐતિહાસિક રીતે મૂલવી શકે છે. ધીરજ આખ્યાન અને હરિસ્મૃતિ આ બંને ગ્રંથો તેમણે એક શબ્દના ગુણ ઉપર લખ્યા છે. નિષ્કુળાનંદ સ્વામીનું સાહિત્ય ભગવાન સ્વામિનારાયણની ચમત્કૃતિ જ છે. ૭૬ વર્ષની પ્રૌઢ અવસ્થાએ પોતાના ૩૨ વર્ષના સાધુ જીવનના અનુભવના નિચોડ સમાન સંવત ૧૮૯૮ શરણાગતિ પ્રધાન 'હરિબળગીતા' ગ્રંથની રચના કરેલ છે. ગીતા એટલે કોઈ પણ તત્વજ્ઞાનનો બોધ આપે તે ગીતા કહેવાય.

# વોર્ડ નં.૫ની શાળાઓમાં વ્હીલવાળા ડસ્ટબીનનું વિતરણ કરતા ધારાસભ્ય કાનગડ

## શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, પૂર્વ ડેપ્યૂટી મેયર વલ્લભભાઈ દુધાત્રા, શાળા સંચાલકો સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા

**અબતક, રાજકોટ**

સામૂહિક એકતા અને દ્રઢતાનું પ્રદર્શન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાન એક જન આંદોલન બની ગયું છે અને સ્વચ્છતા અભિયાનમાં મોટી સંખ્યામાં જન ભાગીદારી જોવા મળી રહી છે ત્યારે રાજ્યમાં સ્વચ્છતાને છેવાડાના ગામ સુધી પહોંચાડવા માટે હાથ ધરાયેલા નિર્મળ ગુજરાત અભિયાનને સફળ બનાવવા મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ દ્વારા વિવિધ પગલાઓ ભરવામાં આવી રહ્યા છે. ત્યારે વિધાનસભા-૬૮-રાજકોટ, વોર્ડ-૫માં રાજકોટ



મહાનગરપાલિકા દ્વારા વોર્ડ-૫(એ)ની વોર્ડ ઓફિસ, રણછોડદાસજી બાપુના આશ્રમ સામે, કુવાડવા રોડ ખાતે ધારાસભ્ય ઉદય કાનગડની ગ્રાન્ટમાંથી શાળાઓમાં વ્હીલવાળા મોટા ડસ્ટબીન વિતણરનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો પ્રારંભ ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા કરાવ્યો હતો. આ તકે શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા, શહેર ભાજપ મંત્રી ભગવતીબેન ધરોડીયા, શિક્ષણ સમિતિ સદસ્ય વિરમભાઈ સબાડ, વોર્ડ મહામંત્રી દિનેશભાઈ ડાંગર, અનુ.જાતિ મોરચાના સંજયભાઈ બગડા, બક્ષીપંચ મોરચાના સતીષ સતાપરા, અનિલસિંહ પરમાર, સ્વનિર્ભર શાળા સંચાલકો મેહુલભાઈ પરડવા, કલ્પનાબેન કિયાડા તેમજ વોર્ડ સંગઠનના વિવિધ શ્રેણીના કાર્યકર્તા ભાઈઓ-બહેનો તેમજ શાળા સંચાલકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વીવીપી કોલેજમાં રાજયસ્તરનો ટેકફેસ્ટઃ વિજેતાઓને ૨.૫ લાખના ઈનામો અપાયા

## ફેસ્ટમાં ૩૨૦૦થી વધુ એન્ટ્રીઃ તકનીકી સ્પર્ધાઓએ મોટુ આકર્ષણ જમાવ્યું





**અબતક,રાજકોટ**

ઈન્ડિયન સોસાયટી ફોર ટેકનીકલ એજ્યુકેશન ચેપ્ટર અને વી.વી.પી. એન્જીનીયરીંગના સંયુકત ઉપક્રમે વી.વી.પી.માં રાજયસ્તરનો ટેકફેસ્ટ શૌર્ય-૨૦૨૫ની ભવ્ય ઉજવણી થઈ હતી. જેમાં ૩,૨૦૦થી પણ વધુ એન્ટ્રી આવી હતી. ખાસ કરીને તકનીકી સ્પર્ધાઓએ ખૂબ મોટું આકર્ષણ જમાવ્યું હતું.

ભારતમાં ચાલી રહેલ ''આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ ફોર ઓલ'' થીમ હેઠળ પણ એઆઈ નેકસ્ટ અને સ્કવીડ એ આઈ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. વિદ્યાર્થીઓમાં મિકેનીકલ, ઈલેકટ્રીકલ, કેમિકલ, આઈ.ટી., કોમ્પ્યુટર, ઈ.સી., સિવિલ અને બાયોટેકનોલોજી એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓમાં જે સ્પર્ધાઓએ આકર્ષણ જમાવ્યું હતુ

વિદ્યાર્થીઓએ એલઈડી રેસ, રોબો રેસ, રોબો સોકર, એર બોલ, કેમઓ વર્ડસ, ડોડ રીલે, વિઝન વેન્ચર, આરડુડીનો શો ડાઉન કોડ જીત્સ, ટિક ટેક ટો, ગ્લાઈડ ટુ સોરી વગેરે ૧૧ ગેમમાં પોતાનું કૌવત બતાવ્યું હતુ.

તમામ સ્પર્ધાઓના અંતે વિજેતાઓ જાહેર કરાયા હતા

(અનુ. આઠમા પાને)

## ઓટોપાર્ટ્સના ધંધાર્થીને ૯૭ લાખનો ચૂનો ચોપડવા મામલે

# સાયબર ક્રાઈમે અમરેલી-ભાવનગરથી ચાર એકાઉન્ટ હોલ્ડરને ઝડપી લીધા

### ડિજિટલ ઠગાઈના માસ્ટર માઈન્ડને શોધી કાઢવા ચક્રો ગતિમાન



**અબતક, રાજકોટ**

શહેરના એરપોર્ટ રોડ પર રહેતાં અને નવાગામમાં મારૂતિ કંપનીના ઓટો પાર્ટસનું વેરહાઉસ ચલાવતા વેપારીએ ઈન્સ્ટાગ્રામમાં શેર માર્કેટમાં ઈન્વેસ્ટમેન્ટની રીલ જોયાં બાદ રૂપીયા કમાવવાની લાલચે રૂ.૯૭ લાખ ગુમાવવાનો વારો આવ્યો હતો. જે બાદ સાયબર ક્રાઈમની ટીમે ગણતરીની કલાકોમાં છેતરપીંડીના ગુનામાં ભાવનગર અને અમરેલીથી ચાર એકાઉન્ટ હોલ્ડરોને ઉપાડી લઈ મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા કવાયત આદરી હતી.

બનાવ પર એક નજર કરવામાં આવે તો એરપોર્ટ રોડ પર પેટ્રીયા હોટલ સામે રહેતાં કૂણાલભાઈ જંતીભાઈ ચાદ્રા(ઉ.વ.૪૦)એ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં અલગ અલગ બેંક એકાઉન્ટ ધરાવતા ત્રણ બેંક એકાઉન્ટ ધારકનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગત તા.૨૭ નવેમ્બરના પોતે પોતાના ઈન્સ્ટાગ્રામમાં શેર માર્કેટમાં ઈન્વેસ્ટમેન્ટ બાબતેની રિલ્સ જોઈ રહ્યા હતા ત્યારે એક ઈવેન્ટ કંપનીની જાહેરાત જોઈ હતી. તેમાં આપેલી લીંક પર ક્લીક કરતાં તેની વેબસાઈટ ખુલી ગઈ હતી. ત્યારબાદ એક નંબર પરથી કૃણાલ ચાંદ્રાને ફોન આવ્યો હતો અને ફોન કરનારે ઉપરોકત વેબસાઈટમાં રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ઈન્વેસ્ટમેન્ટ કરવાનું કહેતા કૃણાલ ચાંદ્રાએ રૂ.૨૦ હજારથી શરૂઆત કરી હતી, ત્યાર પછી ટિપ્સ આપી વધુ રોકાણ કરવાથી સારો પ્રોફિટ થશે તેમ જણાવવામાં આવ્યું હતું.

### વિજય ધનવાણીયા જ મુખ્ય સૂત્રધાર? દસેક બેંક એકાઉન્ટ મળી આવ્યા

પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ લાઠીના પીપળવાના વતની વિજય વજુભાઈ ધનવાણીયા ટેલીગ્રામના એક ગ્રૂપ મારફત બેંક એકાઉન્ટ ભાડે શોધી આપી કમિશનથી રૂપીયા કમાવવાની લાલચ મળી હતી. જેથી વિજયે તેના મિત્ર રાજુ ઉર્ફે મેમરીનો સંપર્ક કર્યો હતો. જે બાદ રાજુએ યુવરાજસિંહ અને કિશોરનો સંપર્ક કરી બંનેના નામે બોગસ શ્રી રામ એન્ટરપ્રાઈઝ નામની પેઢી ખોલી નાંખી હતી અને જીએસટી નંબર પણ મેળવી લીધાં હતાં. જે બાદ તે પેઢીના નામે અલગ અલગ બેંકમાં પાંચેક એકાઉન્ટ ખોલી નાંખી તે એકાઉન્ટની વિગત વિજયને આપતાં ખેલ શરૂ થયો હતો. વિજય પાસેથી દસેક એકાઉન્ટ મળી આવ્યાનું પોલીસ સૂત્રો જણાવી રહ્યા છે.

ત્યારબાદ કૃણાલ ચાંદ્રાએ વેબસાઈટના સર્વિસ ઓપ્શનમાં કલીક કરતા એક લીંક ખુલી હતી જેમાં એક મોબાઈલ નંબર હતો. તેમાં રૂપિયા ડિપોઝિટ કરવા માટેના વ્હોટસએપ મેસેજથી બેંકની માહિતી આપવામાં આવતી હતી, જે એકાઉન્ટમાં કૃણાલ ચાંદ્રા ઓનલાઈન આરટીજીએસના માધ્યમથી રકમ જમા કરાવતા હતા. થોડા ટ્રેડિંગ બાદ કૃણાલ ચાંદ્રાને તેના વેબસાઈટ પરના એકાઉન્ટમાં સારો નફો દર્શાવતા હતા, કૃણાલભાઈએ પ્રથમ વખત રૂ.૩ હજાર વિડ્રો કરતા તે રકમ તે મેળવી શક્યા હતા. જેથી તેને વિશ્વાસ બેઠો હતો જેથી તેમણે મોટી રકમનું રોકાણ શરૂ કર્યુ હતું અને ત્યારબાદ તેમણે રકમ વિડ્રો કરવાની કોશિશ કરી તો અલગ અલગ ચાર્જના નામે તેમની પાસે પૈસા જમા કરાવ્યા હતા અને કુલ રૂ.૯૬,૯૬,૭૪૦ જમા કરાવવા છતાં તેમને રકમ પરત મળી નહોતી. પોતાની સાથે સાયબર ફ્રોડ થયાનું સ્પષ્ટ થતાં અંતે પોલીસનું શરણું લીધું હતું, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ દીપક પંડિતે કૃણાલ ચાંદ્રાની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો હતો. પીઆઈ બી બી જાડેજાએ વિશેષ તપાસ શરૂ કરી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડિયા, ડીસીપી કાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહીલ, એસીપી સી.એમ.પટેલ દ્વારા શહેરના નાગરીકો સાથે થયેલ સાયબર ફ્રોડના બનાવમાં આરોપીઓને પકડી પાડવાની સુચનાથી સાયબર ક્રાઈમ પીઆઈ જે.એમ કૈલા, બી.બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ ટેક્નિકલ સોર્સથી તપાસ કરી આરોપી રાજુ ઉર્ફે મેમરી વજુ સોલંકી (ઉ.વ.૩૯),( રહે. લક્ષ્મી બેકરીની સામે, દિપક ચોકની આગળ, મફતનગર, ભીમનગર, ભાવનગર), યુવરાજસિંહ મહેશ મોરી (ઉ.વ.૨૫),( રહે. પ્લોટ નંબર ૧૩/૧૪-ઈ, ઘોઘા જકાત નાકા, ભાવનગર) અને કિશોર ઉર્ફે ક્રિશ કાબા ઉલ્વા (ઉ.વ.૨૯, રહે- પ્લોટ નંબર ૮૪, ગાયત્રી પાર્ક સોસાયટી, પાંજરાપોર પાસે, સિહોર) તેમજ વિજય વજુ ધનવાણીયા (ઉ.વ.૩૪, રહે- રામાપીર મંદીરની પાસે, લાઠી રોડ, પીપળવા, લાઠી) ને પકડી પાડી તપાસ આદરી હતી.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, આરોપી વિજય ધનવણીયાને ટેલીગ્રામના એક ગ્રૂપ મારફત બેંક એકાઉન્ટ ભાડે શોધી આપી કમિશનથી રૂપીયા કમાવવાની લાલચ મળી હતી. જેથી વિજયે તેના મિત્ર રાજુ ઉર્ફે મેમરીનો સંપર્ક કર્યો હતો. જે બાદ રાજુએ યુવરાજસિંહ અને કિશોરનો સંપર્ક કરી બંનેના નામે બોગસ શ્રી રામ એન્ટરપ્રાઈઝ નામની પેઢી ખોલી નાંખી હતી અને જીએસટી નંબર પણ મેળવી લીધાં હતાં.જે બાદ તે પેઢીના નામે અલગ અલગ બેંકમાં પાંચેક એકાઉન્ટ ખોલી નાંખી તે એકાઉન્ટની વિગત વિજયને આપતાં ખેલ શરૂ થયો હતો. રાજકોટના વેપારી સાથે થયેલ રૂ.૯૭ લાખના ફ્રોડથી રૂ.૨૮ લાખ પેઢીના એકાઉન્ટમાં ટ્રાન્સફર થયાં હતાં. ઉપરાંત બોગસ પેઢીના એકાઉન્ટમાં રૂ.૧ કરોડથી વધુના ટ્રાન્ઝેકસન પણ મળ્યાં હતાં. સાયબર ક્રાઈમની ટીમે ચારેય આરોપીના રીમાન્ડ મેળવી મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા તજવીજ આદરી હતી..

# દેવપરામાં પરણીતાની હત્યામાં દિયરને આજીવન કેદની સજા

### નજરે જોનાર, મેડીકલ ઓફીસર, પચો તથા તપાસનીશ સહીતના તમામ સાહેદોએ ફરીયાદ પક્ષને સમર્થનથી કેસની કડી મજબૂત બની


### મિલકતના પ્રશ્ન ચાલતી માથાકૂટમાં સરાજાહેર છરીના કા ચીકી ટીમ ઢાળી દીધું હતું

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા મેઈન રોડ પર આવેલા દેવપરા વિસ્તારમાં મિલકતના ઝઘડામાં ઉશ્કેરાયેલા શખ્સે સગા ભાભી પર છરી વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે આરોપી દિયરને આજીવન કેદ અને દંડ ફટકારતો હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ શહેરના કોઠારીયા મેઈન રોડ નજીક આવેલ વિવેકાનંદ નગરમાં રહેતા ભારતીબેન ઉમેશભાઈ સરધારા નામની પરણીતા ઉપર દિયર ચમન કડવા સરધારા નામના શખ્સે છરી વડે હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યા અંગેની ભકિતનગર પોલીસ મથકમાં મૃતકના પતિ ઉમેશ કડવાભાઈ સરધારાએ પોતાના નાનાભાઈ ચમન કડવા સરધારા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી ચમન કડવા સરધારાની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા આરોપીને જેલ હવાલે કરવામાં આવ્યો હતો.બાદ ભકિતનગર પોલીસ મથકના પીઆઈ વી કે ગઢવી અને રાઈટર નિલેશભાઈ સહિતના સ્ટાફ દ્વારા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરવામાં આવ્યું હતું બાદ અદાલતમાં કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદ પક્ષે મરનારનુ મૃત્યુ સાપરાધ મનુષ્યવધ છે તેવુ સાબિત કર્યા બાદ તે મૃત્યુ આરોપીએ જ નિપજાવેલ છે કે કેમ તે બાબતે ફરીયાદ પક્ષે ફરિયાદી ઉમેશભાઈ સરધારાને તપાસેલ છે.

ફરીયાદી આરોપીના સગા ભાઈ થાય છે. તેમજ મરણજનારના ફરિયાદી પતિ થતા હતા. બાદ ફરીયાદને સપુર્ણપણે સમર્થન આપેલ છે. નજરે જોનાર લક્ષ્મીબેન ભુપતભાઈ ગજેરા ની જુબાનીથી સપુર્ણપણે સમર્થન મળેલ છે. આરોપીને અદાલતમા નામજોગ ઓળખી બતાવેલ છે. સાહેદને આરોપી સાથે કોઈ દુશ્મનાવટ ન હતી. બચાવપક્ષની ઉલટતપાસમાથી ફરીયાદ પક્ષના કેસની હકિકતથી વિપરીત હકિકત કઢાવી શકેલ નથી. બનાવના બીજા નજરે જોનાર સાહેદ દુધીબેનનુ ચાલતા કામે અવસાન થયેલ છે. પરંતુ પુરાવાની કવોલોટી ધ્યાને લેવાની હોય છે. એફ.એસ.એલ. અધિકારી ની જુબાની આરોપીનુ બ્લડ રીપોર્ટ પરથી નીકળી આવેલ છે. તેના પરથી પણ બનાવ બનેલો તેવી હકિકત ફરીયાદ પક્ષ સાબિત કરી શકેલ છે. ભકિતનગર પોલીસ સ્ટેશનના કોમ્પ્યુટર ઓપરેટર, પો.કો. ભરતભાઈ મારકણાએ ફરીયાદ પક્ષના કેસને સપુર્ણ સમર્થન આપેલ છે.સાહેદ કૌશિકભાઈ રામાણીને તપાસેલા છે તેઓની રુબરુ તા.૦૮/૧૦/૧૯ ના કલાક ૧૬-૪૫ વાગ્યે આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા તેમજ લોહીવાળી છરી પર ફક્ષય આરોપીના પેન્ટ પર મળેલા લોહીના નિશાન મૃતકના મળી આવેલા છે.ફરીયાદ પક્ષ કેસ સાબિત કરી શકેલ છે.



સરકારી વકિલ સ્મિતાબેન અત્રિ



મૂળ ફરિયાદીના એડવોકેટ અંશ ભારદ્વાજ



પીઆઈ વી કે ગઢવી

આ કામે ફરિયાદ પક્ષના નજરે જોનાર, હીયરશે, મેડીકલ ઓફીસર, પચો તથા તપાસ કરનાર અમલદાર સહીતના તમામ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સપુર્ણ પક્ષને સમર્થન આપેલ હોય. ફરીયાદ પક્ષ સાયોગીક અને દાર્શનીક પુરાવાની કડી અદાલતના રેકર્ડ પર લાવી શકેલ છે. સરકારિ વકીલની દલીલ ધ્યાને લઈ જજ એસ વી શર્માએ આરોપી ચમનભાઈ કડવાભાઈ સરધારા ને આઈ.પી.સી. ની. કલમ-૩૦૨ હેઠળ તકસીરવાન ઠરાવી આજીવન કેદની સજા અને દંડ ફરમાવેલો છે.આ કામમા સરકારી વકિલ સ્મિતાબેન અત્રિ રોકાયેલા હતા.

મૂળ ફરિયાદી વતી અભય ભારદ્વાજ એસોસિએટ્સના એડવોકેટ અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, અમૃતા ભારદ્વાજ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉઘરેજા, તારક સાવંત, શ્રેયશ શુકલ, કૃણાલ દવે, ચેતન પુરોહીત રોકાયા હતા.

# અમદાવાદના રેડીયોલોજીસ્ટ કર્મચારીનો ન્યારી ડેમમાં કુદી આપઘાત

### બે દિવસ પૂર્વે જ રાજકોટ આવેલા તમિલનાડુના ૨૬ વર્ષીય યુવાને લગાવેલી મોતની છલાંગ પાછળનું કારણ અકબંધ : તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં રેડિયોલોજીસ્ટ કર્મચારી તરીકે કામ કરતા અને બે દિવસ પૂર્વે જ રાજકોટ ખાતે આવનાર તમિલનાડુના ૨૬ વર્ષીય યુવાને ન્યારી ડેમમાં મોતની છલાંગ લગાવી હતી. ન યુવાને પડતું મુકી આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. તાલુકા પોલીસે આપઘાત પાછળનું કારણ જાણવા તપાસ શરૂ કરી છે.પ્રાપ્ત વિગત અનુસાર ગઈકાલે ન્યારી ડેમમાં સાંજે સાડા સાતેક વાગ્યે એક યુવાનની લાશ તરતી હોવાની જાણ થતાં ફાયર બ્રિગેડના તરવૈયાઓએ પહોંચી બહાર કાઢી હતી. ૧૦૮ના ઈએમટી કવિતાબેને તેને મૃત જાહેર કરતાં તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જી. કે. પરમાર સહિતે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. પંચનામુ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. મૃતક યુવાન પાસેથી રાજકોટની ખાનગી હોસ્પિટલનું આઈકાર્ડ મળતાં તેના આધારે તપાસ શરૂ થતાં આ યુવાન અમદાવાદ રહેતો અને હાલ રાજકોટની ખાનગી હોસ્પિટલમાં રેડિયોલોજીસ્ટ વિભાગમાં નોકરી કરતો અરૂણકુમાર સેલ્વરાજ (ઉ.વ.૨૬) હોવાનું ખુલ્યું હતું.

આ યુવાન મુળ તામિલનાડુનો હતો અને અમદાવાદમાં રેડિયોલોજીસ્ટ વિભાગમાં ફરજ બજાવતો હતો. રાજકોટની હોસ્પિટલના આ વિભાગના બે કર્મચારી રજા પર ગયા હોઈ તેની જગ્યાએ તે નોકરી કરવા આવ્યો હતો. તેણે શા માટે આ પગલુ ભર્યુ? તેની વિગતો બહાર આવી નથી. પોલીસ તેના પરિવાજનોના નિવેદન નોંધી આગળ કાર્યવાહી કરશે. બનાવને પગલે અરેરાટી વ્યાપી ગઈ હતી.

# વૃદ્ધાની નજર ચૂકવી રોકડ-ચેઈન ભરેલુ પર્સ ઉઠાવી જનાર રીક્ષાચાલક ઝડપાયો

### પેસેન્જર તરીકે બેઠેલી બે બુકાનીધારી મહિલાઓની શોધખોળ કરતી એ ડિવિઝન પોલીસ

**અબતક, રાજકોટ**

શહેરમાં પોલીસના ગુનાખોરી અટકાવવાના અભિયાન વચ્ચે બેકાબૂ બનેલી રિક્ષાગેંગએ મોરબી રહેતા વૃદ્ધાને શિકાર બનાવી સોનાનો ચેઈન અને રોકડ ભરેલા પર્સ સહિત ત્રણ લાખની મતાની કોઈ શખ્સો ચોરી કરી ગયાની ફરિયાદ કરતા એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી રિક્ષાચાલકને સકંજામાં લઈ બે બુકાનીધારી મહિલા સહિત ત્રણ શખ્સોને પકડી લેવા કાર્યવાહી કરી છે.પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મોરબીમાં લખધીરવાસ પાસે શાસ્ત્રી શેરીમાં રહેતા ઈલાબેન વસંતભાઈ રાચ્છ (ઉ.૬૬) એ ફરિયાદ કરી હતી.જેમાં તેને જણાવ્યું હતું કે, રાજકોટમાં સંતકબીર રોડ પર શકિત સોસાયટીમાં રહેતા તેના બહેન મીનાબેનના ઘેર છઠ્ઠીનો પ્રસંગ હોય રાજકોટ આવ્યા હતા અને ત્રિકોણબાગ ખાતે બસમાંથી ઉતરી તેના બહેન નીલાબેન હસમુખભાઈ કોટેચા (રહે.રાજકોટ સંતોષ પાર્ક ) સાથે રિક્ષામાં બેસીને શકિત સોસાયટીમાં જવા માટે નીકળ્યા હતા. દરમિયાન થોડે આગળથી બે બુકાનીધારી મહિલાઓ પણ રિક્ષામાં બેઠી હતી અને હોસ્પિટલ ચોક પાસેથી એક પુરૂષ પણ રિક્ષામાં બેઠો હોય અને પારેવડી ચોક પાસે પુરૂષ ઉતરી ગયો હતો અને અમને શકિત સોસાયટીમાં ઉતારી રિક્ષાચાલક ચાલ્યો ગયો હતો.

બાદમાં તેઓ બન્ને બહેનો તેના બહેનના ઘેર પહોંચ્યા હતા. ત્યારબાદ ગળામાં ધ્યાન જતા તેને પહેરેલ સોનાનો ચેઈન જોવામાં નહીં આવતા તપાસ કરી હતી. જેમાં તેને રૂ.ત્રણ હજારની રોકડ ભરેલ પર્સ ગુમ હોય ફરિયાદ કરી હોવાનું જણાવતા પીએસઆઈ રાણા સહિતના સ્ટાફે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. દરમિયાન પોલીસે ત્રિકોણબાગ પાસેથી રિક્ષા ચાલકને સકંજામાં લઈને તેની પૂછતાછ કરી હતી જેમાં તેને તેની રિક્ષામાં મુસાફરી કરતી બે બુકાનીધારી મહિલાઓ વિશે કંઈ નહી જાણતા હોવાનું રટણ કરતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

# અપહરણના ગુનામા આરોપીને જામીન મુક્ત

### પોકસો એકટની કલમમા આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો’તો

**અબતક, રાજકોટ**

શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા રહેતી સગીરાને લલચાવી ફોસલાવી અપહરણ કરવાના ગુનામાં કોર્ટે આરોપીની જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટ શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આરોપી યાસીન ઉર્ફે આસીફ રજાકભાઈ ચૌહાણ અમેલી વાળાને ગત તા.૦૩/૦૩/૨૦૨૫ ના રોજ ફરીયાદીની સગીરવયની દીકરીને લલચાવી, ફોસલાવી, કોઈ લાલચ આપી અન્ય કોઈ ઈરાદે પોતાની સાથે ફરીયાદીના કાયદેસરના વલીપણામાથી ભગાડી અપહરણ કરી લઈ જઈ ગુનો કર્યાની ફરીયાદ નોંધાઈ હતી. ફરિયાદના આધારે પોલીસે આરોપીની અટક કરી કોર્ટ સમક્ષ રજુ કરી પોકસો એક્ટ કલમ-૮,૧૧ મુજબનો કલમ ઉમેરો કરી કોર્ટે આરોપીને ન્યાયીક હિરાસતમાં મોકલતા આરોપીએ જામીન પર મુક્ત થવા માટે પોતાના એડવોકેટ મારફત જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ રાજકોટના એડિ. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ દ્વારા આરોપી યાસીન ઉર્ફે આસીફ રજાકભાઈ ચૌહાણને જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો છે.આ કેસમા આરોપી વતી રાજકોટના યુવા એડવોકેટ ગીરીશ જે. વારગીયા અને સુરેશ જે. વારગીયા રોકાયા હતા.

# ચેક રિટર્ન કેસમાં તબીબ મહેશ ચોવટીયા દોઢ વર્ષની સજા

### મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલમાં મેડીકલ પ્રેક્ટીશનરે લીધેલી રકમ ૭.૦૬ લાખ ચૂકવવા આપેલો ચેક રિટર્ન થયો તો

**અબતક, રાજકોટ**

શહેરના રૂ. ૭.૦૬ લાખનો ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતે મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલના તબીબ ને દોઢ વર્ષની કેદ અને ચેકની રકમ ફરિયાદીને ન ચૂકવે તો વધુ છ માસની સજા મનો હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ, વિધાકુંજ મેઈનરોડ જલારામ કોમ્પ્લેક્ષ, બીજા માળે,મહેશ ગગજીભાઈ ચોવટીયાની ૧૫૦ ફીટ રોડ ઉપર આવેલ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલમાં મેડીકલ પ્રેક્ટીશનરે કોઠારીયા રોડ ઉપર આવેલા ગોવિંદનગર શેરી નંબર સાતમાં રહેતા પ્રફુલ વલ્લભભાઈ વઘાસીયા પાસેથી રૂા. ૮ લાખ ઉછીના લીધા હતા, જેમાં ડોકટર મહેશ ચોવટીયાએ કટકે કટકે રૂા.૯૪ હજાર પરત કર્યા બાદ બાકીની રૂા. ૭.૦૬ લાખની રકમની પ્રોમિસરી નોટ તા. ૧૬/ ૭/ ૨૦૧૪ના રોજ નોટરાઈઝડ કબુલાત આપી હતી. અને તે રૂા. ૭.૦૬ લાખનો ચેક પ્રફૂલ્લ વઘાસિયાને આપેલ હતો. જે ચેક બેંકમાંથી રિટર્ન થતા ડોકટર મહેશ ચોવટીયાને લીગલ નોટિસ બાદ તેની સામે કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કર્યો હતો. એક કેસ ચાલવા ઉપર આવતા આરોપીનો બચાવ એવો હતો કે ફરિયાદી તરફે નોટિસ મોકલેલ હતી, તેમાં ટાઈપિંગમાં ચેકના વર્ષ બાબતે શુધ્ધબુધ્ધિની ભુલ થયેલ હતી, પરંતુ ફરિયાદીના વકીલે ઉચ્ચ કોર્ટના ચુકાદા ટાંકી ટાઈપ મિસ્ટેકના કારણે શરતચૂકથી કાંઈ લખાઈ ગયુ હોય તો તેના આધારે સમગ્ર વ્યવહાર ગેર કાયદેસર ઠેરવી શકાય નહી તેવી દલીલો કરી હતી. જે ધ્યાને લઈ રાજકોટના ૧૧મા એડિશનલ સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટે આરોપીને તકસીરવાર ઠેરવી ૧ વર્ષ અને ૬ માસની સાદી કેદની સજા તથા ચેકની રકમ વળતર પેટે દિવસ ૬૦માં ચુકવી આપવા અને આરોપી સદર વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીને વધુ ૬ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ રાજેશ યુ. પાટડિયા તથા નિર્મલ આર. શેઠ રોકાયા હતા.

# છેતરપિંડીના ગુનામાં આરોપીનો નિર્દોષ છુટકારો

### ખોટા દસ્તાવેજો બનાવી ખરા તરીકે ઉપયોગ કરી વાહનની લોન મેળવી ઠગાઈ કરી તી

**અબતક, રાજકોટ**

શહેર ના ભક્તિનગર પોલીસ મથક વિસ્તારમાં કોમ્પ્યુટરમાં ખોટા દસ્તાવેજો બનાવી ફોટોગ્રાફસ લગાડી ખોટી સહીઓ કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી બેંકમાંથી વાહનની લોન મેળવવા અંગેનાં ગુન્હામાં આરોપીનો નિર્દોષ છોડી મૂકવા અદાલતે હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ શહેરના કોઠારીયા હોલ નંદા હોલ પાસે કોમ્પ્યુટરમાં ડ્રાઈવીંગ લાયસન્સ અને ઈલેકટ્રીક બીલ સ્કેન કરી તેના ઉપર અન્ય વ્યક્તિઓનાં ફોટોગ્રાફસ જોડી તથા સહીઓ કરી બોગસ દસ્તાવેજો બનાવી અને તેનો ખરા તરીકે ઉપયોગ કરી જુદી-જુદી બેંકોમાં રજુ કરી તે દસ્તાવેજો રજુ કરી, આર્થિક લાભ મેળવવા બેંક અને ગ્રાહકો સાથે છેતરપિંડી કર્યા અંગેની ભકિતનગર પોલીસે આરોપી વનરાજ બાવકુભાઈ ગોગલા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી. આ કેસમાં ૧૦ આરોપીઓને અટક કરેલા જેમાં આરોપી વનરાજ બાવકુભાઈ ગોગલાનું અલગ ચાર્જશીટ રજૂ થતાં સદરહું કેસ કોર્ટમાં ચાલવા જતા મૌખિક/લેખિત પુરાવા તેમજ ઉચ્ચ અદાલતોનાં ચુકાદાઓને ધ્યાને રાખી તથા બચાવ પક્ષનાં વકીલ નાં વિગતવારની દલીલોને ધ્યાને લઈ આરોપી વનરાજ ગોગલાને ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલો છે. આ કામમાં આરોપી વનરાજભાઈ ગોગલા તરફે ધારાશાસ્ત્રી સિધ્ધરાજસિંહ કે. જાડેજા રોકાયેલ હતાં.



# લોઠડા રોડ પર શરાબની ૧૮ બોટલ સાથે શખ્સ ઝડપાયો

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા લોઠડા ગામ રોડ પર આવેલી શુભ હોટલની સામે પીસીબીની ટીમ વાહન ચેકીંગ કરી રહી હતી. ત્યારે, જયુપટર બાઈક ચાલક શંકા સ્પદ જણાતા તેને અટકાવી તલાસી લેતા તેની પાસેથી વિદેશી દારુની ૧૮ બોટલ મળી આવતા શરાબ અને બાઈક મળી રૂ. ૬૦ હજારના મુદામાલ સાથે ગંજીવાડા મેઈન રોડ પર રહેતો સદામ ઉર્ફે મસ્તાન મહેબુબભાઈ ભુવર નામના શખ્સને પીસીબીમાં હેડ કોન્સ્ટેબલ કિરીટસિંહ ઝાલા અને કોન્સ્ટેબલ વાલજીભાઈ જાડા સહીતના સ્ટાફે ઝડપી લીધો છે. પોલીસે દારૂ કયાંથી લાવ્યો અને કોને દેવા જતો હતો વગેરેની પુછપરછ હાથ ધરી હતી.


ભારત સરકારના ઝેડ પ્રોજેકટના માર્કેટીંગ માટે સ્ટાફ જોઈએ છે
સેલેરી 30,000 થી 40,000
Fresher MBA અથવા Graduation with 5 years experience in Marketing.
H M PATHAK CERTIFICATION
RAJKOT-96646 49708


**જાહેર નોટીસ**

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં– પાલીતાણા**

બી. એન્ડ ડી. રજી નં.૪૦/૨૦૨૫

શ્રી ભરતભાઈ મનજીભાઈ ગોધાણી,
રહે.હાલ.એ/૧૨, શિવનગર સોસાયટી, માતાવાડી,
એલ.એચ.રોડ, વરાછા રોડ, સુરત-૩૯૫૦૦૬ ...........અપીલવાળા

**વિરૂધ્ધ**

જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, રતનપર ગ્રામ પંચાયત કચેરી,
મુ. રતનપર, તા.પાલીતાણા, જિ:ભાવનગર ............સામાવાળા

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે મૃત્યુ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી ભરતભાઈ મનજીભાઈ ગોધાણીના દાદા સ્વ.કુરજીભાઈ રઘાભાઈ ગોધાણીનું મૃત્યુ તા.૨૮/૦૭/૧૯૯૯ના રોજ મોજે.રતનપર, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના દાદાના મૃત્યુ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. મૃત્યુ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના દાદાના મૃત્યુ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, રતનપર ગ્રામ પંચાયત કચેરી, મુ. રતનપર, તા.પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

સ્થળ :- પાલીતાણા
તારીખ :- ૨૧/૦૩/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
પાલીતાણા

તંત્રી લેખ

# હવે કૃતિમ હૃદય માટે ‘‘સ્વદેશી યુગ’’નો સૂર્યોદય

વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારત હવે આર્થિક મહાસત્તા બનવા તરફ મક્કમ પણે આગળ વધી રહી છે , અર્થતંત્રને પાંચ ટ્રિલિયન અમેરિકન ડોલરનું કદ આપવા નો રોડ મેપ તૈયાર છે ત્યારે અર્થતંત્રને વેગવાન બનાવવા કૃષિ ઉત્પાદન, ઉદ્યોગ ઉત્પાદન માં વધારો અને ખાસ કરીને આયાતી ચીજ વસ્તુઓ ની અવેજી મા ઘર આંગણે વસ્તુઓનું ઉત્પાદન કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, ઉદ્યોગિક ઉત્પાદન ક્ષમતા અને ગુણવત્તા વધારીને દેશ ની અન્ય દેશ પરની નિર્ભરતા ઘટાડવા સાથે સાથે આત્મ નિર્ભરતા માટે સરકારે જે કમર કસી છે તેના સારા પરિણામ મળવા લાગ્યા છે, ચીન, રસિયા, અને વિશ્વના અનેક દેશો પરની નિર્ભરતા હવે ભૂતકાળ બની રહી છે ,ભારતમાં સ્પેસ ક્રાફ્ટ ના સ્પેરપાર્ટથી લઈ હવે કૃતિમ હૃદય નું નિર્માણ પણ થવા જઈ રહ્યું છે,

હૃદય રોગનું પ્રમાણ ચિંતાજનક વધી રહ્યું છે, ત્યારે હૃદય પ્રત્યારપણ માટે હૃદયના દાતાઓની અછતને પહોંચી વળવા કૃત્રિમ હૃદય બનાવવા માં ભારત આગળ વધી રહ્યું છે ,

અત્યારે કૃતિમ હૃદય વિદેશમાંથી આયાત કરવું પડે છે, ભારતમાં હવે વેન્ટિક્યુલર એટલે કે હૃદયના સહાયક ઉપકરણો એલ.વી.એ.ડી ઘર આંગણે ઉત્પન્ન કરવામાં આવશે આ યંત્ર હૃદયને લોહી પહોંચાડવામાં મદદ કરશે અને અંતિમ તબક્કાના હૃદય રોગના હુમલા સામે સંપૂર્ણપણે સ્વદેશી ધોરણે વિકસિત કરવામાં આવનાર કૃતિમ હૃદય મદદરૂપ થશે. આવનાર દિવસોમાં વિદેશના ખર્ચાળ કૃતિમ હૃદય ની જગ્યાએ સંપૂર્ણપણે સ્વદેશી ધોરણે તૈયાર કરવામાં આવેલ અને સસ્તુ અને ઉચ્ચ ગુણવત્તા વાળું હૃદય ઘર આંગણે ઉપલબ્ધ થવાનો સૂર્યોદય ટૂંક સમયમાં થશે, હાલમાં હૃદય પ્રત્યારોપણ ખૂબ જ ખર્ચાળ અને અનિશ્ચિત સારવાર માનવામાં આવે છે મોટાભાગના ઉપકરણો મોંઘા વિદેશી હોવાથી સામાન્ય નાગરિકો માટે કૃત્રિમ હૃદય નું સપનું જોવું અશક્ય છે ખર્ચાળ વિદેશી કૃતિમ હૃદય ની જગ્યાએ હવે સંપૂર્ણપણે હિન્દુસ્તાની કૃતિમ હૃદય ઉપલબ્ધ થશે ભારતમાં હેલ્થ ટુરીઝમ ના વિકાસમાં સ્વદેશીકૃતિમ હૃદય ની ઉપલબ્ધિ ચાર ચાંદ લગાવશે. સ્વદેશીકૃતિમ હૃદય નું ઘર આંગણે નિર્માણ ના દિવસો હવે દૂર નથી.

સતીષ કે. મહેતા

# ઓલ ઈન્ડિયા પોલીસ એક્વેટીક્સ ક્લસ્ટર ચેમ્પિયનશિપનો આજથી પ્રારંભ

## ૨૭ રાજ્યના ૫૭૨ પોલીસ રમતવિરો લેશે ભાગ: રાજ્ય પોલીસવડાના હસ્તે ઉદ્દઘાટન



**અબતક, રાજકોટ**

ગુજરાતમાં પ્રથમ વાર ૭૨મી ઓલ ઈન્ડિયા પોલીસ એકિવટી ક્લસ્ટર ચેમ્પિયનશિપ ૨૦૨૪ - ૨૫નું આયોજન થઈ રહ્યું છે. જેની ચાર સ્પર્ધાઓ આજથી એટલે કે ૨૪ માર્ચથી ૨૮ માર્ચ દરમિયાન અમદાવાદ અને ગાંધીનગરમાં યોજાઈ રહી છે. દર વર્ષે ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ, ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ દળ તેમજ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (બીએસએફ, આઈટીબીપી, સીઆરપીએફ, સીઆઈએસએફ, એસએસબી)ના જવાનો વચ્ચે વિવિધ સ્પોર્ટ્સ કોમ્પિટિશન, રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન કરે છે. રમતોને અલગ અલગ ક્લસ્ટરમાં વહેંચીને તેની યજમાની વિવિધ રાજ્યોમાં સ્થિત પોલીસ દળને સોંપીને, આ અખિલ ભારતીય પોલીસ રમતગમત સ્પર્ધાઓ ભારતભરમાં યોજવામાં આવે છે. આ વર્ષે એકવેટિક ક્લસ્ટરની સ્પર્ધાઓની યજમાની ગુજરાત યુનિટ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ ગુજરાત યુનિટ કરી રહ્યું છે.

ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડનો આશય ભારતની સરહદની પહેરેદારી કરતા તેમજ આંતરીક સુરક્ષા અને સલામતીની જવાબદારી સંભાળતા કેન્દ્રીય સશસ્ત્ર સુરક્ષા બળના જવાનો અને પોલીસ જવાનોમાં ખેલકૂદની ભાવનાને આવી સ્પર્ધાઓના આયોજનથી બળવત્તર કરવાનો છે. આ ચેમ્પિયન્સશીપમાં ૨૭ રાજ્યોના ૫૭૨ રમતવીરો સહભાગી થશે. આ સ્પર્ધાનો ઉદ્દઘાટન સમારોહ આજે ૨૪ ગુજરાતના પોલીસ મહાનિદેશક વિકાસ સહાયની ઉપસ્થિતિમાં સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા કોમ્પ્લેક્ષ ખાતે યોજાશે. અને આજ સ્થળે ૨૮ માર્ચના રોજ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સમાપન સમારોહ યોજાશે.

આ ચાર દિવસીય સ્પર્ધા દરમિયાન પ્રતિસ્પર્ધીઓ વચ્ચે વિવિધ એક્વેટીક્સ અને ક્રોસ કન્ટ્રી સહિતની ચાર સ્પર્ધાઓ યોજાશે. આ ઉપરાંત ૨૬ માર્ચના રોજ ચિલોડા રોડ પર સ્થિત સીઆરપીએફ ગ્રુપ સેન્ટર ખાતે સાંજે ૭ થી ૯ કલાક દરમિયાન સંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

૭૨મી ઓલ ઈન્ડિયા પોલીસ એકવેટીકસ કલસ્ટર ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫ સ્પર્ધામાં આંદામાન નિકોબાર પોલીસ, આંધ્રપ્રદેશ પોલીસ, આસામ પોલીસ અને આસામ રાઈફલ્સ, બોર્ડર સીક્યોરીટી ફોર્સ, છત્તીસગઢ પોલીસ, સી.આઈ.એસ. એફ, સી.આર.પી.એફ, ગુજરાત પોલીસ, હરિયાણા પોલીસ, ઈન્ડો તિબેટીયન બોર્ડર પોલીસ, જમ્મુ- કાશ્મીર પોલીસ, ઝારખંડ પોલીસ, કર્ણાટક પોલીસ, કેરાલા અને મહારાષ્ટ્ર પોલીસ, એન.ડી.આર.એફ, ઓડીશા, રાજસ્થાન,તમિલનાડુ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ, તેલંગણા, ઉત્તર પ્રદેશ અને પંજાબ પોલીસ, રેલ્વે પ્રોટેકશન ફોર્સ, એસ.એસ.બીના ૫૭૨ સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે. આ ચેમ્પિયનશીપ સ્પર્ધામાં ચાર રમતો યોજાશે જેમાં સાંઈ ખાતે સ્વીમીંગ અને વોટર પોલો સ્પર્ધા, સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે ડાઈવીંગ સ્પર્ધા અને જી.સી.ગાંધીનગર ખાતે ૧૦ કિ.મી ક્રોસ કંન્ટ્રી રન યોજાશે.

# આત્મન યુવા ગ્રુપ દ્વારા યોજાઈ સામાજીક સમરસતા શિબિર



**અબતક, રાજકોટ**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ નાયબ નિયામક અનુસૂચિત જાતિ સમાજ કલ્યાણ રાજકોટ અને અને આત્મન યુવા ગ્રુપ ના સંયુક્ત ઉપક્રમે ડો.આંબેડકર ભવન ખાતે જિલ્લા કક્ષાની સમાજિક સમરયતા શિબિર યોજવામાં આવી હતી જેમાં સરકાર દ્વારા અનુસૂચિત જાતિ - અનુસૂચિત જનજાતિની સમાજ કલ્યાણની યોજનાઓ બાબતે માહિતી આપવામાં આવી હતી. આ તકે પ્રવિણાબેન સંજયભાઈ રંગાણી જિલ્લા પંચાયત પ્રમુખ, નીતાબેન મદદનીશ નાયબ નિયામક, સરોજબેન રાઠોડ સામાજિક કાર્યકર, નયનાબેન પી. સોલંકી મંત્રી આત્મન યુવા ગ્રુપ, અજીતભાઈ પરમાર બેસ્ટ કેરિયર એકેડમી, ડી. ડી. સોલંકી યુવા ભીમ સેના, વિપુલભાઈ સોંદરવા એડવોકેટ ઉપસ્થિત રહી સમાજ જાગૃતિ માટે માર્ગદર્શન પુરૂ પાડયું હતું. આ કાર્યક્મ ને સફળ બનાવવા માટે આત્મન યુવા ગ્રુપ ના પ્રમુખ સુમેધ તથાગતની આગેવાનીમાં નિલેશ ગોહિલ, ભાર્ગવ પરમાર, વિશાલભાઈ મકવાણા, જલ્પેશ વાઘેલા સહીતનાઓએ જહેમત ઉઠાવી હતી.

# શિવાનંદ ભવન ખાતે દર મંગળવારે દંતયજ્ઞ કેમ્પ

**અબતક, રાજકોટ**

‘‘શિવાનંદ ભવન’’ ૬/૯ જંક્શન પ્લોટ, સુખસાગર પાન પાસે રાજકોટ ખાતે સવારે ૯ થી ૧૦ દંત ચિકિત્સા કેમ્પ અને દાંતની બત્રીસીનો કેમ્પ દિવ્ય જીવન સંઘ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાશે. ડીવાઈન ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિના ભાગ રૂપે આ કેમ્પમાં જરૂરી આર્થિક અનુદાન રશ્મિબેન મહેન્દ્રભાઈ ગોહિલ દ્વારા મળેલ છે. કેમ્પમાં ડો.જયસુખભાઈ મકવાણા તેમજ મોનિકા ભટ્ટ જાગૃત્તિ ચૌહાણ સેવા આપશે. દાંતના દર્દીને તપાસી જાલંધર બંધ વડે ઈન્જેક્શન વગર દાંત વિના મુલ્યે કાઢી આપશું અને જરૂરી દવા પણ આપવામાં આવશે. દાંતની બત્રીસી તદ્દન ટોકન દરે બનાવી આપવાની વ્યવસ્થા છે. અત્રે શિવાનંદ ભવનમાં ભુપેન્દ્રભાઈ સ્વાદિયા, કિશોરસિંહ રાઠોડ, ઉપાધ્યાયભાઈ, પ્રાણલાલ પંડ્યા, બીપીનભાઈ અંતાણી, દુષ્યંતભાઈ માંકડ, વસાવડાભાઈ વિગેરે વ્યવસ્થા કરે છે. કેમ્પનો લાભ લેવા રાજકોટ અને આસપાસના ગ્રામજનોને ટ્રસ્ટના અગ્રણી હસુભાઈ મકવાણાએ અનુરોધ કરેલ છે.

# પરીક્ષામાં પાસ થવાની ‘જાદુઈ પેન’ આપનાર ભુવાની કપટલીલાનો પર્દાફાશ

## છોટા ઉદેપુર જિલ્લાના સટુન ગામે છેલ્લા ૨૦ વર્ષથી ધતિંગ કરનાર ભુવાનો પર્દાફાશ કરવું વિજ્ઞાનજાથા



**અબતક, રાજકોટ**

છોટા ઉદેપુર જિલ્લાના પાવી જેતપુર તાલુકાના સટુન ગામની સીમમાં છેલ્લા ૨૦ વર્ષથી દોરા-ધાગા, ઉતારવિધિ, પરીક્ષામાં પાસ કરવાની બોલપેન, મહિલાઓને દુઃખાવો બંધ કરવા માલીશ કરતો ભુવો ગણપત નાથુભાઈ નાયકાની કપટલીલાનો ભાંડાફોડ ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે કદવાલ પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૬૫મો સફળ પર્દાફાશ કર્યો હતો. ભુવાએ ધતિંગલીલા કાયમી બંધ કરવાની જાહેરાત કરી હતી. ભુવાની પોલીસે અટકાયત કરી હતી. આદિવાસી વિસ્તારમાં ભુવાઓનું સામ્રાજ્યનો અંત લાવવા જાથાએ નિર્ણય કર્યો છે. બનાવની વિગત પ્રમાણે કદવાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સટુન ગામની સીમમાં માતાજી-ગુરૂ સાહેબનું ધાર્મિક સ્થાન બનાવી ભુવો ગણપત નાથુ છેલ્લા વીસ વર્ષથી દોરા-ધાગા, ઉતારવિધિ, પ્રેમી યુગલ પરીક્ષામાં પાસ કરવાની બોલપેનનું વેંચાણ, મહિલાઓના દુઃખાવા બંધ કરવા માલીશ કરવી, તંત્ર-મંત્રના નામે લોકોની સાથે શારીરિક, માનસિક આર્થિક છેતરપિંડી કરતો હોવાની માહિતી આપવામાં આવી હતી.

જાથાના જયંત પંડ્યાએ માહિતીના આધારે સદસ્યા ભાનુબેન ગોહિલ, રવિ પરબતાણીને મોકલી ખરાઈ કરતાં સત્ય હકિકત સામે આવી હતી. વિસ્તારના વધુ લોકો ભોગ બને નહિ તે માટે પર્દાફાશ કરવાનું નક્કી થયું હતું. રાજ્યના મુખ્યમંત્રી, ડી.જી.પી., ગૃહ મંત્રાલય, વડોદરા રેન્જ આઈ.જી.પી., એસ.પી. છોટા ઉદેપુરને પત્ર પાઠવી સટુન ગામના પર્દાફાશ માટે પોલીસ બંદોબસ્તની માંગણી કરવામાં આવી હતી. જિલ્લા પોલીસ વડાએ કદવાલ પોલીસ સ્ટેશનને જરૂરી સુચના મોકલી દીધી હતી.

રાજકોટથી જાથાની ટીમ જયંત પંડ્યાના વડપણ હેઠળ રોમિત રાજદેવ, અંકલેશ ગોહિલ, ગુલાબસિંહ ચૌહાણ, રવિ પરબતાણી, ભાનુબેન ગોહિલ, પ્રકાશ, સ્થાનિક સંખેડાના પનિલ ભોઈ એડવોકેટ, રાણાભાઈ સહિત કાર્યકરો કદવાલ પોલીસ સ્ટેશને પહોંચી ગયા. ઈન્ચાર્જ પો.ઈન્સ. કે.એમ.રાઠોડ સાથે વિગતે ચર્ચા કરી હતી. પી.એસ.ઓ., એ.એસ.આઈ. ચંદુભાઈ કરશનભાઈ, પો.કોન્સ્ટે. રવિનાબેન અનુભાઈ, પો.કોન્સ્ટે. મનિષાબેન જેસીંગભાઈ, ગોહાપડીબેન, પોલીસ વાન ફાળવી દીધા. સટુન જવા રવાના થયા. ભુવાની પર્દાફાશની કામગીરીમાં રોમિત રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, ભાનુબેન ગોહિલ, સંખેડાના એડવોકેટ પિનલભાઈ ભોઈ, એડવોકેટ રાણાભાઈ સહિત સ્થાનિક કાર્યકરો, કદવાલ પો.સ્ટેશનના કે.એમ.રાઠોડ, એ.એસ.આઈ. ચંદુભાઈ કરસનભાઈ, મહિલા કોન્સ્ટે. રવિનાબેન અનુભાઈ, કોન્સ્ટે. મનિષાબેન જેસીંગભાઈ, ગોહાપડીબેન, પી.એસ.ઓ. સહિત પો. કર્મીઓએ ઉત્તમ કામગીરી કરી હતી. રાજ્યમાં ધતિંગ કરનારથી છેતરાયેલા, ભોગ બનેલાએ મો.૯૮૨૫૨ ૧૬૬૮૯ પર સંપર્ક કરવા જણાવેલ છે.

# વોર્ડ નં.૧માં પેવીંગ બ્લોકની કામગીરીનું ખાતમુહુર્ત કરતા ધારાસભ્ય ડો. દર્શિતા શાહ



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧માં રૂ.૪૬.૮૯ લાખના ખર્ચે ડ્રીમ સિટી મેઈન રોડ તેમજ શાંતિનગરના જુદા જુદા વિસ્તારોમાં જન ભાગીદારી યોજના હેઠળ પેવીંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

આ ખાતમૂહૂર્ત કાર્યક્રમમાં ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, કોર્પોરેટર હિરેનભાઈ ખીમાણીયા, ડો.અલ્પેશભાઈ મોરજરીયા, દુર્ગાબા જાડેજા, પ્રભારી કાથડભાઈ ડાંગર, વોર્ડ નં.૧ના પ્રમુખ જયરાજસિંહ જાડેજા, મહામંત્રી નાગજીભાઈ વરૂ, ગૌરવભાઈ મહેતા, લલિતભાઈ વાડોલીયા, રામભાઈ આહિર, જયદિપસિંહ જાડેજા, હિમેશભાઈ મારૂ, મોહિતભાઈ શિયાર, સજીવનસિંહ જાડેજા, કાનાભાઈ ખાણધર, તેજસ ત્રિવેદી, રાજુભાઈ વાડોલીયા, રાજુભાઈ ચૌહાણ, સેજલબેન ચૌધરી, દીગેશભાઈ વાઘેલા, વિપુલભાઈ શુકલ, લાલાભાઈ જોગરાણા, રાજુભાઈ જુન્જા, શકિતસિંહ જાડેજા, નરેન્દ્રભાઈ સરવૈયા, મગનભાઈ પટેલ, ગંભીરસિંહ ચાવડા, જયુ સાંગડીયા, વિજયભાઈ રાઠોડ, કૃણાલભાઈ પરમાર, હર્ષાબા જાડેજા, મયુરીબા પરમાર, ડિમ્પલબેન વિસ્તારના અગ્રણીઓ તથા રહેવાસીઓ હાજર રહેલ.

વોર્ડ નં.૧માં ૫૪૨૦ ચો.મી.માં આ કામ થવાથી ડ્રીમ સિટી મેઈન રોડ તેમજ શાંતિનગરના જુદા જુદા વિસ્તારોના લોકોને ફાયદો થશે.

# વિશ્વ રંગમંચ દિવસ નિમિતે ભારત સેવક સમાજ દ્વારા ગુરૂવારે એકાંકી

**અબતક, રાજકોટ**

બાલભવન રાજકોટ અને ભારત સેવક સમાજ રાજકોટ તથા સંકલ્પ થિયેટર રાજકોટ આયોજિત વિશ્વરંગ મંચ દિવસની ઉજવણી સપ્તાહ નિમિતે તા.૨૭ માર્ચ-૨૦૨૫ ને (ગુરૂવાર)નાં રોજ ’રાજકોટ શહેર એકાંકી નાટક સ્પર્ધા’ બાલભવન રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. જેમાં કોઈપણ વ્યકિતગત, સંસ્થા કે કોલેજ ભાગ લેવા ઈચ્છતી હોઈ તેઓએ બાલભવન કાર્યાલય ખાતે ધર્મેન્દ્ર પંડયા (મો. ન. ૯૮૨૪૪૭૭૫૧૨) પાસેથી સાંજના સમય ૫ થી ૭-૩૦ દરમ્યાન પ્રવેશ ફોર્મ મેળવી તા.૨૬-૩-૨૦૨૫ સુધીમાં પ્રવેશપત્ર ભરીને એન્ટ્રી નોંધાવી લેવાની રહેશે. તેમ એલ. એસ. સૈયદ ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી, ભારત સેવક સમાજે જણાવેલ છે.

# યુવા એડવોકેટ પીયુષ ઝાલાનો જન્મ દિવસ



યુવા એડવોકેટ, નોટરી પીયુષ ડી. ઝાલાનો આજે જન્મદિવસ છે. વર્ષ-૨૦૧૧થી અગ્રણી ધારાશાસ્ત્રી હરેશ બી. પરસોંડા તથા સ્વ.શૈલેષ બી. પરસોંડા સાથે વકીલાત શરૂઆત કરનાર પિયુષભાઈએ કાયદાકીય રીતે સિવિલ અને ક્રિમિનલ પ્રેક્ટિસમાં ખૂબ જ સારી પ્રગતિ કરી છે, તેમજ સારા-સૂભાવથી વકીલમિત્રોમાં ખુબજ સારી ચાહના મેળવેલ છે. પિયુષભાઈ પોતાના મોચી સમાજમાં પણ એક સારા યુવાન એડવોકેટ તરીકે ખુબજ ટુંકા સમયની વકીલાતમાં પોતાની આગવી છાપ ઉભી કરી છે તેમજ રાજકોટની યશરાજ ક્રેડિટ કો-ઓ.માં પેનેલ એડવોકેટ તરીકે નીમાયેલ છે. તેઓ લોયર્સ સ્પોર્ટસ ફાઉડેશનમાં કારોબારી સભ્ય તરીકે સેવા આપે છે તેમજ વોઈસ ઓફ લોયર્સમાં સભ્ય તરીકે જોડાયેલા છે. આજ રોજ તેમના જન્મ દિવસે વકીલ મિત્રો તથા સમાજના આગેવાનો તથા કુટુંબીજનો તરફથી તેમના મોબાઈલ નં. ૯૨૨૮૮૯૭૪૩૯ ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# રાજકોટથી ભુજની ટ્રેનને રફાળેશ્વર સ્ટોપ આપવા કોંગ્રેસની માંગ



**અબતક, રાજકોટ**

રાજકોટ થી ભુજ નવી ટ્રેન ચાલુ કરવામાં આવી છે તેમા મોરબી ની પાસે રફાળેશ્વર રેલવે સ્ટેશન આવેલ છે.ત્યાં સૌરાષ્ટ્ર નું પ્રચલિત રફાળેશ્વર મહાદેવજી મંદિર આવેલ છે.જ્યાં ઘણા યાત્રાળુઓ રાજકોટ થી તથા બીજા ઘણા અલગ અલગ શહેરો માંથી દર્શન નો લાભ લેવા આવે છે.

કારતક મહિને પોષ -ચૈત્ર , શ્રાવણ, ભાદરવો આસો મહિનામાં તથા શનિવાર, રવિવાર તથા અમાસ ના દિવસે દર્શન કરવા માટે ભક્તો જાય છે. આ રફાળેશ્વર મહાદેવ મંદિરે ભારત માં થી ઘણાં લોકો દર્શન કરવા માટે આવે છે..

તેથી જે રાજકોટથી ભુજની નવી ટ્રેન ચાલુ કરવામાં આવેલ છે.તે ટ્રેનનું સ્ટોપેજ રફાળેશ્વર સ્ટેશન પર આપવામાં આવે..જેથી વધુમાં વધુ પેસેન્જરોને મુસાફરી નો લાભ તથા દર્શનના લાભ મળી શકે.. જો આ ટ્રેનનું સ્ટોપેજ રફાળેશ્વર રેલવે સ્ટેશન પર આપવામાં આવે તો તે એક સરાહનીય કામગીરી ગણાશે.તેથી

રેલવેના મુખ્ય અધિકારી આવેદનપત્ર દ્વારા રજુઆત કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સોશિયલ મીડિયા ડીપાર્ટમેન્ટનાં ઉપપ્રમુખ હેમલભાઈ પેશીવાડીયા રાજકોટ શહેર કોંગ્રેસ સોશિયલ મીડિયા ડીપાર્ટમેન્ટ પ્રમુખ જીજ્ઞેશ વાગડીયા રાજકોટ શહેર કોંગ્રેસ સોશિયલ મીડિયા વોટ્સએપ નાં કોડીનેટર જલ્પેશભાઈ કલોલા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સોશિયલ મીડિયા ડીપાર્ટમેન્ટ નાં મહામંત્રી પ્રતિમા બેન વ્યાસ દ્વારા પત્ર દ્વારા રજુઆત કરવામાં આવી.

# હવામાન વિભાગ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપનમાં સત્તામંડળનું સૌથી મોટું સહાયક

## મૌસમ, દામિની, મેઘદૂત અને પબ્લિક ઓબ્ઝર્વેશન એપ્સ દ્વારા લોકોને આંગળીના ટેરવે મળી રહી છે હવામાનની માહિતી

**અબતક, રાજકોટ**

હાલમાં થોડા દિવસો પહેલા જ આપણે સૌ હીટ વેવનો સામનો કરી ચૂક્યા છીએ, હીટવેવની આગાહી અને તેનાથી બચવાના પગલાંઓ વિશે આપણને તેના પહેલા જ જાણ થઈ ચૂકી હતી. આવી જ રીતે અનેકવાર અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, માવઠા, અતિ ગરમી, અતિ ઠંડી જેવા અનેક હવામાનના ફેરફારોના વરતારા આપણને હવામાન વિભાગ દ્વારા પહોંચાડવામાં આવે છે. ત્યારે ૨૩ માર્ચના રોજ ‘‘વિશ્વ હવામાન દિવસ‘‘ એ આ તમામ હવામાન સંગઠનોને બિરદાવવાનો દિવસ છે. આ વર્ષે ‘‘સાથે મળી વહેલી ચેતવણી પહોચાડવામાં આવતા અંતરને દૂર કરવા‘‘ ની થીમ સાથે હવામાનની આગાહી અને ચેતવણીઓને વધુ ઝડપથી લોકો સુધી પહોંચાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ૧૯૫૦માં વિશ્વ હવામાન સંગઠનની સ્થાપનાની યાદમાં ૨૩ માર્ચે વિશ્વ હવામાન દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ હવામાન અને આબોહવાની આગાહીના મહત્વ વિશે જાગૃતિ પણ લાવે છે. વિશ્વ હવામાન સંગઠન હવામાન સેવાઓની ડિઝાઈન અને વિતરણમાં સહયોગને સરળ બનાવવા, હવામાન માહિતીના આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવા,માહિતીનું માનકીકરણ, આગાહીઓની ચોકસાઈમાં વધારો કરવા, સંશોધન અને તાલીમને પ્રોત્સાહન આપવા, પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓના વિકાસ કરવા જેવા મહત્વના કાર્યો કરે છે. એક સમય એવો પણ હતો જયારે હવામાન વિભાગની આગાહીઓ વિશે લોકોમાં ગેરમાન્યતાઓ હતી, પરંતુ આજે લોકો આંગળીના ટેરવે એપ્લિકેશન દ્વારા હવામાનની સ્થિતિની જાણકારી મેળવતા થયા છે. ભારતીય હવામાન વિભાગ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનું સૌથી મોટું સહાયક છે. આજે ભારતીય હવામાન વિભાગની મદદથી જ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ લોકેશન મુજબ લોકોને તેઓના મોબાઈલ પર જ તેમના વિસ્તારના હવામાનની રિયલ ટાઈમ ચેતવણીઓ સંદેશ દ્વારા મોકલી શકે છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા હવે દરેક નાગરિકને પોતાના મોબાઈલ ફોન પર જ આંગળીના ટેરવે પોતાના શહેર/ગામ સહિતના વિસ્તારોના હવામાનની તમામ માહિતી મળી રહે તે માટે વિશિષ્ટ ફીચર સાથે તદ્દન ભારતીય એવી ૪ એપ્લિકેશન વિકસાવવામાં આવેલી છે. આ એપ્લિકેશનમાં પ્રથમ છે, મૌસમ એપ્લિકેશન,હવામાનની આગાહી અને ચેતવણી સેવાઓના પ્રસારમાં સુધારણા માટે મોબાઈલ એપ ‘‘મૌસમ‘‘ લોન્ચ કરવામાં આવી છે. વપરાશકર્તાઓ અવલોકન કરેલ હવામાન, આગાહીઓ, રડાર છબીઓને ઍક્સેસ કરી શકે છે અને આગામી હવામાનની ઘટનાઓ વિશે સક્રિયપણે ચેતવણી મેળવી શકે છે. મૌસમ મોબાઈલ એપ્લિકેશનમાં ૨૦૦ શહેરો માટે વર્તમાન તાપમાન, ભેજ, પવનની ગતિ અને દિશા દિવસમાં ૮ વખત અપડેટ કરવામાં આવે છે. સૂર્યોદય/સૂર્યાસ્ત અને ચંદ્રોદય વિશેની માહિતી મૂનસેટ પણ આપવામાં આવે છે. હવામાન વિભાગના રાજ્ય હવામાન કેન્દ્રો દ્વારા ભારતના આશરે ૮૦૦ સ્ટેશનો અને જિલ્લાઓ માટે સ્થાનિક હવામાનની ઘટનાઓ અને તેમની તીવ્રતાની ત્રણ કલાકની ચેતવણીઓ જારી કરવામાં આવે છે. ગંભીર હવામાનના કિસ્સામાં, તેની અસર પણ ચેતવણીમાં સામેલ હોય છે.ભારતના ૪૫૦ શહેરોની છેલ્લા ૨૪ કલાક અને ૭-દિવસના હવામાનની સ્થિતિઓની સચોટ આગાહી પણ કરવામાં આવે છે,દામિની એપ: આ એપ વર્તમાન વીજળી પડવાનું ચોક્કસ સ્થાન, ૪૦ ચો.કિ.મી.ના વિસ્તારની આસપાસ તોળાઈ રહેલી વીજળીના સંભવિત સ્થાનો અને વાવાઝોડાની હિલચાલ અને દિશા વિશે વિગતો આપે છે. દામિની વીજળી દરમિયાન લેવાના સાવચેતીનાં પગલાંની પણ સૂચિ આપે છે અને વીજળી વિશે કેટલીક સામાન્ય માહિતી તથા ખરેખર તોળાઈ રહેલી વીજળીની પ્રવૃત્તિ વિશે અગાઉથી માહિતી મેળવવામાં મદદ કરે છે, મેઘદૂત એગ્રો એપ:ભારતીય કૃષિ હવામાન આધારિત છે ત્યારે ‘‘મેઘદૂત એગ્રો એપ્લિકેશન‘‘ દ્વારા ખેડૂતોને દર મંગળવાર અને શુક્રવારે ભૂતકાળ અને હવામાનની આગાહીના વિશ્લેષણના આધારે પાક અને પશુધન વ્યવસ્થાપન અંગે જિલ્લાવાર સલાહ આપવામાં આવે છે. તે ખેડૂતોને પાકની વાવણી, જંતુનાશક અને ખાતરનો ઉપયોગ, સિંચાઈના સમયપત્રક અને પ્રાણીઓના રસીકરણ જેવા હવામાન-સંવેદનશીલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

પબ્લિક ઓબ્ઝર્વેશન એપ: એપ્લિકેશન વપરાશકર્તાઓને સ્થાન મુજબ હવામાનની માહિતી પ્રદાન કરે છે. યૂઝર્સ આ એપ પર ઝડપી અને અદ્યતન એમ બે મોડ દ્વારા ફીડબેક પણ આપી શકે છે. આ તમામ મોબાઈલ એપ પ્લેસ્ટોર અને એપસ્ટોર બંને પર ઉપલબ્ધ છે. મોબાઈલ એપ્લિકેશન્સ આકર્ષક અને વપરાશકર્તા માટે સરળ છે. હવામાન માહિતી અને ચેતવણીઓના પ્રસાર માટે આ એપ્સ મહત્વપૂર્ણ સાધન છે ત્યારે ઝડપથી બદલાતા વૈશ્વિક હવામાનમાં ભારતીય નાગરિક પોતાની જરૂરિયાતો અને સાવચેતીઓને સમજી શકે તે માટે આ એપ્લિકેશન ખૂબ આવશ્યક અને ઉપયોગી છે.

# પ્રવર્તમાન જીવનશૈલી સાથે પ્રદુષણને કારણે ટી.બી. ના દર્દી વધી રહ્યા છે

## શ્વસન તંત્રના સૌથી અગત્યના ફેફસાની તંદુરસ્તી માટે જાગૃતિ આવશ્યકઃ યુવા વર્ગમાં વધતા વ્યસનો અને પ્રદુષણ પણ રોગોને આમંત્રણ આપે છે

### ટી.બી.ની અધુરી સારવારથી જોખમ વધી શકે: ડો. જય વડગામા



વિશ્વ ટી.બી. દિવસ નિમિતે 'અબતક' સાથે વાતચીતમાં જાણીતા ચેસ્ટ ફિઝીશ્યન ડો. જય વડગામાએ જણાવેલ કે ટીબીની સારવાર અધુરી છોડવાથી ભયંકર જોખમ ઉભુ થઈ શકે છે. પોષ્ટિક આહાર સાથે સ્વસ્થ જીવન શૈલી જ રોગથી બચાવી શકે છે.

રિપોર્ટરઃ- અરૂણ દવે
કેમેરામેનઃ- જય વ્યાસ
અબતક, રાજકોટ

આજે વિશ્વ ટી.બી. દિવસ છે. ત્યારે સૌએ મહત્વના શરીરના અંગ ફેફસા વિશે જાણવાની જરુર છે. છપ્પનની છાતી ભલે હોય પણ ફેફસા મજબુત ન હોય તો ઘણા રોગો થઈ શકે છે. પ્રવર્તમાન યુગમાં સ્વસ્થ જીવન શૈલી જ આપણને ટી.બી. જેવા ઘણા રોગોથી બચાવી શકે છે.

ઔદ્યોગિકકરણ અને વધતા વાહનોને કારણે પ્રદુષણનું સ્તર વધ્યું



છે. ત્યારે આપણે તેનાથી બચવાની જરુરી છે. હાલની ઠંડી - ગરમી જેવી બેવડી ૠતુમાં ઘણા ચેપ લાગી રહ્યા છે. સુકી ઉધરસના વાયરા ચાલી રહેલ છે. ત્યારે આપણે તકેદારી રાખવી જરુરી છે.

ટી.બી.ના લક્ષણોને જાણીને તેમાંથી બચવું જરુરી છે. ટી.બી.માં અધુરી સારવાર છોડવાથી ભયંકર મુશ્કેલી ઉભી થઈ શકે છે. ગમે તે રોગો સામે લડવા આપણી જીવનશૈલી પોષ્ટિક આહાર સાથે મજબુત રોગ પ્રતિકારક શકિત જરુરી છે.

સૌરાષ્ટ્રમાં ટી.બી.ના વધતા પ્રમાણ માટે લોકોમાઃ વધતા વ્યસનો સાથે હાલની જીવનશૈલી જવાબદાર છે.

### ધ્રુમપાન છોડો અને સ્વસ્થ જીવન શૈલી જ તમાર ફેફસાને સ્વસ્થ રાખેઃ ડો. અમીત હપાણી




શહેરના જાણીતા ફિઝિશ્યન ડો. અમિત હપાણીને 'અબતક' સાથેની વાતચીતમાં જણાવેલ કે આજની જીવનશૈલી ઘણા રોગોને આમંત્રણ આપે છે, તેથી સ્વસ્થ જીવન શૈલી, પ્રદુષણથી બચો અને ધુમ્રપાન છોડવાથી પણ તંદુરસ્ત જીવન જીવી શકાય છે.

# બેંક કર્મચારીઓના પડત્તર પ્રશ્નો ઉકેલવા સરકારની હૈયા ધરપતઃ હડતાલ ટળી

## પાંચ દિવસીય કામકાજના દિવસો સહિત અનેક મુખ્ય મુદાઓ પર સફળ ચર્ચા બાદ આ નિર્ણય લેવામાં આવ્યોઃ તમામ સ્ટેકહોલ્ડર્સની આગામી બેઠક એપ્રિલના ત્રીજા સપ્તાહમાં યોજાશે

**અબતક, નવી દિલ્હી**

દેશભરની બેન્કોમાં આજથી શરૂ થનારી બે દિવસીય હડતાળ પાછી ખેંચાઈ છે. યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન્સે ૨૪-૨૫ માર્ચની બેન્ક હડતાલ મોકૂફ રાખવાનો નિર્ણય જાહેર કર્યો હતો. પાંચ દિવસીય કામકાજના દિવસો સહિત અનેક મુખ્ય મુદ્દાઓ પર સફળ ચર્ચા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવ્યું છે.ઈન્ડિયન બેન્ક એસોસિએશન, કેન્દ્રીય નાણા મંત્રાલય હેઠળના નાણાકીય સેવા વિભાગ અને કેન્દ્રીય શ્રમ





કમિશનરના પ્રતિનિધિઓએ બેન્ક કર્મચારીઓ સાથે ચર્ચામાં ભાગ લીધો હતો. આ બેઠક ખાસ કરીને યુનિયનોની માંગણીઓને સંબોધવા માટે યોજવામાં આવી હતી. યુએફબિયુંના મુખ્ય સભ્યો એક ઓલ ઈન્ડિયા બેન્ક એમ્પ્લોઈઝ એસોસિએશનએ નિવેદન આપ્યું હતું કે, ગયા અઠવાડિયે સરકાર સાથે એક સફળ બેઠક યોજાઈ હતી. જેમાં કર્મચારીઓને નડતાં પડકારો અને સમસ્યાઓ રજૂ કરવામાં આવી હતી. આ મુદ્દે યોગ્ય નિર્ણય લેવાનો સરકારે વચન આપ્યું હોવાથી હડતાળનો નિર્ણય પાછો લીધો છે. ઉલ્લેખનીય છે,યુએફબિયું એ નવ બેન્ક યુનિયનનું જોડાણ છે. યુએફબીયૂમાં અઈઈઊઅ, અઈઈઘઈ, ગઈઈઊ, અઈઈઘઅ અને ઈઊૠઈ જેવા મુખ્ય બેન્કિંગ યુનિયનોનો સમાવેશ થાય છે. તમામ સ્ટેકહોલ્ડર્સની આગામી બેઠક એપ્રિલના ત્રીજા સપ્તાહમાં યોજાશે. હડતાળ પાછી ખેંચવાને કારણે આજે એટલે કે ૨૪ માર્ચે અને આવતીકાલે એટલે કે ૨૫ માર્ચે દેશભરની બેન્કોમાં કામકાજ રાબેતા મુજબ રહેશે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના જણાવ્યા અનુસાર, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ આ દિવસોમાં બેન્કોમાં કોઈ રજા નથી. એટલે કે બેન્કોની તમામ શાખાઓ ખુલ્લી રહેશે અને કારોબાર સામાન્ય રીતે ચાલશે.

### ક્યાં મુદ્દાઓ પર થઈ ચર્ચા?

અહેવાલો અનુસાર,ડીએફએસના જોઈન્ટ સેક્રેટરી આ બેઠકમાં વીડિયો કોલ મારફત હાજર રહ્યા હતા. બેઠકમાં બેન્ક કર્મચારીઓ માટે સપ્તાહમાં પાંચ દિવસ કામકાજના દિવસો કરવા ઉપરાંત નવી ભરતી, પર્ફોર્મન્સ-લિંક્ડ ઈન્સેન્ટિવ્સ સહિત અન્ય સમસ્યાઓ પર ચર્ચા થઈ હતી. બેન્કના કર્મચારીઓએ કામનું ભારણ ઘટાડવા માટે નવા સ્ટાફની ભરતી તેમજ કામચલાઉ કર્મચારીઓને લાભો આપવા પર પણ ધ્યાન દોર્યું હતું.

# ગાંધીનગરમાં આરોગ્યકર્મીઓના ધામાઃ અચોક્કસ મુદતની હડતાળનો આજે આઠમો દિવસ

## આરોગ્ય સંઘના પ્રમુખ રણજીતસિંહ મોરી સાથે ૩૩ જિલ્લાના હજારો આરોગ્ય કર્મીઓએ વિરોધ નોંધાવ્યો

**અબતક, ગાંધીનગર**

આરોગ્ય વિભાગના કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળનો આજે આઠમો દિવસ છે. આરોગ્ય વિભાગે એસ્મા લાગુ કર્યો હોવા છતાંય આરોગ્ય કર્મચારીઓ અડગ રહ્યા છે. આજે ૩૩ જિલ્લાના કર્મચારીઓ ગાંધીનગરમાં ધામા નાખ્યા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. આરોગ્ય સંઘના પ્રમુખ રણજીતસિંહ મોરી સત્યાગ્રહ છાવણી ખાતે પહોંચ્યા હતા. ધીમે ધીમે જિલ્લાભરમાંથી આરોગ્યકર્મીઓનું આગમન શરુ થયુ હતું. તો બીજી તરફ પોલીસ પણ એલર્ટ મોડમાં છે. આરોગ્ય કર્મીઓની મુખ્ય માંગણીઓમાં ટેકનિકલ કૌશલ્ય આધારિત પગારધોરણ લાગુ કરો, ખાતાકીય પરીક્ષા રદ કરો, ગુજરાત રાજ્ય



આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા આરોગ્ય કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળનો આઠમો દિવસ હોવા છતાં રાજ્ય સરકાર દ્વારા કોઈ હકારાત્મક જવાબ આપવામાં આવ્યો નથી. આરોગ્ય કર્મચારીઓએ ગ્રેડ પેમાં સુધારો કરવા, ટેકનિકલ ગ્રેડ પેનો સમાવેશ કરવો, ખાતાકીય પરીક્ષામાંથી મુકિત આપવી અને ટેકનિકલ કેડરમાં સમાવેશ કરવા માંગ સાથે અચોક્કસ મુદતની હડતાળ પાડી છે. હડતાળને એક સપ્તાહ થવા આવ્યું છે ત્યારે આરોગ્ય વિભાગે આંદોલનકારી કર્મચારીઓને આખરી અલ્ટીમેટમ આપ્યું છે. આરોગ્ય કર્મીઓની હડતાળને લઈને આરોગ્ય મંત્રી ૠષિકેશ પટેલે આંદોલન કરનારાને હડતાળ સમેટી લેવા ચીમકી આપી છે. આ ચીમકીમાં તેમણે ઘણી બધી સૂફિયાણી વાતો કરી, પરંતુ બે વાત ઘણી મહત્ત્વની છે. આરોગ્ય કર્મીઓની વિવિધ માગ મુદ્દે ૠષિકેશ પટેલનું કહેવું છે કે, 'આરોગ્ય કર્મીઓની બધી માગ વહીવટનો વિચાર કર્યા વગર સ્વીકારી ના લેવાય, ટેક્સનો પૈસો રાજ્યની તિજોરીમાં આવતો હોય ત્યારે લોકોની સુખાકારીમાં અને લોકોની સગવડો માટે એ પૈસો વપરાવવો જોઈએ.' તેમનો બીજો મુદ્દો એ છે કે, 'આરોગ્યકર્મીઓની હડતાળથી નાગરિકો મુશ્કેલીમાં મૂકાય છે'.

### દેશને પંચાયતી રાજ આપનાર ગુજરાતનું ટોપ-૫માં સ્થાન નહીં

# પંચાયતી રાજના રિપોર્ટે ડબલ એન્જીન સરકારની પોકળ વાતો ખુલ્લી પડી !

## ડિવોલ્યુએશન ઈન્ડેકસ ૨૦૨૪ ગુજરાત રાજયની કામગીરી રાષ્ટ્રીય સરેરાશ કરતા ઓછી

**અબતક, રાજકોટ**

પંચાયતી રાજ માટેના કેન્દ્ર સરકારના રિપોર્ટએ ભાજપ સરકાર ડબલ એન્જીનની પોકળ વાતો ખુલ્લી પડી છે. કહેવાતા વિકાસ અને માત્ર પ્રચાર પાછળનું સત્ય સામે આવી ગયું છે. ભાજપ સરકારના રાજમાં પંચાયતી રાજની કથળતી હાલત અંગે આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો.મનીષ દોશીએ જણાવ્યું હતું કે ભાજપ સરકારના કહેવાતા 'વિકાસ મોડેલ'ની કડવી હકીકતની પોલ ખુલી ગઈ છે.પંચાયતી રાજની કામગીરીને રજુ કરતા 'ડિવોલ્યુશન ઈન્ડેક્સ ૨૦૨૪'માં ગુજરાત રાજ્યનું કામગીરી રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ ઓછી છે. પંચાયતી રાજ અહેવાલમાં મુખ્ય સૂચકાંકોનો ગુજરાત કુલ સ્કોર ૫૮.૩ જ્યારે કર્ણાટક ૭૨.૨ સાથે સમગ્ર દેશમાં અગ્રેસર છે. દેશને પંચાયતીરાજ આપનાર ગુજરાત ટોપ-૫ માં સ્થાન નથી. સત્તાની ભૂખ અને કેન્દ્રીકરણથી ભાજપ સરકારે પંચાયતી રાજ ખતમ કરવાનું નક્કી કર્યું છે.૭૦૦૦ જેટલી પંચાયતોમાં ૨ વર્ષ સુધી ચૂંટણી ન યોજાઈ અને વહીવટદારો નિમવામાં આવ્યા આજ દર્શાવે કે ભાજપ સરકાર પંચાયતરાજ થકી છેવાડાના લોકોને સત્તા હાથમાં આપવામાં કેટલી ગંભીર છે.

અહેવાલ મુજબ રાજ્યમાં જમીન પરની હકીકત જુદી જ છે. ગુજરાત ઘણા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં અન્ય રાજ્યોની તુલનામાં પાછળ છે. આર્થિક વિકાસના દાવાઓ વચ્ચે રાજ્યમાં હજુ પણ પ્રશાસનિક નિષ્ફળતા અને આવશ્યક સેવાઓની અછતનો સામનો કરી રહ્યું છે. ગુજરાતમાં સ્થાનિક સંસ્થાઓને આપેલ સ્વાયત્તતા ઓછી છે, જે જમીની સ્તરે અસરકારક શાસનને અવરોધે છે ગ્રામ્ય વિસ્તારોમાં પૂરતી આરોગ્ય સુવિધાઓને અભાવ કારણે ગુજરાત આરોગ્ય સેવા વિતરણમાં પણ નબળું પ્રદર્શન દર્શાવે છે. કેરળ અને તમિળનાડુ જેવા રાજ્યોએ જાહેર આરોગ્ય સંશોધન અને બૂનિયાદી માળખાકીય સુવિધાઓમાં ભારે રોકાણ કર્યું છે. જયારે રાજ્યમાં ડોકટર-પેશન્ટ રેશિયો હજુ પણ રાષ્ટ્રીય સરેરાશ કરતાં નોંધપાત્ર રીતે ઓછો છે. પરિણામે ગુજરાતની આરોગ્ય વ્યવસ્થા કેરળ અને તમિળનાડુ જેવી રાજ્યોની તુલનામાં પછાત છે. પંચાયતી રાજ અહેવાલ ૨૦૨૪ અનુસાર સરકારી શાળાઓમાં બેસિક સુવિધાઓનો અભાવ છે, અને ગામડામાં ડ્રોપ આઉટ દર ઊંચા છે ગુજરાતમાં શાળા માળખાકીય સુવિધાઓ અને શિક્ષકોની ઉપલબ્ધતા બાબતે પણ કર્ણાટક અને મહારાષ્ટ્ર કરતાં પાછળ છે. ઉદ્યોગવિકાસના દાવાઓ હોવા વચ્ચે ગુજરાતમાં બેરોજગારી દર સતત વધી રહ્યો છે. ડિવોલ્યુશન ઈન્ડેક્સ ૨૦૨૪ દર્શાવે છે કે ગુજરાત રોજગાર સર્જન યોજનાઓમાં પછાત છે અને સરકારની નીતિઓ બેરોજગારો માટે કઈ સારો ફાયદો આપી શકી નથી. રાજસ્થાન અને તેલંગાણાની સરખામણીમાં, ગુજરાતની રોજગાર યોજનાઓ ઓછી અસરકારક છે. ગુજરાત પંચાયતી રાજ સંસ્થાઓ માટે નાણાંકીય સ્વાયત્તતાના મામલે છેલ્લા સ્થાને છે પંચાયત રાજ માટેની સ્થાનિક ચૂંટણીમાં વિલંબ એક ચિંતાજનક મુદ્દો છે. વિકાસ યોજનામાં ૫૦.૯૪ સ્કોર સાથે કેરળ શિખર પર છે. આર્થિક પ્રદર્શનમાં યૂનિયન ફાઈનાન્સ કમિશન (ઞૠઈ) ગ્રાન્ટ્સમાં ૫૫.૧ સ્કોર જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછો છે. રાજ્ય ફાઈનાન્સ કમિશન ફાળવણી મુદ્દે ૫૦.૦૩જ સ્કોર જેમાં ગુજરાત કર્ણાટક અને મહારાષ્ટ્ર કરતાં પાછળ છે. આવક એકત્ર કરવાની શક્તિ- રેવન્યુ બાબતે માત્ર ૨૬.૮ સ્કોર ઘટતી નાણાકીય સ્વાયત્તતા દર્શાવે છે. ગુજરાત રાજ્ય ફંડ ઉપલબ્ધતા ૩૫.૭, અને ખર્ચ ૩૩.૩ સ્કોર જ મેળવ્યો છે. સોશિયલ ઓડિટ અને પારદર્શિતામાં ગુજરાત ૩૧.૭ સ્કોર મેળવ્યો છે.રાજ્યની ભાજપ સરકારન મહત્વના મુદ્દાઓ જેવા કે શિક્ષણ, આરોગ્ય, સ્થાનિક રોજગારી આપવામાં સદંતર નિષ્ફળ નીવડી છે ત્યારે ભાજપ સરકારને લોકોને ભ્રમિત કરવાને બદલે હકીકતમાં કામગીરી કરે. ગુજરાતની જનતા માટે પારદર્શક અને સર્વસમાવિષ્ટ શાસન જરૂરી છે.

# જૂના શિક્ષકની ખાલી રહેતી ૩૧૭૮ જગ્યા શિક્ષણ સહાયકથી ભરવાનો નિર્ણય

## ભરતી પ્રક્રિયા એપ્રિલ માસના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજનઃ શિક્ષણ સહાયક માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના મળી કુલ ૭૩ હજાર કરતા વધુ ઉમેદવારોએ અરજી કરી

**અબતક, રાજકોટ**

રાજ્યમાં ૨૨૩૦ જૂના શિક્ષકોને નિમણૂક હુકમો આપવામાં આવ્યા બાદ ૩૧૭૮ જગ્યા ખાલી રહેતા તે જગ્યા શિક્ષણ સહાયકની ભરવાનો નિર્ણય કરાયો છે. હાલમાં શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયા ચાલી રહી છે, જેમાં ૭૬૦૯ જગ્યા પર ભરતી કરવામાં આવનાર છે, પરંતુ હવે તેમાં જૂના શિક્ષકોની જગ્યાઓ પણ ઉમેરાતા હવે ૧૦૭૦૦ જગ્યા પર ભરતી પ્રક્રિયા હાથ ધરાશે. આ ભરતી પ્રક્રિયા એપ્રિલ માસના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. શિક્ષણ સહાયક માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના મળી કુલ ૭૩ હજાર કરતા વધુ ઉમેદવારોએ અરજી કરી છે.રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ૨ હજાર અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨ હજાર મળી કુલ ૪ હજાર જૂના શિક્ષકોની ભરતી હાથ ધરવામાં આવી હતી. જેમાં રજિસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ થયા બાદ સમગ્ર રાજ્યમાંથી કુલ ૪૫૩૨ અરજી મળી હતી. ત્યારબાદ શાળા પસંદગીની કાર્યવાહી હાથ ધરાઈ હતી અને ત્યારબાદ શાળા ફાળવણી પૂર્ણ કર્યા બાદ તાજેતરમાં જ રાજ્યના તમામ જિલ્લાઓમાં જૂના શિક્ષકો માટે નિમણૂક હુકમ અને ભલામણ પત્ર આપવામાં આવ્યા હતા. સમગ્ર રાજ્યમાં ૨૨૩૦ જેટલા જૂના શિક્ષકોને નિમણૂક હુકમો અપાયા હતા. દરમિયાન, રાજ્યના શિક્ષણમંત્રીએ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને જૂના શિક્ષકોની નિમણૂક હુકમની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી જગ્યાઓ શિક્ષણ સહાયકની ભરાશે. શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે લખ્યું હતુ કે, જૂના શિક્ષક તરીકે ૨૨૩૦ શિક્ષકોને શાળા ફાળવણીની અને નિમણૂક હુકમની પ્રક્રિયા પૂર્ણ કરાઈ છે, જે અંતર્ગત ખાલી ૩૧૭૮ જગ્યા શિક્ષણ સહાયકથી ભરાશે. વર્તમાન શિક્ષણ સહાયક ભરતીમાં આ જગ્યાઓનો ઉમેરો કરીને કુલ અંદાજે ૧૦૭૦૦ જગ્યા પર ભરતી પ્રક્રિયા હાથ ધરાશે.

જ્યારે રાજ્યની સરકારી માધ્યમિક શાળાઓમાં ૧૨૦૦ અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ૨૩૧૭ એમ કુલ ૩૫૧૭ શિક્ષણ સહાયક ભરતીની કાર્યવાહી ચાલી રહી છે. જેની જાહેરાત આવ્યા બાદ સરકારી માધ્યમિક શાળાઓ માટે ૨૩૪૮૬ અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓ માટે ૨૪૨૫૧ અરજીઓ મળી હતી. આ ભરતી પ્રક્રિયા પણ એપ્રિલ માસના અંત સુધીમાં પૂર્ણ કરાશે. આમ, ઉચ્ચતર માધ્યમિકની ૪૦૯૨ જગ્યા, માધ્યમિકની ૩૫૧૭ જગ્યા મળી કુલ ૭૬૦૯ શિક્ષણ સહાયકની જગ્યા માટે ભરતીની કાર્યવાહી ચાલી રહી છે. જેમાં હવે જૂના શિક્ષકોની ખાલી પડેલી ૩૧૭૮ જગ્યાનો ઉમેરો કરતા ૧૦૭૮૭ જગ્યા થવા જાય છે.

# નીચા ભાવે વેંચાતી ચીનની પાંચ પ્રોડક્ટ ઉપર સરકારે એન્ટી ડમ્પીંગ ડ્યુટી લાધી

## સ્થાનિક ઉત્પાદનોના વેચાણને વેગ આપવા સરકારનો નિર્ણયઃ પાંચ વર્ષ સુધી આ ડ્યુટી લાગુ રહેશે

**અબતક, નવી દિલ્હી**

ભારતે સ્થાનિક કંપનીઓને ચીનથી થતી સસ્તી આયાતથી બચાવવા માટે પાડોશી દેશના ચાર ઉત્પાદનો પર એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી લાદી છે. જે ઉત્પાદનો પર આ ડ્યુટી લાદવામાં આવી છે તેમાં વેક્યુમ ફ્લાસ્ક અને એલ્યુમિનિયમ ફોઈલનો સમાવેશ થાય છે. એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી એ આયાતી માલ પર લાદવામાં આવતી ડ્યુટી છે જ્યારે એવું જાણવા મળે છે કે તે લઘુત્તમ કિંમતથી ઓછી કિંમતે વેચાઈ રહી છે, જેનાથી સ્થાનિક ઉદ્યોગને નુકસાન થઈ રહ્યું છે. સરકાર સ્થાનિક ઉદ્યોગો અને ઉદ્યોગપતિઓને રક્ષણ આપવા માટે આ ફરજ લાદે છે જેથી આયાત ઘટાડી શકાય.

આ ડ્યુટી એટલા માટે લાદવામાં આવી હતી કારણ કે આ ઉત્પાદનો ચીનથી ભારતમાં સામાન્ય કરતાં ઓછા ભાવે નિકાસ કરવામાં આવી રહ્યા હતા. આ ઉત્પાદનોમાં સોફ્ટ ફેરાઈટ કોરો, વેક્યુમ ઈન્સ્યુલેટેડ ફ્લાસ્ક, એલ્યુમિનિયમ ફોઈલ અને ટ્રાઈક્લોરો આઈસોસાયનુરિક એસિડનો સમાવેશ થાય છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેકસીસ એન્ડ કસ્ટમ્સે આ મામલે અલગથી સૂચનાઓ જારી કરી છે. આ સૂચનાઓમાં કહેવામાં આવ્યું છે કે સોફ્ટ ફેરાઈટ કોર, વેક્યુમ ઈન્સ્યુલેટેડ ફ્લાસ્ક અને ટ્રાઈક્લોરો આઈસોસાયનુરિક એસિડની આયાત પર પાંચ વર્ષ માટે ડ્યુટી લાદવામાં આવશે.

એલ્યુમિનિયમ ફોઈલ પર છ મહિના માટે પ્રતિ ટન ૮૭૩ ડોલર સુધીની કામચલાઉ એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી લાદવામાં આવી હતી. વાણિજ્ય મંત્રાલયની તપાસ શાખા, ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝની ભલામણોને અનુસરીને આ ફરજો લાદવામાં આવી છે.

# હવે એક ક્લિકે પ્રોજેકટ અને બિલ્ડરની સંપૂર્ણ માહિતી મળી જશે

## દેશભરમાં મિલકત લેનારાઓને રેરાની વેબસાઈટ માટે આ પ્રકારની માહિતી મળે તેવી વ્યવસ્થા ગોઠવાશે, જેથી રિયલ એસ્ટેટ ક્ષેત્રે પારદર્શકતા વધે

**અબતક, નવી દિલ્હી**

ટૂંક સમયમાં, દેશભરના રહેણાંક પ્રોજેક્ટ્સ અને બિલ્ડરોની સંપૂર્ણ વિગતો ફક્ત એક ક્લિક દૂર હશે, આ એક પગલું છે જે ઘર ખરીદનારાઓને મિલકત બુક કરતા પહેલા જાણકાર નિર્ણયો લેવામાં મદદ કરશે.

દેશભરના તમામ રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીઝ (રેરા) પાસે વધુ સારી રીતે નેવિગેશન માટે એક સામાન્ય વેબસાઈટ અને આઈટી પ્લેટફોર્મ હશે, જે ગ્રાહકોને બિલ્ડરોના પ્રોજેક્ટ સ્ટેટસ જાણવા સક્ષમ બનાવશે, પછી ભલે તેઓ રહેણાંક અને વાણિજ્યિક પ્રોજેક્ટ ક્યાં વિકસાવી રહ્યા હોય. હાલમાં, વિવિધ રેરા તેમની વેબસાઈટ પર અલગ અલગ રીતે વિગતો હોસ્ટ કરે છે અને ફક્ત તેમના અધિકારક્ષેત્ર હેઠળ આવતા બિલ્ડરો અને પ્રોજેક્ટ સ્ટેટસની વિગતો તેમની સાઈટ્સ પર હોસ્ટ કરવામાં આવે છે. તેથી, ખરીદદારો માટે દરેક રેરા વેબસાઈટ પર નેવિગેટ કરવું અને વિગતો મેળવવી એ એક બોજારૂપ પ્રક્રિયા છે. ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલય અને ઓલ ઈન્ડિયા ફોરમ ઓફ રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીઝ, જે તમામ રેરા ની છત્ર સંસ્થા છે, એ આ પર કામ શરૂ કરી દીધું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે પદ્ધતિઓ અંતિમ તબક્કામાં છે અને નવી પદ્ધતિ બધા માટે ફાયદાકારક રહેશે. "આનાથી ખરીદદારોને જરૂરી માહિતી સરળતાથી શોધવામાં મદદ મળશે."આનાથી નિયમનકારી અધિકારીઓને કાયદાના વધુ સારા અમલીકરણ માટે ડેટા મેળવવામાં પણ મદદ મળશે, ઓલ ઈન્ડિયા ફોરમ ઓફ રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીઝ ના પ્રમુખ આનંદ કુમારે જણાવ્યું હતું, જે દિલ્હી રેરા ના અધ્યક્ષ પણ છે.

રેરા હેઠળ તમામ પ્રોજેક્ટ્સની નોંધણી ફરજિયાત છે અને દરેક સત્તાવાળાઓ દ્વારા પ્રોજેક્ટ્સની પ્રગતિનું નિરીક્ષણ કરવામાં આવે છે, સમયમર્યાદા અને કોઈપણ વિસ્તરણ સાથે. તેથી, દરેક રેરા માંથી ડેટાને એકીકૃત કરવામાં અને તેને ખરીદદારો માટે સુલભ બનાવવામાં કોઈ સમસ્યા રહેશે નહીં.આ પગલાનું સ્વાગત કરતા, સરકારની કેન્દ્રીય સલાહકાર પરિષદના સભ્ય અભય ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, "ઘર ખરીદનારાઓ માટે તેને વધુ અસરકારક અને ઉપયોગી બનાવવા માટે, ચોક્કસ બિલ્ડરના બધા પ્રોજેક્ટ્સ તેમના જૂથ હેઠળ દર્શાવવામાં આવ્યા છે. મોટાભાગના બિલ્ડરો વિવિધ પ્રોજેક્ટ્સ માટે અલગ અલગ એસપીવી બનાવે છે અને તેમના કેટલાક પ્રોજેક્ટ્સનો ટ્રેક રેકોર્ડ ખરાબ હોઈ શકે છે. તેથી જ્યાં સુધી તેમના બધા પ્રોજેક્ટ્સની વિગતો તેમના જૂથ હેઠળ પારદર્શક રીતે પ્રદર્શિત ન થાય ત્યાં સુધી, ઘર ખરીદનારાઓ જાણકાર નિર્ણયો લઈ શકતા નથી."

# વિપ્ર યુવાન ઉપર હુમલાના ગુનામાં બે ભાઈના જામીન મંજૂર

## અયોધ્યા ચોક નજીક અગાઉ કરેલી અરજીનો ખાર રાખી યુવકને મારમાર્યો તો

**અબતક, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા અયોધ્યા ચોક નજીક અગાઉ કરેલી અરજીનો ખાર રાખી વિપ્ર યુવાન ઉપર હુમલો કરવાના ગુનામાં જેલ હવાલે રહેલા બે ભાઈની જામીન અરજી અદાલતે મંજૂર કરી છે.

વધુ વિગત મુજબ શહેરના જામનગર રોડ પર આવેલા મનહરપુર નજીક પૃથ્વી સોસાયટી શેરી નંબર ત્રણમાં રહેતા પ્રકાશ ઉર્ફે પીન્ટૂ રમેશભાઈ નામના યુવાનો પર ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા જીવંતિકા નગરમાં રહેતા મનીષ બાબુ ધામેચા, અમિત બાબુ ધામેચા, ચિરાગ બાપુ ધામેચા અને મીત મનીષભાઈ ધામેચાએ લોખંડના પાઈપ વડે હુમલો કર્યા અંગેની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પ્રાથમિક પૂછપરછ માં પ્રકાશ ઉર્ફે પીન્ટુએ અગાઉ આરોપી વિરુદ્ધ કરેલી અરજીનો ખાર રાખી હુમલો કર્યાનું ખુલતા પોલીસે તમામ સામે ગુનો નોંધી મનીષ બાબુ ધામેચા અને મીત મનીષ ધામેચાની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ વાલે કર્યા હતા હાલે રહેલા મનીષ ધામેચા અને તેનો ભાઈ ચિરાગ ધામેચાએ જામીન પર છૂટવા અદાલતમાં અરજી કરી હતી જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ જજે બંને ભાઈની જામીન અરજી મંજૂર કરી છે. આ કામમાં આરોપીઓ વતી સૌ રાષ્ટ્રના જાણીતા એડવોકેટ રોહીતભાઈ બી. ઘીયા, હર્ષ રોહીતભાઈ ઘયા અને મદદમાં રીધ્ધીબેન ખંધેડીયા રોકાયેલ હતા.

# નજર હટી... દુર્ઘટના ઘટી વેપારી માલ લેવા ગયાને ગઠિયાએ થડામાંથી ૫ હજાર તફડાવ્યા

## બાલાજીભવાની ફરસાણની દુકાનમાં ગઠિયો કળા કરી ગયો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના માલવિયા નગર પોલીસ મથક હદમાં ગુરુ પ્રસાદ ચોકમાં ફરસાણની દુકાનના વેપારીની નજર ચૂકવી ૫૦૦૦ રૂપિયા થડામાંથી બઠાવી ગયાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. અંગે પોલીસ માંથી પ્રાપ્ત થતી વિગત મુજબ ગુરુ પ્રસાદ ચોક સીતારામ ડેરી સામે આવેલી બાલાજી ભવાની ફરસાણ દુકાનમાં વેપારી વિશાલભાઈ નીતિનભાઈ ચંદા રાણા રહેવાસી ગોકુલધામ સોસાયટી વાળા એ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે કે ૨૩ માર સાંજે છ વાગ્યે પોતે દુકાને બેઠા હતા ત્યારે અજાણ્યો ગ્રાહક બનીને લાવ્યો હતો અને વિશાલભાઈ ને દુકાનમાંથી મીઠાઈ કરતા લાવવાનું કહેતા વેપારી માલ લેવા દુકાનમાં ગયા ત્યારે નજર ચૂકવી અજાણ્યા શકશે થડામાંથી ૫૦૦૦ રૂપિયા ની ચલણી નોટો ચોરી લીધી હતી આગે માલવિયા નગર પોલીસ સ્ટેશનના એએસઆઈ આરડી ગોહિલ એ તપાસ હાથ ધરી છે.

# ઉદ્યોગકારોને મુંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે ચેમ્બર્સની મુખ્યમંત્રી સાથે ચર્ચા

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વૈષ્ણવ તથા અન્ય પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી વિવિધ પ્રશ્નો-સુચનો રજુ કર્યા

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં તાજેતરમાં ગાંધીનગર ખાતે ''રાજ્યમાં રોકાણ અંગે તેમજ હાલમાં વેપાર-ઉદ્યોગકારોને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ લાવવા અને વ્યાપારમાં સરળતા'' અંગે રાજ્યની વિવિધ ચેમ્બર્સ / એસોસીએશનના પ્રતિનિધિઓ સાથે મિટીંગ યોજવામાં આવેલ હતી. જેમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવ, કારોબારી સભ્ય નરેન્દ્રસિંહ જાડેજા, કુમનલાલ વરસાણી ઉપસ્થિત રહીને વિવિધ પ્રશ્નો-સુચનો રજુ કરવામાં આવેલ. પ્રમુખ વી.પી. વૈષ્ણવએ સૌ પ્રથમ રાજકોટને નવી જીઆઈડીસી તેમજ કન્વેન્શન સેન્ટરની ફાળવણી કરવા માટે મુખ્યમંત્રીને અભિનંદન પાઠવી આભારની લાગણી વ્યક્ત કરેલ.

જીઆઈડીસીના ઘણા બધા પ્રશ્નોની વિગતવાર છણાવટ કરવામાં આવી હતી. જેમાં ખાસ કરીને જીઆઈડીસીઓને ભરવાપાત્ર થતા ડબલ ટેક્ષશનનું તાત્કાલીક નિરાકરણ લાવી સમગ્ર રાજ્યમાં સમાન નિયમ અમલી કરવો.

હાલમાં ડિફેન્સ એન્ડ એરોસ્પેસ પોલીસી રિવાઈઝ થતી હોય રાજકોટ જીલ્લાનો તેમાં સમાવિષ્ટ કરવો સહિતના વિષયો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

રાજ્યના વિકાસમાં વેપાર-ઉદ્યોગોનો સિંહફાળો રહેલ હોય તેમજ વેપાર-ઉદ્યોગોને વેગ આપવા માટે સરકાર હંમેશા કટિબદ્ધ છે ત્યારે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા જે પ્રશ્નો-સુચનો રજૂ કરવામાં આવ્યા છે. તેનું ટૂંક સમયમાં નિરાકરણ લાવવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલએ હકારાત્મક અભિગમ દાખવેલ છે.

# દેવપરા નજીક જવેલર્સ પેઢીમાંથી અડધા લાખના દાગીનાની ચોરી

## બુકાનીધારી તસ્કર બેલડીને ઝડપી લેવા ભક્તિનગર પોલીસ દ્વારા ચક્રો ગતિમાન

**અબતક, રાજકોટ**

શહેરના દેવપરા નજીક આવેલ જવેલર્સ પેઢીમાંથી બુકાનીધારી તસ્કર બેલડીએ રૂ. ૪૯ હજારના ઘરેણાં ઉઠાવી લીધાનો બનાવ સામે આવ્યો છે. મામલામાં ભક્તિનગર પોલીસ મથકમાં ગુનો નોંધાયપ છે.

કોઠારીયા રોડ પર દેવપરા શાક માર્કેટ નજીક અંબિકા જવેલર્સ નામે દુકાન ધરાવી સોના-ચાંદીનં ઘરેણાંનો વેપાર કરતા અને બાપા સીતારામ ચોક નજીક વિવેકાનંદનગર શેરી નં.-૧૪માં રહેતા સંજયભાઈ ભીખાલાલ પરમારે ભક્તિનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૨૧ માર્ચના રાત્રે આઠ વાગ્યે દુકાન બંધ ક્રિમે ઘરે જતાં રહ્યા બાદ બીજા દિવસે સવારે હું ઘરે હતો ત્યારે છ વાગ્યાં આસપાસ દુકાનની બાજુમાં આવેલ પંચમુખી હોટેલના માલિક અશોકસિંહ જાડેજાનો ફોન આવેલ કે તમારી દુકાનના તાળા તૂટ્યા છે.

બાદમાં વેપારી દુકાને પહોંચતા લોખંડની જાળી અને અંદરનં દરવાજાના તાળા તૂટેલી હાલતમાં જોવા મળ્યા હતા અને જાળીવાળો દરવાજો ખુલ્લી હાલતમાં જયારે શટર વળેલી હાલતમાં અડધું ખુલ્લું હાલતમાં મળી આવ્યું હતું. ઉપરાંત કાચના દરવાજાનો લોક પણ તૂટેલ હતો. દુકાનમાં ડિસ્પ્લે કાઉન્ટરના બધા તાળા પણ ખુલ્લી હાલતમાં જોવા મળ્યા હતા. દુકાનમાં તપાસ કરતા ચાંદીના અલગ અલગ પ્રકારના મિક્સ દાગીના જેનો કુલ વજન આશરે ૨૬૨ ગ્રામ જેની કુલ કિંમત આશરે રૂ.૨૧૦૦૦, ઉપરાંત સોનાની ટુકડીવાળી પવિત્રી જેની આશરે કીમત રૂ.૧૫૦૦, વ્હાઈટ મેટલના મિક્સ દાગીના, છત્તર સહિતના દાગીના જેની આશરે કિંમત રૂ.૧૮૦૦૦ તથા ૧૭૦ ગ્રામ ચાંદીનો જુનો ભંગાર જેની કિંમત આશરે રૂ. ૮૫૦૦ એમ કુલ મળી રૂ. ૪૯૦૦૦ ના દાગીના મળી આવ્યા ન હતા. મામલામાં વેપારીએ દુકાનના સીસીટીવી ચકાસતા બે બુકાનીધારી તસ્કરો દુકાનમાં પ્રવેશ કરી ચોરીને અંજામ આપતાં ધ્યાને પડતા વેપારીએ ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

હાલ ભક્તિનગર પોલીસના પીઆઈ એમ એમ સરવૈયાનં માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી એલ રાઠોડની ટીમે તપાસ શરૂ કરી તસ્કરોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# રીઢો તસ્કર વિપુલ કાવેઠીયા પાસા તળે ધકેલાયો

## થોરાળા પોલીસે કરેલી પાસા દરખાસ્તને પોલીસ કમિશ્નરની મંજૂરી : વડોદરા જેલ ભેગો કરી દેવાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશનર સજ્જન સિંહ પરમાર, મદદનીશ પોલીસ કમિશનર બી બી જાદવ દ્વારા શહેરમાં ઘરફોડ ચોરી કરવાની ટેવ ધરાવતા રીઢા તસ્કરો વિરુદ્ધ અસરકારક કામગીરીના આદેશના પગલે થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઈ એન જી વાઘેલાએ ઘરફોડ



ચોરીનો અઠંગ આરોપી કુબલીયાપરામાં રહેતો વિપુલ વલ્લભભાઈ કાવિઠીયા (ઉ.વ.૨૭) વિરુદ્ધ પાસાની દરખાસ્ત કરતા પોલીસ કમિશનર દ્વારા પાસા દરખાસ્ત મંજૂર કરતા વિપુલ કાવેઠીયાને ઝડપી લઈ વડોદરા જેલ હવાલે કર્યો હતો. આ કામગીરીમાં પીઆઈ એન જી વાઘેલા, પીએસઆઈ એમ એસ મહેશ્વરી, એએસઆઈ જયેશભાઈ નિમાવત, હેડ કોન્સ્ટેબલ ભરતભાઈ ડાભી, હસમુખભાઈ નીનામા, ભરતસિંહ પરમાર, કિશોરભાઈ પરમાર, કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ જાડેજા, કિરણભાઈ પરમાર, નિલેશભાઈ ચૌહાણ, રાકેશભાઈ બાલસરા, જયરાજસિંહ કોટીલા તેમજ પીસીબી શાખાના ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયા, પીએસઆઈ એમ જે હુંણ, પી બી ત્રાજિયા, એ.એસ.આઈ રાજુભાઈ દહેકવાલ અને હેડ કોન્સ્ટેબલ ઈન્દ્રજીતસિંહ સિસોદિયા રોકાયા હતા.

## (પહેલા પાનાનું ચાલું)

### હૃદય...

દ્વારા અથવા ૨૦૨૩ માં સ્થાપિત અનુસંધાન નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા આ માટે ભંડોળ પૂરું પાડવાનો નિર્ણય લેવામાં આવી શકે છે,'' પ્રોજેક્ટના માર્ગદર્શન અને સમયસર પૂર્ણ કરવા માટે એક સર્વાંગી સમિતિની સ્થાપવા તેમજ પ્રોજેક્ટના ટેકનિકલ અને નાણાકીય પાસાઓનું નિરીક્ષણ કરવા માટે એક મિશન ડિરેક્ટોરેટની સ્થાપનાનો પણ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

અહેવાલમાં જણાવાયું છે કે કાનપુર, ખડગપુર અને દિલ્હીની IIT, તેમજ શ્રી ચિત્રા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ એન્ડ ટેકનોલોજી, ઓછી કિંમતના LVAD અને 'સંપૂર્ણ કૃત્રિમ હૃદય' વિકસાવવાના વિવિધ તબક્કામાં છે, જે અંતિમ તબક્કાના હૃદય નિષ્ફળતાથી પીડાતા વ્યક્તિઓને જીવનરક્ષક સારવાર પૂરી પાડી શકે છે.

### શેરબજાર

ગયા અઠવાડિયે આ સતત ત્રીજું સત્ર હતું જેમાં વિદેશી રોકાણકારોએ ખરીદી કરી હતી. બજારે તેના ઘટાડાનું કારણ બનેલી બધી ઘટનાઓને પચાવી લીધી છે. જેમ કે ઈઝરાયલ હમાસ યુદ્ધ, વેપાર યુદ્ધ, રશિયા-યુક્રેન યુદ્ધ. આ ઉપરાંત, ટાટા મોટર્સ અને ઈન્ફોસિસ જેવા સારા ફંડામેન્ટલ્સ ધરાવતા ઘણા શેર સસ્તામાં ઉપલબ્ધ છે, જેને લોકો ખરીદી રહ્યા છે. ટાટા મોટર્સ તેના શિખરથી ૪૦% નીચે આવી ગયો છે.નાણાકીય વર્ષ ૨૦૨૫ ના ત્રીજા ક્વાર્ટરમાં ભારતનો જીડીપી ૬.૨% ના દરે વધ્યો. ફેબ્રુઆરીમાં છૂટક ફુગાવાનો દર ૩.૬૧% રહ્યો, જે જાન્યુઆરીમાં ૪.૨૬% હતો. આ ઉપરાંત, જાન્યુઆરીમાં ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક ૫% વધ્યો, જે પાછલા મહિનામાં ૩.૨% હતો. નિષ્ણાતોના મતે, આ ડેટા અર્થતંત્ર માટે સકારાત્મક છે.

એશિયન બજારોમાં, જાપાનનો નિક્કી ૦.૦૦૦૨૪%, હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ ૦.૧૩% અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ૦.૧૪% ઘટ્યો છે. ૨૧ માર્ચે, અમેરિકાનો ડાઉ જોન્સ ૦.૦૭૬% વધીને ૪૧,૯૮૫ પર બંધ થયો. નાસ્ડેક કમ્પોઝિટ ૦.૫૨% વધ્યો, જ્યારે એસએન્ડપી જી ૫૦૦ ઈન્ડેક્સ ૦.૦૮૨% વધ્યો. ૨૧ માર્ચના રોજ, વિદેશી રોકાણકારો એ ૭,૪૭૦.૩૬ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. જ્યારે સ્થાનિક રોકાણકારો એ ૩,૨૦૨.૨૬ કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા.

### ડિજિટલ માફીયાઓ...

છેતરપિંડીનો સમાવેશ થતો નથી. કૌભાંડીઓ મનોવૈજ્ઞાનિક ચાલાકીનો ઉપયોગ કરે છે. વ્યવસ્થિત રીતે તેમના લક્ષ્યોને અલગ કરે છે, વિસ્તૃત વાસ્તવિકતાઓ બનાવે છે અને અનિવાર્ય ગભરાટની ભાવના પેદા કરવા માટે અત્યાધુનિક તકનીકોનો ઉપયોગ કરે છે. આ એક સંભવિત સમજૂતી હોઈ શકે છે કે સ્કેમર્સ પીડિતોને ફસાવી રહ્યા છે.ગયા વર્ષે મુંબઈ પોલીસે ડિજિટલ એરેસ્ટ છેતરપિંડીના ૧૯૫ કેસ નોંધ્યા હતા. આ વર્ષના પહેલા બે મહિનામાં આ આંકડો ૧૫ પર પહોંચી ગયો છે.

આ કૌભાંડોમાં લક્ષિત વ્યક્તિઓ ઘણીવાર સમાજમાં ચોક્કસ અંશે નાણાકીય સ્થિરતા, પ્રતિષ્ઠા અને આદર ધરાવે છે. જ્યારે આ પાસાઓ જોખમમાં મુકાય છે, ખાસ કરીને જીવન માટે જોખમ, ત્યારે વ્યક્તિઓ અત્યંત સંવેદનશીલ બની જાય છે, તેવું સલાહકાર મનોચિકિત્સક ડો. અવિનાશ દે સોસાએ જણાવ્યું.

પશ્ચિમ ઉપનગરના એક વરિષ્ઠ નાગરિકે જણાવ્યું કે તેમણે છેતરપિંડી કરનારની સૂચનાઓનું આંધળું પાલન કર્યું અને તેમની પુત્રીને સંભવિત નુકસાનની ધમકી મળ્યા પછી ૧૯ લાખ ચૂકવી દીધા હતા. ડો. ડી સોસાએ કહ્યું કે પ્રિયજનોને નુકસાન પહોંચાડવાની ધમકીઓનો સામનો કરીને પીડિતો સૌથી તાત્કાલિક ઉકેલ શોધવાનું વલણ ધરાવે છે. કોઈ પણ ઈચ્છતું નથી કે તેમના પરિવારને નુકસાન થાય. જો પૈસા ચૂકવવા એ પરિસ્થિતિનો ઉકેલ લાવવાનો સૌથી સરળ રસ્તો લાગે છે, તો તે જ કરવામાં આવે છે અને તેનો જ લાભ ડિજિટલ માફિયાઓ ઉઠાવી લેતા હોય છે.

## (ત્રીજા પાનાનું ચાલું)

### વરૂડી માતાજી...

પ્રાતઃ પૂજન, હોમ કર્મ ,સ્થાપીતમ હોમ,પ્રધાન પ્રતિષ્ઠા વિધિ ધ્વજારોહણ કળશ પૂજન, દીક્ષુ હોમ ,વાસ્તુકર્મ, ઉત્તર પૂજન બલિદાન વિધિ, શ્રીફળહોમ મહા આરતી મહાપ્રસાદ કાર્યક્રમ યોજાયા હતા

નગર પીપળીયા વરૂડી માતાજી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં દ્વિતીય દિવસે ૧૦૮ કળશથી અભિષેક કરવામાં આવ્યો

આ યજ્ઞ આચાર્ય શાસ્ત્રી કેવલ પંડ્યા દ્વારા કરવામાં આવશે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં દરરોજ બપોર અને સાંજે મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું હતી

નગર પીપળીયા વરૂડી માતાજી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ખોડલધામ મંદિરના ટ્રસ્ટી નરેશભાઈ પટેલ નિહાળી માતાજીના દર્શન કરી ગ્રામજનોને શુભેચ્છા પાઠવેલ છે

બિલ્ડર્સ અને ભગવતી ઈન્ડસ્ટ્રીયલ ઝોન વાળા વિપુલભાઈ હરસોડા શીલા થી શિખર સુધી આરસ પથ્થર થી બનાવેલી માં વરૂડી માતાજીનુ અદભુત મંદિર નગર પીપળીયા ગ્રામજનો માટે ખુલ્લું મૂક્યું હતું

રાસ ગરબાઓનું ગરબાઓમાં રમઝટ બોલાવી હતી તેમજ આજે સાંજે ૬:૦૦ વાગે ભવ્ય લોક ડાયરો જેમાં લોકગાયિકા અલ્પનાબેન પટેલ યોગીતાબેન પટેલ હાસ્ય કલાકાર મનસુખભાઈ વસોયા રમઝટ બોલાવશે મહેમાનોની સન્માન વિધિ નો કાર્યક્રમ સાંજે ૭:૦૦ વાગ્યે ઉપસ્થિત રહેલા તમામ મહેમાનોને સન્માનિત કરાશે.

શ્રી વરૂડી માતાજીના મંદિર નિર્માતા ચંદુભાઈ વશરામભાઈ હરસોડા ,વિપુલભાઈ ચંદુભાઈ હરસોડા મંદિરના શિલ્પકાર ચેતનભાઈ સોમાપુરા છે શ્રી વરૂડી માતાજીની મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સૌ ભાવિકોને ઉપસ્થિત રહેવા ચંદુભાઈ વશરામભાઈ હરસોડા, વિપુલભાઈ ચંદુભાઈ હરસોડા, મંદિરના શિલ્પકાર ચેતનભાઈ સોમપુરા છે. તથા સમસ્ત નગર પીપળીયા ગામ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. રાસ ગરબાઓનું ગરબાઓમાં રમઝટ બોલાવી હતી તેમજ આજે સાંજે ૬:૦૦ વાગે ભવ્ય લોક ડાયરો જેમાં લોકગાયિકા અલ્પનાબેન પટેલ યોગીતાબેન પટેલ હાસ્ય કલાકાર મનસુખભાઈ વસોયા રમઝટ બોલાવશે મહેમાનોની સન્માન વિધિ નો કાર્યક્રમ સાંજે ૭:૦૦ વાગ્યે ઉપસ્થિત રહેલા તમામ મહેમાનોને સન્માનિત કરાશે.

શ્રી વરૂડી માતાજીના મંદિર નિર્માતા ચંદુભાઈ વશરામભાઈ હરસોડા ,વિપુલભાઈ ચંદુભાઈ હરસોડા મંદિરના શિલ્પકાર ચેતનભાઈ સોમાપુરા છે શ્રી વરૂડી માતાજીની મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સૌ ભાવિકોને ઉપસ્થિત રહેવા ચંદુભાઈ વશરામભાઈ હરસોડા, વિપુલભાઈ ચંદુભાઈ હરસોડા, મંદિરના શિલ્પકાર ચેતનભાઈ સોમપુરા છે. તથા સમસ્ત નગર પીપળીયા ગામ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે

## (ચોથા પાનાનું ચાલુ)

### જે ડી એફને રિસર્ચ સેન્ટર

નથવાણી,જયંતભાઈ ટાક, અશોકભાઈ કક્કડ,દિવ્યેશભાઈ મહેતા,સચિનભાઈ રવાણી અશોકભાઈ પારેખ, નિરંજનભાઈ દોશી, ધવલભાઈ દોશી, નરેન્દ્રભાઈ દોશી, તરુણભાઈ મહેતા, કિર્તીભાઈ મણિયાર સહિતના મહેમાનોએ કાર્યક્રમની શોભા વધારી હતી. તમામ મહેમાનોને સાલ ઉઠાડીને સન્માન કરવામાં આવ્યું હતું તેમજ બુકનો વિમોચન કરવામાં આવ્યું હતું

જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશનના પ્રણેતા અપુલભાઈ દોશી, અનીશભાઈ શાહ,રોહિત કાનાબાર,હરિકૃષ્ણ પંડ્યા, અમિત દોશી,અજય લાખાણી અને મિતેશ ગણાત્રા સહિતની ટીમ એ જહેમત ઉઠાવી હતી

### અપૂલભાઈ દોશી

તેમને આર્થિક પગભર થવામાં પણ જે ડી એફ સહયોગ કરે છે જે ડી એફ એ લગ્ન ગ્રંથિ માં જોડવામાં પણ માટે મેટ્રોમોની ની સ્થાપના કરવામાં આવી છે જેડી એફ એ અત્યાર સુધીમાં બાળકોને લગ્નગ્રંથી થી પણ જોડિયા છે અત્યારે સુધીમાં ૮૦૦ બાળકોને ટાઈપ વન ડાયાબિટીસની સુવિધા તદ્દન નિશુલ્ક આપવામાં આવે છે તેમજ બાકી રહેલા બાળકોને ટ્રીટમેન્ટ ૩૦ થી ૪૦% માં આપવામાં આવે છે ટાઈપ વન ડાયાબિટીસનો દર મહિને ૧૦,૦૦૦ નો ખર્ચ આવે છે જે ડી એફ પરિવાર દ્વારા વ્યસન મુક્ત અભિયાન પણ ચલાવવામાં આવે છે

### શાસ્ત્રી માધવપ્રિયદાસ

સદાચારના માર્ગે આગળ વધજો. ભગવાનમાં નિષ્ઠા રાખવાથી કોઈ મુશ્કેલી પડતી નથી. સંસ્થામાં તમે ઘણા વરસો રહીને સંસ્કાર સાથે વિદ્યાભ્યાસ કર્યો છે તે માતૃતુલ્ય સંસ્થાને અને સંતોને ભૂલશો નહી.

### વીવીપી કોલેજ

અને તેમને ૨.૫ લાખથી પણ વધુના ઈનામો અપાયા હતાં.

સમગ્ર ટેકફેસ્ટને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રિન્સીપાલ ડો. પિયુષભાઈ વણઝારાના માર્ગદર્શન હેઠળ કન્વીનર પ્રો. શિલ્પાબેન કાથડ તેમજ કો-કન્વીનર પ્રો. હાર્દિકભાઈ ખુંટ, પ્રો. અમિતભાઈ પાઠક ,ડો. મૌલિકભાઈ ધામેચા, પ્રો. દર્શનભાઈ ઉપાધ્યાય, પ્રો. ઉર્મીબેન કણસાગરા, પ્રો. કાજલબેન પલાણ, પ્રો. જયદીપભાઈ ભંડેરી, પ્રો. પ્રતિકભાઈ કોરડીયા, ડો. પંકજભાઈ સોલંકી, પ્રો. વીરા ભાલોડીયા, પ્રો. હાર્દિકભાઈ પંડયા, પ્રો. રવિનભાઈ સરધારા, પ્રો. વિધિબેન રાજાણી, પ્રો. હેત્વીબેન કોટક, પ્રો. કિરીટભાઈ કાલરીયા, પ્રો. શેરોનબેન ક્રિસ્ટી, જીજ્ઞેશભાઈ કોઠારી તેમજ સમગ્ર કર્મચારી અને વિદ્યાર્થીગણે જહેમત ઉઠાવી હતી.

એ આઈ ફોર ઓલ થીમ પર સમગ્ર વી.વી.પી. કેમ્પસને ડેકોરેટ કરાયું હતું. અંદાજે ૧૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓની ટીમ છેલ્લા ૨૦ દિવસથી પણ વધુ સમયથી આ માટે મહેનત કરી રહી હતી.

આ સ્પર્ધાની સફળતા બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર તથા ડો. નવીનભાઈ શેઠે અભિનંદન પાઠવેલ છે.

## (૧૨માં પાનાનું ચાલુ)

### નચિકેત એવોર્ડ

કૃષ્ણકાંત ઉનડકટને નચિકેત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.તેઓ ગુજરાતના જાણીતા પત્રકાર છે, તેમણે પત્રકારત્વ ક્ષેત્રે અનેકવિધ સેવાઓ આપી છે. તેઓ વિવિધ ક્ષેત્રે પત્રકારત્વમાં સક્રિય છે. કૃષ્ણકાંત ઉનડકટ પત્રકારત્વ ક્ષેત્રે અનેક વર્ષોથી સક્રિય છે. તેઓ પોતાના નિડર અને સ્પષ્ટ લેખન માટે જાણીતા છે.તેમણે સામાજિક અને રાજકીય મુદ્દાઓ પર અનેક લેખો લખ્યા છે, તેઓ સમાજના વિવિધ વર્ગોના ઉત્થાન માટે કાર્ય કરે છે. સમાજમાં શ્રેષ્ઠ કાર્ય બદલ આ વર્ષનો નચિકેત એવોર્ડ કૃષ્ણકાંત ઉનડકટને મોરારીબાપુના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો અને તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું

## (છેલ્લા પાનાનું ચાલુ)

### કેબીઝેડ નમકીન

આવી રહ્યા છે. આગથી કોઈ જાનહાની ટળી હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ બહાર આવ્યું છે તેમજ આ બનાવની જાણ કુવાડવા રોડ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો છે અને આગની ઘટનાથી કાચો અને પાકો માલ તેમજ મશીનરી બળીને ખાખ થઈ ગયા હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જાણવા મળ્યું છે. આથી કરોડોનું નુકશાન થયું હોવાનું જાણવા મળેલ છે તેમજ બોઈલરમાંથી આગ લાગ્યા હોવાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું છે. આગ કાબૂમાં આવ્યા બાદ નુકશાની અને આગનું કારણ બહાર આવશે.

### ગોપાલ ઈટાલિયા...

વિધાનસભા પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ગોપાલ ઈટાલિયાની જાહેરાત થવા બદલ ખૂબ-ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.' નોંધનીય છે કે, ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર હર્ષ રિબડિયા અને આપ ના ભૂપત ભાયાણી વચ્ચે જામેલા ચૂંટણી જંગમાં ભૂપત ભાયાણી વિજેતા બની ધારાસભ્ય બન્યા હતા. જોકે, એક જ વર્ષમાં તેમણે રાજીનામું આપી દેતાં બેઠક ખાલી પડી હતી. હવે ગમે ત્યારે આ બેઠક પર પેટા ચૂંટણીનું આયોજન થઈ શકે છે. જે માટે આપ એ કમર કસવાનું શરૂ કરી દીધું છે.

### ટીબી નાબૂદી...

પ્રદર્શન કરનારું રાજ્ય બન્યું છે. ટીબીના કેસોની વહેલી તકે તપાસ અને સારવાર માટે ભારત સરકારે ૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ''૧૦૦-દિવસીય સઘન ટીબી નાબૂદી અભિયાન'' શરૂ કર્યું છે. ગુજરાતે આ અભિયાન હેઠળ અત્યારસુધીમાં ૧૬ જિલ્લાઓ અને ૪ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સમાવેશ કર્યો છે. ૨૦ માર્ચ ૨૦૨૫ સુધીમાં આ અભિયાન હેઠળ ૩૫.૭૫ લાખ લોકોનું ટીબી પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ વ્યાપક પરીક્ષણના પરિણામે, ૧૬,૭૫૮ નવા ટીબી દર્દીઓની ઓળખ કરવામાં આવી છે અને તેમની સારવાર પણ શરૂ કરવામાં આવી છે.

# વોર્ડ નં.૧૨માં ડામર રોડના કામનું ખાતમુહૂર્ત કરતા સાંસદ રૂપાલા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૨/૩/૨૦૨૫ના રોજ વોર્ડ નં.૧૨માં પ્રમુખ બ્લીચ કોમ્પલેક્ષ, રામધણ આશ્રમથી વગડ ચોક જતા મવડી પાળ રોડમાં રકમ રૂ.૫૧ લાખના ખર્ચે ''એક્શન પ્લાન હેઠળ ડામર કરવાના કામનું ખાતમુહૂર્ત સાંસદ પરસોતમભાઈ રૂપાલાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

આ ખાતમૂહૂર્ત કાર્યક્રમમાં સાંસદ પરષોતમભાઈ રૂપાલા, પ્રમુખ રાજકોટ શહેર ભાજપ ડો.માધવભાઈ દવે, મેયર નયનાબેન પેઢડીયા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ મેયર ડો.પ્રદીપ ડવ, કોર્પોરેટર મિતલબેન ચેતનભાઈ લાઠીયા, મૌલિકભાઈ દેલવાડીયા, રાજદીપસિંહ જાડેજા, નરશીભાઈ કાકડિયા, જયેશભાઈ પંડ્યા, ધિરજભાઈ મુંગરા, યોગેન્દ્રસિંહ જાડેજા, કિશનભાઈ ટીલવા, મનસુખભાઈ વેકરીયા, દશરથસિંહ જાડેજા, યોગરાસિંહ જાડેજા,



સિદ્ધરાજસિંહ જાડેજા, રમીઝ મુલતાની, દિલીપભાઈ કોટડીયા, મહિપતભાઈ હુંબલ, મહેશભાઈ અવાડીયા, કિશોરભાઈ પરમાર, આસિફભાઈ મલેક, સરીફભાઈ સોઢા, ચેતનભાઈ હિરપરા, પરેશભાઈ સગપરિયા, મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

# સમાન નાગરિક ધારાને સમર્થન આપતું હિન્દ મહિલા પરિષદ

## મહિલા ધારાશાસ્ત્રીઓ અને પ્રતિનિધિઓએ રાજયમાં યુસીસી સંદર્ભમાં સહકાર રચિત સમિતિ સાથે બેઠક કરી

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્યમા 'સમાન નાગરિક ધારાના સંદર્ભમાં ગુજરાત સરકાર દ્વારા રચવામાં આવેલ સમિતિ સમક્ષ અખિલહિન્દ મહિલા પરિષદની આગેવાની હેઠળ મહિલા ધારાશાસ્ત્રીઓ તેમજ વિવિધ

મહિલા સંગઠનના પ્રતિનિધિઓએ એક બેઠક કરી અને સર્વાનુમતે સમાન નાગરિક ધારાને સમર્થન આપ્યું હતું અને સાથો સાથ લીવ ઈન રિલેશનશિપના સંદર્ભમાં ગંભીર ચિંતા વ્યક્ત કરી આ વિષયમાં લીવ ઈન રિલેશનશિપનું રજીસ્ટ્રેશન વગેરે બાબતોથી લગ્ન પ્રથા ઉપર જરાપણ વિપરીત અસરન થાય તે અર્થે ખાસ કાળજી લેવા સમિતિને ભારપૂર્વક અનુરોધ કર્યો છે અને સાથો સાથ આવા કોઈપણ વિષય વસ્તુ નક્કી કરતા પહેલા રાજ્યભરના મહિલા સંસ્થાઓ તેમજ મહિલા ધારાશાસ્ત્રીઓ સહિત પ્રત્યક્ષ સ્ટેક હોલ્ડર સાથે પૂરી ચર્ચા કરવા અર્થે ખાસ અપીલ કરવામાં આવી હતી. આ મિટિંગ ડો. ભાવનાબેન જોશીપુરાની અધ્યક્ષતામાં મળેલ તેમાં મહિલા બારના પ્રમુખ રક્ષા ઉપાધ્યાય, પ્રગતિ માંકડિયા, ઈતિહાસ વિદ્દ પ્રફુલ્લ રાવલ, જ્યોતિબેન શુક્લ, શબનમબેન ઠેબા, અરુંધતિબેન દાસાણી, ધરાબેન ઠાકર, પારૂલબેન પંડ્યા અને પુનમબેન વ્યાસસ હિત મહિલા અગ્રણીઓ હાજર રહેલ.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** રાજકોટ નિવાસી ભારતીબેન (ઉ.વ.૭૫) તે સ્વ.દલસુખરાય જેચંદભાઈ મહેતાના પુત્રવધુ તે દિનેશભાઈના પત્ની, મીતલ, અમીતના માતા, શીતલબેનના સાસુ, પાર્થીલ, વંશીલના દાદી, માળીયા હાટીના વાળા સ્વ. ગોરધનદાસ વિઠ્ઠલદાસ જુઠાણીના પુત્રીનું તા. ૨૨ ના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટ:** ઔદીચ્ય સહસ્ત્ર ચિભડીયા બ્રહ્મસમાજના મૂળ ભૂણાવા, હાલ રાજકોટ નિવાસી કિશોરકુમાર હરસુખભાઈ ત્રિવેદીના પુત્ર પાર્થ(ઉ.વ.૩૧)નું તા. ૨૨ ના રોજ અવસાન થયું છે. બેસણું તા. ૨૪ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬, શ્રી રામેશ્વર ખોડીયાર મંદિર ૨/૭, લક્ષ્મીનગર રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** વસંતરાય બાલાશંકર જાની (બેંક ઓફ બરોડાવાળા) તે ચંદાબેન વસંતરાય જાનીના પતિ, પ્રભાબેન ભૂપતરાય જોષી, જનકબેન દિનેશ દવેના ભાઈ, અર્ચના વિપુલ જોષી, ધારા કેતન વ્યાસ, વૈશાલી આશિષ ત્રિવેદીના પિતાનું તા. ૨૩ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૭ ને ગુરૂવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૩૦ જાગનાથ મંદિર, યાજ્ઞીક રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ટેન્શનથી મુકત અને પાપથી બચાવે તે ધર્મસ્થાનક: ધીરગુરુદેવ

## ધંધુકામાં નવનિર્મિત આયંબિલ ભવન ઉદઘાટનમાં લાખોનું દાનની સરવાણી



**અબતક, રાજકોટ**

ધંધુકા ખાતે ધીરગુરુદેવ તથા જયોત્સ્નાજી મ.સ. પ્રેરિત અને વિમળાજી મ.સ. (દેવલાલી) ની સ્મૃતિમાં નિર્મિત રીટાબેન કિરીટભાઇ મગીયાના હસ્તે વિમલ આયંબિલ ભવન આને વિમળાબેન ચંપકલાલ ખેતાણી વેયાવચ્ચ ભવન તેમજ કસ્તુરીબેન ખોડીદાસ ટીમાણીયા જૈન ઉપાશ્રયની તાલોદઘાટન વિધિનો લાભ જયોત્સ્ના મહેન્દ્ર સંઘવી, જયેશ શાહ, અજય બરાનીયા અને જયોત્સ્ના છબીલદાસ હકાણીએ લીધેલ.

મેઘરાજ દરબારમાં વિમલમુનિ મ.સા., ધીરગુરુદેવ પૂ. જયેશમુનિ મ.સા. ઠાણા-૬ અને બોટાદ, ગોંડલ, અમજરામરના ૨૩ ઠાણા અને અમદાવાદ, મુંબઇ, રાણપુર, પાળિયાદ, બોટાદ, રાજકોટ, બરોડા, ગાંધીનગર, દામનગર, ઢસા વગેરેગામના ભાવિકોને સંબોધતા અને સીન ફ્રી પાપથી રહિત બનાવે તે ધર્મસ્થાનક છે. વધુમાં કહેલ કે જીવનને કોયડા જેવું ન બનાવો કે જે ઉકેલવો અઘરો પડે પણ કવિતા જેવું બનાવો ગમે ત્યારે ગાઇ શકાય, પૂ. વિમલગુરુદેવે કહેલ કે ગરમીમાં બાળે નહિ, શિયાળામાં ઠારે નહિ અને ચોમાસામાં ચૂવે નહિ તેવા સાતાકારી ઉપાશ્રયનું નિર્માણ સ્વ-પર કલ્યાણકારી બને છે.

જૈન સમાજમાં ગોંડલ સંપ્રદાયના શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા ધીરગુરુદેવ શાસન સમાજ માટે જે બીન સાંપ્રદાયિક કાર્ય કરી રહ્યા છે. તે કોટીશ અભિનંદનને પાત્ર છે તેમ છોટે ગુરુદેવે જણાવેલ.

ભાવસાર સમાજના ઉપકારી મહાપ્રતાપી મેઘરાજજી મ.સા.ની પાટનો લાભ સમસ્ત ભાવસાર સમાજ વતી પ્રમુખ કિરણભાઇ ગુરુજી, કાયમી વૈયાવચ્ચનો વિમળાજી મ.સ.ની યાદીમાં રીટાબેન કિરીટભાઇ મગીયા, પ્રવેશ દ્વારનો વીજ કોરબેન માણેકલાલ ડેલીવાલા, આસો આયંબિલ ઓળીનો હસુમતિબેન પોપટલાલ ધોળકીયા તથા અન્ય વિભાગનો હંસાબેન મનુભાઇ બેલાણી

સવિતાબેન જયંતિલાલ સંઘવી, મંજુલા મહેન્દ્ર સંગોઇ, વર્ષાબેન હસુભાઇ સંઘવી, રાણપુરા અને ટીમાણીયા પરિવાર તેમજ ૧૧ હજારની વૈયાવચ્ચ યોજનામાં ૧૦૮ દાતાઓ જોડાતા આશરે ૮૫લાખનું ફંડ થવા પામેલ, ૧૨૦૦ ભાવિકો શાંતિપૂર્વક ગૌતમ પ્રસાદ લઇ ઉલ્લાસપૂર્વક વિખરાયા હતા. ધારાસભ્ય કાળુભાઇ ડાભી, અમદાવાદ જિલ્લા ભાજપ પ્રમુખ શૈલેશ દાવડા વગેરેએ સંતદર્શનનો લાભ લીધેલ. પૂ. ધીરગુરુદેવનો રાજકોટ તરફ વિહાર થયેલ છે.

# ડિગ્રી ઈજનેરીની ૭૮૬૧૧ બેઠક પર પ્રવેશ માટે આજથી ૨૦મે સુધી ઓનલાઇન રજિસ્ટ્રેશન

**અબતક, રાજકોટ**

ધો.૧૨ પછી ડિગ્રી ઈજનેરીની ૭૮૬૧૧ બેઠકો પર પ્રવેશ માટે આજથી લઇને ૨૦મી મે સુધી ઓનલાઇન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. રજિસ્ટ્રેશનની સાથે સાથે વિદ્યાર્થીઓને ઓનલાઇન પ્રવેશ અંગે જાણકારી મળી રહે તે માટે ૨૯મીથી જુદા જુદા જિલ્લાઓમાં ૫૨ ઓફલાઇન અવરનેસ કાર્યક્રમ યોજવામાં આવશે. ધો.૧૨ સાયન્સની પરીક્ષાની સાથે સાથે ગુજકેટ અને જેઇઇ-મેઇનની પરીક્ષા પણ પૂર્ણ થઇ ચૂકી છે. તા.૨૪મીને સોમવારથી ઓનલાઇન રજિસ્ટ્રેશન શરૂ થશે જે આગામી ૨૦મી મે સુધી ચાલશે. સરકારી અને ગ્રાન્ટેડ ઈજનેરી કોલેજોની તમામ બેઠકો અને સ્વનિર્ભર કોલેજોની ૫૦ ટકા બેઠકો ઉપરાંત જે કોલેજોએ પોતાની મેનેજમેન્ટ ક્વોટાની બેઠક પ્રવેશ સમિતિની સુપ્રત કરી હશે તેના માટે કાર્યવાહી કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓએ ગત વર્ષે પૂરક પરીક્ષા પાસ કરી હોય તેઓએ તમામ માર્કશીટ અપલોડ કરીને રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. બોર્ડ દ્વારા હવે પછી ઈમ્પ્રુવમેન્ટ એકઝામ લેવામાં આવનાર છે તે પરીક્ષામાં કોઇ વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહેવાનું થાય અને તેણે રજિસ્ટ્રેશન કરાવી લીધું હોય તો પરિણામ પછી અન્ય કોઇ કાર્યવાહી કરવાની રહેશે નહીં. આપોઆપ તેના પરિણામના આધારે આગળની પ્રવેશ પ્રક્રિયામાં તેને સામેલ કરી દેવામાં આવશે. જે ઉમેદવારોએ ગુજકેટ કે જેઇઇ-૨૦૨૫ આપી હોય અથવા તો બન્ને આપી હોય તેઓ જ આ પ્રવેશ પ્રક્રિયા માટે રજિસ્ટ્રેશન કરાવી શકશે. પાછલા વર્ષની પરીક્ષામાં બેઠા હોય તેઓ વર્ષ ૨૦૨૫ની પ્રક્રિયામાં રજિસ્ટ્રેશન કરાવી શકશે નહીં. સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોની ૫ ટકા બેઠકો પર જેઇઇ-મેઇનના પરિણામના આધારે મેરિટ બનાવીને પ્રવેશ ફાળવવામાં આવશે. પ્રવેશ સમિતિ દ્વારા કયા કોર્સ માટે કયા વિષયો પાસ કરેવા જરૂરી છે તેની વિગતો પણ વેબસાઇટ પર જાહેર કરી દેવાઈ છે.

# નાનામવા આરોગ્ય કેન્દ્ર ખાતે મહિલાઓ માટે સર્વાઈકલ કેન્સરનો સેમીનાર યોજાયો



**અબતક, રાજકોટ**

મ્યુનિ. કોર્પોરેશન સંચાલિત નાનામવા આરોગ્ય કેન્દ્રમાં ડો. વિસાવડીયા એસ.એચ.નું સર્વાઈકલ કેન્સર અંગેનું વ્યકતવ્ય યોજાયું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રના આશાવર્કર બહેનો તથા નર્સીંગ સ્ટાફ જોડાયા હતા. બહોળી સંખ્યામાં કાર્યક્રમનો લાભ બહેનોએ લીધો હતો. ડો. વિસાવડીઆ દ્વારા સર્વાઈકલ કેન્સર અંગે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો. માનસી ડોડીયા તથા ડો. માનસીબેન સંતોષીએ જહેમત ઉઠાવી હતી.

# વોર્ડ નં.૬માં સ્ટોર્મ વોટર પાઈપલાઈન નાખવાના કામનું ખાતમુહુર્ત કરતા ધારાસભ્ય ઉદય કાનગડ

## મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા



**અબતક, રાજકોટ**

વિધાનસભા- ૬૮-રાજકોટ, વોર્ડ-૬ માં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અનમોલ પાર્કથી ગોકુલ વિદ્યાલય સુધી વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર પાઈપલાઈન નાખવાના કામનું ખાતમુહુર્ત ધારાસભ્ય ઉદય કાનગડના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા, બાંધકામ સમિતિના ચેરમેન ભાવેશ દેથરીયા, કોર્પોરેટરો પરેશ પીપળીયા (પી.પી.), મંજુબેન કુંગશીયા, દેવુબેન જાદવ, વોર્ડના પ્રભારી રસિકભાઈ પટેલ, વોર્ડપ્રમુખ અંકિત દુધાત્રા, વોર્ડ મહામંત્રી અનિલ ચૌહાણ, હરેશ ધંધુકીયા, શિક્ષણ સમિતિ સદસ્ય વિરમભાઈ રબારી, શહેર ભાજપ યુવા મોરચા મહામંત્રી મિલન લીંબાશીયા તેમજ ગેલાભાઈ રબારી, રાહુલ રાઠોડ, હેમરાજ ગરૈયા સહિતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે વિસ્તારની નાની બાળાઓ દ્વારા ધારાસભ્ય ઉદય કાનગડ તેમજ ઉપસ્થિત અગ્રણીઓનું કુમકુમ તિલકથી સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ સ્થાનીક આગેવાનો દ્વારા ઉપસ્થિત આગેવાનોનું ઉષ્માસભર અભિવાદન કરવામાં આવ્યું હતું. આ તકે ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ કે કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકાર દ્વારા 'જ્યાં માનવી ત્યાં સુવિધા'ના મંત્રને ચરિતાર્થ કરીને છેવાડાના માનવીનું જીવન સુખ અને સુવિધાસભર બને તે માટે અનેક લોકકલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર પાઈપલાઈનની સુવિધાથી વોર્ડ નં.૬ ના રહેવાસીઓની સુખ અને સુવિધામાં વધારો થશે.

# નવા શૈક્ષણિક વર્ષથી ધોરણ-૯થી ૧૨ના કમ્પ્યૂટર વિષયનો અભ્યાસક્રમ ઘટાડાશે

## પરીક્ષાલક્ષી ભારણ ઘટાડવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નિર્ણય કરાયો

**અબતક, રાજકોટ**

રાજ્યમાં જૂન-૨૦૨૫થી શરૂ થતાં નવા શૈક્ષણિક વર્ષથી ધો.૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે કમ્પ્યૂટર વિષયના અભ્યાસક્રમમાં ઘટાડો થશે. શિક્ષણ બોર્ડની અભ્યાસ સમિતિની બેઠકમાં આ અંગે નિર્ણય કરાયો હતો. ધો.૯થી ૧૨માં વિદ્યાર્થીઓને અઘરા લાગતા પ્રકરણો દૂર કરવામાં આવ્યા છે, જેથી વિદ્યાર્થીઓએ તેનો અભ્યાસ પણ કરવાનો રહેશે નહીં અને પરીક્ષામાં પણ તે પ્રકરણમાંથી પૂછાશે નહીં. આ નિર્ણયથી વિદ્યાર્થીઓ પરનું ભારણ ઘટશે અને કમ્પ્યૂટર વિષય લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થશે. દરેક ધોરણના કમ્પ્યૂટર વિષયના પુસ્તકમાંથી સરેરાશ ચારથી પાંચ પ્રકરણો દૂર કરાશે.ધો.૯થી ૧૨માં વિદ્યાર્થીઓ માટેના કમ્પ્યૂટર વિષયનો અભ્યાસક્રમ ઘટાડવાનો નિર્ણય કરાયો છે. દરેક ધોરણમાં સરેરાશ ૪થી ૫ ચેપ્ટર ઘટાડી દેવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓને અઘરા લાગતા હોય તેવા પ્રકરણો હાલમાં અભ્યાસક્રમમાંથી દૂર કરવામાં આવ્યા છે અને નવા શૈક્ષણિક વર્ષથી તેનો અમલ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ પર પરીક્ષા વખતે ખૂબ જ ભારણ હોય છે, ત્યારે કમ્પ્યૂટર વિષયના અઘરા વિષયોને અભ્યાસક્રમમાંથી દૂર કરવામાં આવતા તેમના પરથી પરીક્ષાલક્ષી ભારણ ઘટશે. જેના પગલે તેઓ કમ્પ્યૂટર વિષયની તૈયારીમાં જે સમય બચશે તે અન્ય વિષયની તૈયારીમાં લગાવી શકશે. ઉપરાંત આ નિર્ણયના પગલે કમ્પ્યૂટર વિષય લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થયેલો જોવા મળશે. આ નિર્ણયનો અમલ નવા શૈક્ષણિક વર્ષથી થશે, જેથી નવા વર્ષથી વિદ્યાર્થીઓએ વધારાના પ્રકરણો ભણવામાંથી મુક્તિ મળશે અને પરીક્ષામાં પણ તે પ્રકરણ પૂછાશે નહીં.

# કાલે પાપમોચીની એકાદશી ભગવાન કૃષ્ણને અર્પણ કરો સુકોમેવો

**અબતક,રાજકોટ**

ફાગણ વદ અગિયારસ ને મંગળવાર તા.૨૪ માર્ચ ના દિવસે પાપમોચીની એકાદશી છે, મંગળવારે પાપમોચીની એકાદશી દિવસે સૂકોમેવો ધરાવવાનું મહત્વ છે અને પીળુ ફૂલ અર્પણ કરવાનુ મહત્વ છે. પાપમોચીની એકાદશીનું વ્રત કરવાથી જીવનમાં ધર્મ, અર્થ, કામ, મોક્ષની પ્રાપ્તિ થાય છે તથા જીવનનાં અશુભ તત્વોનો નાશ થાય છે અને મનોકામના પૂર્ણ થાય છે. તથા રિધ્ધિ સિધ્ધિની પ્રાપ્તિ થાય.

વ્રત વિધિ: પાપમોચીની એકાદશીનાં દિવસે ઉપવાસ કરવો ઉત્તમ ગણાય અથવા તો એકટાણું કરવું. સવારનાં સ્નાન કરી અને બાજોઠ અથવા પાટલા ઉપર પીળુ વસ્ત્ર પાથરવું અને તેનાં ઉપર ચોખાની ઢગલી કરી અને શ્રીકૃષ્ણ ભગવાનની છબી અથવા મૂર્તિ પધરાવી દિવો અગરબત્તી કરવા. ભગવાનને પીળા ચંદનનો ચાંદલો, ચોખા કરવા પીળુ ફુલ અર્પણ કરવું. અબીલ, ગુલાલ, કંકુ પધરાવી અગરબત્તી દિવો અર્પણ કરવા નૈવેદ્યમાં સૂકો મેવો તથા પીળા કલરની મીઠાઇ ધરવી, આરતી કરવી. ત્યારબાદ વિષ્ણુ ભગવાનનાં ૧૦૮ કે ૧૦૦૮ નામ બોલવા અને એકાદશીની કથા વાંચવી.બપોરે નિંદ્રા કરવી નહી. રાત્રીનાં ૧૨ વાગ્યા સુધી જાગરણ કરવું. આમ વ્રત કરવાથી પાપનું મોચન થાય છે અને નવગ્રહ શાંતિ થાય છે. એકાદશીની કથાનો બોધ : આપણે મનુષ્ય છીએ તથા કળયુગ હોવાથી ઘણીવાર કામ, ક્રોધ, મોહ થકી અનેક પાપ કર્મ થઈ જતા હોય છે. જેવા કે કોઈનું અહિત કરવું, બીજાનું ધન લઈ લેવું, કોઈના ખોટા મોહમાયા માં પડવું આમ આવા અનેક નાના મોટા પાપ કર્મ થતા હોય છે. પરંતુ આ કરવાથી આપણા નવગ્રહ દોષિત થાય છે અને તેનું અશુભ ફળ ભોગવવું પડે છે આથી ખ્યાલ રાખવો જોઈએ કે આવા કર્મ ન કરવા અને ગીતા રામાયણનાં નિયમને અનુસરી જીવન જીવવું જોઈએ. **શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)**

# આર.એસ.શાહ આયુર્વેદ હોસ્પિટલ દ્વારા બાળકો માટે સુવર્ણપ્રાશન ટીપા પીવડાવાયા



**અબતક, રાજકોટ**

વી.એમ. મેહતા ઈન્સ્ટિટયૂટ ઓફ આયુર્વેદ સાથે સંલગ્ન આર.એસ. શાહ આયુર્વેદ (ગાર્ડી) હોસ્પિટલ, આણંદપર દ્વારા તાજેતરમાં આણંદપર ગામ - આંગણવાડી અને બાલવાટિકા ખાતે સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કેમ્પમાં આર.એસ શાહ આયુર્વેદ હોસ્પિટલના બાળ રોગ વિભાગના નિષ્ણાંત ડો. સલીમ ગોહેલ અને ડો. શિવાંગી મહેતા, ઈન્ટર્ન ડો. મોહિત તેમજ દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ કેમ્પમાં ૮૮ જેટલા બાળકોને વિનામૂલ્યે સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત ડો. સલીમ ગોહેલ સાહેબે બાળકોના વાલીઓને પણ સુવર્ણપ્રાશનનું મહત્વ સમજાવ્યું હતું. આ કેમ્પના સફળ આયોજન માટે સંસ્થાના મેનેજીંગ ડિરેક્ટર જયભાઈ મહેતા, તેમજ શ્રી વી.એમ. મહેતા ઈન્સ્ટિટયૂટ ઓફ આયુર્વેદ કોલેજના આચાર્યશ્રી ડો. રવિકાંત ગોયલ સાહેબે સર્વોને અભિનંદન પાઠવ્યા હતા.

# સમસ્ત રાવળ સમાજ ચેરીટેબ ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રી પટેલને આવકારવા તડામાર તૈયારીઓ



**અબતક, રાજકોટ**

રાજકોટ સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ, દ્વારા આગામી તા: ૨૬ ને બુધવારના રોજ પ્રથમ વાર સમસ્ત રાવળ સમાજના આંગણે પધારતા ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને આવકારવા તડામાર તૈયારી. ૧૭૪ પ્લોટની સનદ વિતરણ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલન વરદ હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે રાજકોટ રાવળ સમાજ તથા સૌરાષ્ટ્ર ના રાવળ સમાજના મુખ્ય આગેવાન ઉપસ્થિત રહેશે. આ આયોજન ને સફળ બનાવવા માં સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ ગોપાલભાઈ બોરાણા રાજેશભાઈ બોરાણા, મહેશભાઈ ગોહેલ, નીરવભાઈ વાણીયા, નરેશભાઈ મેર, લક્ષ્મણભાઈ પરમાર, રાજેન્દ્રભાઈ સોઢા, ધર્મેશભાઈ સોઢા, સુનીલભાઈ પેથાણી, દિવ્યેશભાઈ ભોજક અને કમલેશભાઈ મચ્છોયા સહીત કર્યકરો જેહમત ઉઠાવી રહ્યા છે.

# સ્નેહ ફાઉન્ડેશનના સહયોગથી ૨૫ પોષણ કીટનું વિતરણ કરાયું

**અબતક,રાજકોટ**

વિશ્વભરમાં તા. ૨૪ માર્ચના રોજ 'વિશ્વ ક્ષય દિવસ' ઉજવવામાં આવે છે. જેની ઉજવણીના ભાગરૂપે રાજકોટ જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા 'ટી.બી. હારેગા, દેશ જીતેગા'ના ધ્યેય સાથે સિવિલ હોસ્પિટલના ટી.બી. વિભાગના હેડ ડો. કમલેશ વિઠ્ઠલાણીની અધ્યક્ષતામાં ક્ષયના દર્દીઓને પોષણ કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

ક્ષયના દર્દીઓને રોગનો સામનો કરવા માટે પોષણયુક્ત આહારની જરૂરિયાત રહેતી હોય છે. જેથી, આ કાર્યક્રમમાં સ્નેહ ફાઉન્ડેશનના સહયોગથી ૨૫ પોષણ કીટનું વિતરણ કરાયું હતું. અંદાજિત રૂ. ૧૦૫૦ની કિંમતની ન્યુટ્રીશન કીટમાં મગ, દાળ, ચણા, ચોળી, શીંગદાણા, દાળીયા, ખજૂર, પ્રોટીન પાઉડર જેવા પોષણયુક્ત ખાદ્યપદાર્થોનો સમાવેશ કરાયો હતો.આ કાર્યક્રમમાં મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું. ક્ષયના ૦૫ દર્દીઓ અને ૦૨ સ્વસ્થ થયેલા દર્દીઓએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા. ટી.બી. ચેમ્પિયનશ્રી ભાવનાબેન મકવાણાએ તરુણાવસ્થામાં ક્ષય લાગુ પડ્યા બાદ સ્વસ્થ થઈને હાલમાં ક્ષયના દર્દીઓનું કાઉન્સેલિંગ કરવા સુધીની પોતાની કથા વર્ણવી હતી.

# એરકોર્ટ ફાટરનું કામ રાત્રી દરમિયાન કરવા રાજકોટ ચેમ્બરની રજુઆત

**અબતક, રાજકોટ**

હાલ રેલવે ડિપાર્ટમેન્ટ દ્વારા એરપોર્ટ ફાટક મેન્ટેનસ માટે સાત દિવસ આંશિક રીતે બંધ રાખી રબ્બર સરફેસીંગ ટેકનોલોજી ફિટીંગનું કામ કરવામાં આવી રહ્યું છે. પરંતુ આના કારણે દિવય દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં ટ્રાફીક જામ થવાની સમસ્યા રહે છે અને રાહદારીઓને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેમજ આજુબાજુના વિસ્તારના રહેવાસીઓને પણ ઘણી તકલીફ પડી રહી છે. વધુમાં સાંઢીયા પુલનું કામ ચાલુ હોવાથી તેનો તમામ ટ્રાફીક એરપોર્ટ રોડ પાસે ડાઈવર્ટ થઈ રહ્યો છે. અને અકસ્માતો થવાનો પણ ભય રહે છે. આથી આ એરપોર્ટ ફાટકનું મેન્ટેનસનું કામ રાત્રીના ૧૨ થી સવારના ૬ વાગ્યા સુધી કરવા અને દિવસ દરમ્યાન ખુલ્લુ રાખવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ ડીવીઝનલ રેલવે મેનેજર અશ્રવની કુમાર સમક્ષરજુઆત કરવામાં આવેલ. જેથી કરીને રાહદારીઓને મુશ્કેલીઓ ભોગવવી ન પડે, તેમ રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.વી.,વૈષ્ણવની યાદીમાં જણાવેલ છે.

# જીવદયા ગ્રુપએ લીધી શહેર ભાજપ અધ્યક્ષ માધવ દવેની મુલાકાત



**અબતક, રાજકોટ**

જીવદયા ગ્રુપ દ્વારા રાજકોટ શહેર ભાજપના નવનિયુકત યુવા અધ્યક્ષ માધવભાઈ દવેનું ભાજપ કાર્યાલય ખાતે પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. માધવભાઈ દવે ને વારસા માજ રાષ્ટ્ર સેવાના સંસ્કારો મળેલા છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક રહીને તેમના જીવનમાં રાષ્ટ્રપ્રથમ વિચારધારા ધરાવે છે. જેઓ ભારતીય જનતા પાર્ટીમાં વિવિધ પદ ઉપર રહી પ્રદેશ ભાજપ એ જે જવાબદારી આપી છે તે બેખૂબી પૂર્વક નિભાવી ને સંગઠનને મજબૂત કરવામાં તેમનો સિંહ ફાળો રહ્યો છે.

આ સન્માન કાર્યક્રમ જીવદયા ગ્રુપના મોભી ઉપેનભાઈ મોદીની આગેવાની નીચે હર્ષદભાઈ મહેતા, મેહુલભાઈ રવાણી, અરૂણભાઈ નિર્મળ, દિનેશભાઈ મોદી, હિતેશભાઈ દોશી, ભરતભાઈ બોરડીયા, હિરેનભાઈ કામદાર, હરેશભાઈ દોશી, નિખિલભાઈ શાહ, મોનિલભાઈ શાહ, આરતીબેન દોશી, આગમભાઈ મહેતા, લીનાબેન મહેતા, વિરેન્દ્રભાઈ સંઘવી, હિમાંશુભાઈ ચીનોય, હેમાબેન મોદી અને પારસભાઈ મોદી સૌ સભ્યો ઉપસ્થિત રહ્યા અને માધવભાઈ દવેના નેતૃત્વની પ્રશંસા કરી હતી.

આગામી સમયમાં વધુમાં વધુ સંગઠનનો વિકાસ કરી મજબૂત અને સશક્તિની કાર્યકરોમાં આશા વ્યાપી છે. આગામી સમયમાં આવનારી તમામ ચૂંટણીઓમાં તેમના નેતૃત્વમાં ભાજપ જંગી બહુમતીથી વિજયી પ્રાપ્ત કરે તેવી સહુ કાર્યકર્તાઓએ શુભેચ્છાઓ પાઠવી હતી. અંતમાં ભારત માતાકી જય નો નારો બોલાવેલ હતો.

# સમસ્ત વણીપંચ સમાજ દ્વારા શહેર ભાજપ પ્રમુખ ડો.માધવનું સન્માન

## સમાજ શ્રેષ્ઠીઓ સ્નેહમિલન સાથે યોજાયો કાર્યક્રમ



**અબતક,રાજકોટ**

સવિનય સાથ જણાવવાનું કે અમો રાજકોટ બક્ષીપંચ સમાજ શ્રેષ્ઠીઓઓ દ્વારા ફર્ન હોટલ ખાતે શહેર ભાજપના નવનિર્વાચિત પ્રમુખ માધવભાઈ દવે નું સન્માનનો કાર્યક્રમ તેમજ બક્ષીપંચ સમાજ શ્રેષ્ઠીઓ નું સ્નેહમિલન યોજવામાં આવેલ પરશોતમભાઈ રૂપાલાનાની અદયક્ષ સ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં ભાનુબેન બાબરીયા (કેબીનેટ મંત્રી) તેમજ રામભાઈ મોકરિયા (સંસદ સભ્ય રાજ્યસભા) ઉદયભાઈ કાનગડ (ધારાસભ્ય રાજકોટ)

નયનાબેન પેઢડીયા(મેયર) રમેશભાઈ ટીલાળા (ધારાસભ્ય રાજકોટ) દર્શીતાબેન શાહ(ધારાસભ્ય રાજકોટ) કરણભાઈ માલધારી, તનસુખભાઈ ગોહેલ(એડવોકેટ), લીલુબેન જાદવ(શાશક પક્ષ નેતા આર.એમ.સી.), રક્ષાબેન બોળીયા(પૂર્વ મેયર આર.એમ.સી.), પ્રજાપતિ સમાજ-અશોકભાઈ ગોરવાડીયા/ આહીર સમાજ-લાભભાઈ ખીમાણીય, દરજી સમાજ- ઉમેશભાઈ ધામેચા, લુહાર સમાજ- રાજુભાઈ સિદ્ધપુરા કડિયા સમાજ-હસુભાઈ ડાચા, દશનામ ગૌરવામી સમાજ- ડો.મનીષભાઈ ગોસાઈ, ધોબી સમાજ- રમણીકભાઈ મોડાસીયા, કોળી સમાજ- સોમભાઈ ભાલીયા, મોચી સમાજ- હસુભાઈ ચુડાસમા, સતવારા સમાજ-શાંતિભાઈ પરમાર, માલધારી સમાજ- બાલાભાઈ બોળીયા, સુથાર સમાજ-રશીકભાઈ બદ્રકીયા, દરબાર સમાજ-રાજેન્દ્રસિંહ જેબલિયા, સગર સમાજ પ્રતાપભાઈ બેલડીયા, રામાનંદી સાધુ સમાજ-નરેન્દ્રભાઈ કુબાવત, ખાંટ રજપૂત સમાજ- કાનજીભાઈ મોરબીયા, દેવીપુજક સમાજ- નટુભાઈ મકવાણા, ગઢવી સમાજ- આનંદભાઈ ગઢવી, તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા બક્ષીપંચ સમાજની યુવાટીમ વિપુલભાઈ માખેલા, સંદીપભાઈ ગોહિલ, નીલેશભાઈ પાટડિયા, હરિભાઈ ચૌહાણ, નરેન્દ્રભાઈ મકવાણા, તેમજ આ કાર્યક્રમમાં બક્ષીપંચ સમાજના ૪૧૧ શ્રેષ્ઠીઓ તેમજ યુવા પાંખ તેમજ મહિલા પાંખે હાજરી આપેલ છે.

આ કાર્યક્રમ વોર્ડ નં.૧૪ના કોર્પોરેટર નિલેશભાઈ જલુના માર્ગદર્શન હેઠળ યોજાયેલ હતો જેનું સંચાલન નીતિનભાઈ ઘાટલીયાએ તેમજ આભારવિધિ લલીતભાઈ વાડોલીયાએ કરેલ હતી.

આજના યુવાનો કઈ દિશામાં ???

# કડક કાર્યવાહી છતાં દેશભરમાં રેગિંગના વધતા કિસ્સાઓ પાછળ શું જવાબદાર ???

## બે વર્ષ દરમિયાન ૧,૯૪૬ કોલેજમાંથી ૩,૧૫૬ ફરિયાદ નોંધાઈ: ૪૭એ કરી આત્મહત્યા

રેગિંગ શબ્દથી હવે આપણે સૌ ભલીભાતી રીતે પરિચિત છીએ. દિવસેને દિવસે સામે આવતા રેગિંગના કિસ્સાઓ અને તેને કારણે વિદ્યાર્થીઓના જીવ ગુમાવવાના બનાવો સમાજ માટે શરમજનક અને ચિંતાનો વિષય છે. છેલ્લા છ મહિનામાં કોલેજના કેમ્પસમાં આઘાતજનક ઘટનાઓ નોંધાઈ છે. કોઈપણ ને માર મારવાનું ગુનાહિત કૃત્ય સજાને પાત્ર છે પરંતુ જ્યારે તે હોસ્ટેલમાં બને છે, એમાં પણ ખાસ કરીને ગુનેગારો નર્સ બનવાની તાલીમ લેતા યુવાનો હોય છે, જેમના હાથમાં દર્દીઓના સ્વાસ્થ્યની જવાબદારી હોય છે ત્યારે આ વધુ ભયાનક બની જાય છે.

ગયા મહિને કેરળના કોટ્ટાયમમાં સરકારી નર્સિંગ કોલેજમાં બનેલી ઘટના - જ્યાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને ખાટલા સાથે બાંધીને તેમના ગુપ્તાંગમાંથી ડમ્બેલ્સ લટકાવવાનો પ્રયાસ કરાયો હતો. કડક કાર્યવાહી, રાષ્ટ્રીય આક્રોશ અને સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ છતાં, આ ઘટનાએ તેના ભયાનક ચહેરાનું પુનરાવર્તન કર્યું અને તે જ મહિને, હરિયાણાની જિંદાલ ગ્લોબલ યુનિવર્સિટી ના બે વિદ્યાર્થીઓએ રેગિંગની ફરિયાદ નોંધાવી હતી. ગયા નવેમ્બરમાં, ગુજરાતના ધારપુર-પાટણમાં આવેલી ૠખઊછ્જ મેડિકલ કોલેજના વિદ્યાર્થી અનિલ મેથાનિયાને રેગિંગ વિધિના ભાગ રૂપે કલાકો સુધી ઊભા રહેવાની ફરજ પડી હતી અને તેના માથામાં ઈજા થઈ હતી, જેના કારણે તે બેભાન થઈને પડી ગયો હતો. બાદમાં તેમનું હોસ્પિટલમાં મૃત્યુ થયું. બે મહિના પહેલા, કોલકાતાની જાદવપુર યુનિવર્સિટીમાં, ૧૭ વર્ષીય બંગાળી વિદ્યાર્થીનું હોસ્ટેલના બીજા માળેથી પડી જવાથી મૃત્યુ થયું હતું.



રાજસ્થાનના એમબીબીએસ વિદ્યાર્થીને પ્રથમ અઠવાડિયામાં જ કોલેજનું વાતાવરણ અસહ્ય હતું. ઉત્તર પ્રદેશની એક કોલેજમાં એન્જિનિયરિંગના ત્રીજા વર્ષના વિદ્યાર્થીને એટલો આઘાત લાગ્યો કે તેણે તેના પહેલા સેમેસ્ટર પછી કોલેજ છોડી દીધી. તો અમુક જગ્યાએ જાતી અને જ્ઞાતિ ને લઈને પણ રેગિંગ કરવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટે રેગિંગને વ્યાખ્યાયિત કર્યાને એક ચતુર્થાંશ સદી વીતી ગઈ છે, પરંતુ દુષ્ટતા હજુ પણ ચાલુ છે, જે તેની સામે લડવાના પ્રયાસોમાં સ્પષ્ટ ખામીઓ તરફ નિર્દેશ કરે છે. હકીકતમાં, ઘણા રાજ્ય કાયદા કોર્ટના ૨૦૦૧ના નિર્ણય પહેલાના છે. ત્રિપુરાએ ૧૯૯૦માં રેગિંગ વિરોધી કાયદો ઘડ્યો હતો, જેમાં મહત્તમ ચાર વર્ષની સજાની જોગવાઈ છે. ૧૯૯૭માં, તમિલનાડુ એક વટહુકમ દ્વારા શૈક્ષણિક સંસ્થાઓમાં રેગિંગ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદનાર પ્રથમ રાજ્ય બન્યું, જેને પાછળથી તમિલનાડુ પ્રોહિબિશન ઓફ રેગિંગ એક્ટ, ૧૯૯૭ દ્વારા બદલવામાં આવ્યો. રેગિંગના એક ભયાનક કેસ બાદ આ કાયદો ઘડવામાં આવ્યો હતો. જેમાં સિનિયરનું ન માનવા બદલ વિદ્યાર્થીની હત્યા કરવામાં આવી હતી.

### શું કેન્દ્રીય કાયદો એકમાત્ર ઉકેલ છે?


સુપ્રીમ કોર્ટના વકીલ મીરા કૌર પટેલ - જેમણે રેગિંગના અનેક કેસ સંભાળ્યા છે - તેમણે જણાવ્યું હતું કે ભારતને એક કેન્દ્રીય રેગિંગ વિરોધી કાયદાની જરૂર છે જે રાજ્યો દ્વારા સમાન રીતે લાગુ કરવામાં આવે. હાલમાં, રેગિંગ શું છે અને તેના માટે શું સજા આપવી તે નક્કી કરવાનું દરેક રાજ્યનું કામ છે. તેમાં કોઈ એકરૂપતા નથી. રેગિંગની પ્રકૃતિ ગમે તે હોય, તેને બધા રાજ્યોમાં કોગ્નિઝેબલ ગુના તરીકે વર્ગીકૃત કરવી જોઈએ. કોંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ અધીર રંજન ચૌધરીએ સંસદમાં રેગિંગ પ્રતિબંધ અને નાબૂદી બિલ ૨૦૧૯ રજૂ કર્યું હતું, જેમાં તમામ કોલેજો અને યુનિવર્સિટીઓમાં રેગિંગ સામે એકસમાન કાયદો લાવવાની માંગ કરવામાં આવી હતી. જોકે, તે પાસ થયું નથી.

આ ઉપરાંત પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને બદલો લેવાના ડર વિના બાબતોની જાણ કરવા માટે યોગ્ય વાતાવરણની જરૂર છે. એક નિયમ મુજબ ફરિયાદ મળતાંની સાથે જ કોલેજે એફઆઈઆર નોંધાવવી જોઈએ. પરંતુ ફક્ત થોડી જ સંસ્થાઓ તેનું પાલન કરે છે. પીડિત અને ગુનેગારને ત્રણ-ચાર વર્ષ સુધી એકબીજા સાથે રહેવું પડે છે. ''તેથી, પીડિત ફરિયાદના પરિણામ વિશે અનિશ્ચિત હોય છે અથવા દબાણમાં ફરિયાદ પાછી ખેંચી લે છે. આ ગુનાને રોકવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે સિનિયર્સના માતાપિતાના સંપર્ક નંબર જુનિયરોને ઉપલબ્ધ કરાવવામાં આવે. પરિવારમાં ભય પેદા કરવો એ આનો સામનો કરવાનો શ્રેષ્ઠ માર્ગ હશે,'' તેમણે કહ્યું.

### ૨૦૨૨-૨૪ દરમિયાન રેગિંગની કુલ ફરિયાદોમાંથી ૩૮.૬% મેડિકલ કોલેજોમાં નોંધાઈ

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)ની એન્ટી-રેગિંગ હેલ્પલાઈનના ડેટા દર્શાવે છે કે ૨૦૧૭થી, બે મહામારીના વર્ષો સિવાય જ્યારે કેમ્પસ મોટાભાગે બંધ હતા, ફરિયાદોની સંખ્યા દર વર્ષે સરેરાશ ૧,૦૦૦ જેટલી રહી છે. આમાં વિદ્યાર્થીઓના મૃત્યુની ૫૧ ફરિયાદોનો સમાવેશ થાય છે, જેમાંથી ૪૭ આત્મહત્યાની હતી. આ અંગે એન્ટી-રેગિંગ એનજીઓ સોસાયટી અગેઈન્સ્ટ વાયોલન્સ ઈન એજ્યુકેશન (SAVE) ના ડેટા દર્શાવે છે કે ૨૦૨૨-૨૪ દરમિયાન રેગિંગની કુલ ફરિયાદોમાંથી ૩૮.૬% મેડિકલ કોલેજોમાં નોંધાઈ હતી, જ્યારે કુલ હોસ્ટેલ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૩.૪% મેડિકલ કોલેજોમાં નોંધાઈ હતી. આ ફક્ત નેશનલ એન્ટી-રેગિંગ હેલ્પલાઈન દ્વારા નોંધાયેલી ફરિયાદો છે.

# રાજ્યસભામાં કર્ણાટકના લઘુમતી અનામતનો મુદ્દો ગાજ્યો: સત્તાપક્ષ-વિપક્ષ વચ્ચે ઘમસાણ



## હંગામો વધતાં રાજ્યસભાની કાર્યવાહી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી

**અબતક, નવી દિલ્હી**

સંસદની કાર્યવાહી શરુ થતાં જ કર્ણાટક અનામત મુદ્દે આજે રાજ્યસભામાં ભારે હોબાળો થયો હતો. કર્ણાટકમાં સરકારી ટેન્ડરમાં મુસ્લિમ કોન્ટ્રાક્ટરોને ૪ ટકા આરક્ષણ આપવામાં આવ્યું છે. આ મામલે ભાજપ આક્રમક છે. ભાજપનું કહેવું છે કે કર્ણાટકની કોંગ્રેસ સરકારે અનામતનો ભંગ કર્યો છે. રાજ્યસભામાં ભાજપે મલ્લિકાર્જુન ખડગે પાસેથી સ્પષ્ટતા માંગી હતી. આ દરમિયાન હંગામો વધતાં રાજ્યસભાની કાર્યવાહી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. કર્ણાટકમાં સરકારી કોન્ટ્રાક્ટમાં મુસ્લિમોને અનામત આપવાના નિર્ણયને લઈને આજે રાજ્યસભામાં ભારે હોબાળો થયો હતો. બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે, 'બંધારણમાં લખ્યું છે કે, ધર્મના આધારે અનામત આપી શકાય નહીં. પરંતુ કર્ણાટક સરકારે એક બિલ પસાર કર્યું છે જેમાં જાહેર કરારમાં ૪ ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું, 'આ મહત્ત્વપૂર્ણ બાબત અમારા ધ્યાન પર આવી છે કે કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ નિવેદન આપ્યું છે કે તેઓ બંધારણમાં સુધારો કરશે જેથી મુસ્લિમ સમુદાયને અનામત આપી શકાય.

### અનામતને કોઈ ખતમ કરી શકે નહીં: ખડગે

રાજ્યસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, 'બાબાસાહેબ આંબેડકર દ્વારા બનાવેલા બંધારણને કોઈ બદલી શકે નહીં. આરક્ષણને કોઈ ખતમ કરી શકે નહીં. તેને બચાવવા માટે અમે કાશ્મીરથી કન્યાકુમારી સુધી ભારત જોડો યાત્રા કરી તેઓ ભારતને તોડી રહ્યા છે.

આ નિવેદન બંધારણ પર હુમલો છે.' અમે આ સહન નહીં કરીએ. કોંગ્રેસ અધ્યક્ષે આ અંગે સ્પષ્ટતા કરવી જોઈએ. આ મામલે સંસદમાં વધુ હોબાળો થવાની શક્યતા છે. તેમજ આ મામલે કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે, 'મુસ્લિમ આરક્ષણનો મુદ્દો ઉઠાવીને કોંગ્રેસે બાબાસાહેબ આંબેડકરના બંધારણની પ્રતિષ્ઠાને કલંકિત કરી છે. આજે જ નાયબ મુખ્યમંત્રીના રાજીનામાની માંગ કરો.

# હવે રોકાણકારો બેંક ડિપોઝીટ તરફથી મોઢું ફેરવી રહ્યા છે

## નાણાકીય વર્ષ ૨૦૨૫ના ત્રીજા ક્વાર્ટરમાં ગુજરાતમાં બેંક થાપણો રૂ. ૧૨.૬૮ લાખ કરોડ : વર્ષો બાદ ડિપોઝીટમાં વૃદ્ધિ માત્ર ૭.૩ ટકા જ થઈ

**અબતક, અમદાવાદ**

ઘણા વર્ષોથી, ગુજરાતીઓ તેમની સમજદાર બચત કરવાની ટેવ માટે જાણીતા છે, પરંતુ હવે એવું લાગે છે કે પરિસ્થિતિ બદલાઈ રહી છે. શેરબજારમાં તેજી, સોના અને ચાંદીની ચમક સાથે, બેંક ડિપોઝિટ હવે રોકાણ માટે પસંદગીનો વિકલ્પ નથી રહ્યો. એક સમયે બેંક બચતમાં બે આંકડાનો વિકાસ દર હવે ધીમો પડીને એક આંકડામાં આવી ગયો છે, જે રોકાણકારોની પસંદગીઓમાં ફેરફાર દર્શાવે છે.

રાજ્ય સ્તરીય બેંકર્સ કમિટી, ગુજરાતના તાજેતરના અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫ ના ત્રીજા ક્વાર્ટરમાં ગુજરાતમાં બેંક થાપણો રૂ. ૧૨.૬૮ લાખ કરોડ હતી, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં રૂ. ૧૧.૮૨ લાખ કરોડ હતી. આમ ડીપોઝીટમાં વૃદ્ધિ માત્ર ૭.૩% થઈ ગઈ છે.આ મંદી લાંબા ગાળાના મજબૂત થાપણ વૃદ્ધિ પછી આવી છે. બેન્કરો અને નાણાકીય સલાહકારોના મતે, રોકાણકારો બેન્કોની બહાર જોઈ રહ્યા છે, કારણ કે તેઓ નોંધપાત્ર રીતે વધુ વળતર આપતી એસેટ ક્લાસથી આકર્ષાઈ રહ્યા છે. ડિસેમ્બર સુધીમાં, ભારતીય ઈક્વિટી બજાર તેજીમાં હતું, જેના કારણે ઘણા રિટેલ રોકાણકારો શેર અને મ્યુચ્યુઅલ ફંડ તરફ આકર્ષાયા. દરમિયાન, સોના અને ચાંદીના ભાવમાં વધારો થયો, જેના કારણે તે એક આકર્ષક દાવ બની ગયા. બેંક ડિપોઝિટ પર ૬.૮% વ્યાજ દર નજીવા હતો, તેની સામે મ્યુચ્યુઅલ ફંડ, શેર અને કિંમતી ધાતુઓ ૨૨% થી ૫૧% સુધીનું વળતર આપતા હતા. આવા આકર્ષક વિકલ્પો સાથે, બેંક બચતનો આકર્ષણ ઘટી ગયો.

''શેરબજારની કામગીરી તેમજ સોના અને ચાંદીના વધતા ભાવે રોકાણકારોને ફિક્સ્ડ ડિપોઝિટમાંથી ભંડોળ બહાર કાઢવાના ઘણા કારણો આપ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, લોકોએ બચત બેંક ખાતાઓમાં તેમના વધારાના ભંડોળ ઘટાડવાનું શરૂ કર્યું છે. તેના બદલે, તેઓ સરળ લિક્વિડિટી વિકલ્પો સાથે લિક્વિડ ફંડમાં વધારાના નાણાં રોકે છે, અને તેથી તેની લોકપ્રિયતા વધી રહી છે. પરંપરાગત બચત સાધનો સરખામણીમાં અપ્રિય લાગે છે. હકીકતમાં, ઘણી સ્ત્રીઓ રિકરિંગ ડિપોઝિટ અથવા ફિક્સ્ડ ડિપોઝિટ ખોલવાને બદલે જીઈંડ રૂટ દ્વારા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાનું પસંદ કરી રહી છે,'' રોકાણ સલાહકાર જયદેવસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું. આંતરરાષ્ટ્રીય પરિબળોને કારણે, સોનાના ભાવ પણ ખૂબ જ અસ્થિર અને ઉપર રહ્યા છે, પરિણામે, સોના પર ઊંચા વળતરે રોકાણકારોને આકર્ષ્યા છે. વધુમાં, પીળી ધાતુ હંમેશા ગુજરાતીઓમાં પ્રિય રહી છે અને સલામત રોકાણો માટે તેની માંગ ખૂબ જ વધારે છે. ''ચાંદીમાં પણ નોંધપાત્ર તેજી જોવા મળી છે, જેના કારણે કોમોડિટીઝનું આકર્ષણ વધ્યું છે. સારું વળતર આપતા અનેક રસ્તાઓ હોવાથી, જોખમ લેવાની ક્ષમતા વધી છે અને ફિક્સ્ડ ડિપોઝિટ પાછળ રહી ગઈ છે,'' નામ ન આપવાની શરતે અન્ય એક નાણાકીય સલાહકારે જણાવ્યું. જોકે, બેંકિંગ નિષ્ણાતો માને છે કે આ એક કામચલાઉ તબક્કો હોઈ શકે છે. ''ઈક્વિટી ચક્રીય હોય છે અને કોમોડિટીના ભાવમાં વધઘટ થતી રહે છે. એકવાર બજાર સ્થિર થઈ જાય, પછી બેંક ડિપોઝિટ ફરી વધી શકે છે,'' એક બેંકરે જણાવ્યું.

# રાજ્યમાં એક વર્ષમાં અધધધ ૧.૩૧ લાખથી વધુ આરટીઆઈની અરજીઓ મળી

## કુલ અરજીઓમાંથી ૯૧,૫૫૧ એટલે કે ૬૯.૪૨ ટકા અરજીઓ ગૃહ, મહેસૂલ અને શહેરી વિકાસ વિભાગની માહીતી માટે આવી

**અબતક, ગાંધીનગર**

ગુજરાત માહિતી આયોગ દ્વારા વિધાનસભા સત્રમાં રજૂ કરાયેલા અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૩-૨૪માં માહિતી અધિકાર કાયદા હેઠળ કરવામાં આવેલી મોટાભાગની અરજીઓ રાજ્ય સરકારના ત્રણ વિભાગો - ગૃહ, મહેસૂલ અને શહેરી વિકાસ માટે હતી. વર્ષ દરમિયાન તમામ વિભાગો દ્વારા મળેલી કુલ ૧,૩૧,૮૭૫ અરજીઓમાંથી ૯૧,૫૫૧ અરજીઓ (૬૯.૪૨%) એ ગૃહ, મહેસૂલ અને શહેરી વિકાસ વિભાગોની સેવાઓ અને કામગીરી વિશે માહિતી માંગી હતી. બધી અરજીઓમાંથી લગભગ એક તૃતીયાંશ (૩૦.૫૩%) ગૃહ વિભાગ તરફથી, ૧૯.૫૪% મહેસૂલ વિભાગ તરફથી અને ૧૯.૩૫% શહેરી વિકાસ વિભાગ તરફથી હતી. વધુમાં, જીઆઈસીને કુલ ૭,૦૮૨ અપીલો અને ફરિયાદો મળી હતી, જેમાંથી ૭,૦૫૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. અહેવાલમાં જણાવાયું છે કે કમિશન દ્વારા ૧૧૮ કેસોમાં દંડ ફટકારવામાં આવ્યો હતો. આમાંથી, ૬,૦૭૭ (૮૬.૧૯%) અપીલ હતી, જ્યારે ૯૭૪ (૧૩.૮૧%) ફરિયાદો હતી. વર્ષ દરમિયાન વિવિધ વિભાગોના જાહેર માહિતી અધિકારીઓ પર ૮.૮૪ લાખ રૂપિયાનો નાણાકીય દંડ ફટકારવામાં આવ્યો હતો.વર્ષ ૨૦૨૩-૨૪માં દાખલ કરાયેલી આરટીઆઈ અરજીઓની સંખ્યામાં પાછલા વર્ષની સરખામણીમાં ૮.૫૪%નો વધારો થયો છે.વર્ષ ૨૦૨૨-૨૩માં આરટીઆઈ કાયદા હેઠળ ૧,૨૧,૪૯૦ અરજીઓ કરવામાં આવી હતી, જે વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને ૧,૩૧,૮૭૫ થઈ ગઈ. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૨૩-૨૪માં ફરિયાદીઓને વળતર માટે આરટીઆઈ કાયદા હેઠળ કોઈ આદેશ જારી કરવામાં આવ્યો ન હતો અને વિભાગીય તપાસ માટે કોઈ ભલામણ કરવામાં આવી ન હતી.વિવિધ વિભાગો અને તેમના તાબાના અધિકારીઓ દ્વારા અરજીઓનો એકંદર અસ્વીકાર દર ૫.૨૩% હતો. જોકે, કાયદા (૧૭.૯૫%), નાણાં (૧૬.૨૭%) અને સામાન્ય વહીવટ (૧૧.૯૭%) જેવા વિભાગોમાં રાજ્ય સરકારના અન્ય વિભાગો કરતાં વધુ અસ્વીકાર દર હતો.

# પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ રાજ્યમાં ૬૫.૫ લાખ દર્દીઓ દાખલ

## સૌથી વધુ અમદાવાદમાં ૪.૯૨ લાખ, રાજકોટમાં ૨.૭૮ લાખ, સુરતમાં ૨.૨૮ લાખ અને વડોદરામાં ૨.૨૬ લાખ દર્દીઓ દાખલ

**અબતક, રાજકોટ**

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના પીએમ-જેએવાય એ એક પ્રસિદ્ધ હેલ્થ ઈન્શ્યોરન્સ સ્કીમ છે જે સેકન્ડરી અને ટર્શિયરી હોસ્પિટલાઈઝેશન બંને ખર્ચને કવર કરીને દર વર્ષે ૫ લાખ સુધીનું કવરેજ પ્રદાન કરે છે. આ યોજનામાં વિવિધ તબીબી સારવારો, શસ્ત્રક્રિયાઓ અને પ્રક્રિયાઓ શામેલ છે, જે લાભાર્થીઓને વ્યાપક સ્વાસ્થ્ય કાળજી સેવાઓ સુનિશ્ચિત કરે છે. ત્યારે પીએમ-જેએવાયનું ડેશબોર્ડ દર્શાવે છે કે અમદાવાદ અને ગુજરાતમાં જે ટોચની પ્રક્રિયાઓ માટે ભંડોળ વિતરિત કરવામાં આવ્યું હતું તેમાં હેમોડાયલિસીસ, કોરોનરી એન્જીયોપ્લાસ્ટી, કેન્સર સારવાર, કીમોથેરાપી અને ઘૂંટણની કુલ રિપ્લેસમેન્ટ (ટીકેઆર)નો સમાવેશ થાય છે.

ત્યારે અહીં ઉલ્લેખનીય છે કે યોજના શરૂ થયા પછી અમદાવાદમાં કુલ ૪.૯૨ લાખ દર્દીઓ દાખલ થયા છે, ત્યારબાદ રાજકોટમાં ૨.૭૮ લાખ, સુરતમાં ૨.૨૮ લાખ અને વડોદરામાં ૨.૨૬ લાખ દર્દીઓ દાખલ થયા છે. ડેશબોર્ડમાં દૈનિક પ્રવેશના અપડેટેડ આંકડા દર્શાવવામાં આવ્યા નથી.

આ અંગેના ડેટા અનુસાર, રાજ્ય પ્રતિ દર્દી ખર્ચમાં બીજા ક્રમે છે. રાજ્યમાં પીએમ-જેએવાય હેઠળ કુલ ૬૫.૦૫ લાખ પ્રવેશ થયા હતા, જેના માટે ૧૪,૯૯૨ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો, જે પ્રતિ દર્દી પ્રવેશ માટે સરેરાશ ૨૨,૯૩૭ રૂપિયા હતો. મહારાષ્ટ્ર પછી બીજા ક્રમે હતું, જ્યાં પ્રતિ દર્દી સરેરાશ ૨૩,૯૭૪ રૂપિયા હતા, જેમાં ૨૮.૨૧ લાખ દર્દીઓ માટે ૬,૭૬૪ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. ગુજરાત પછી આંધ્રપ્રદેશનો ક્રમ આવે છે, જ્યાં પ્રતિ દર્દી સરેરાશ ૨૨,૪૭૨ રૂપિયા હતા.

સમગ્ર ભારતમાં પીએમ-જેએવાયનો સરેરાશ દર્દી દીઠ ખર્ચ ૧૪,૯૨૩ રૂપિયા હતો, જેમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૨૩,૯૭૪ રૂપિયા અને તમિલનાડુમાં સૌથી ઓછો ૭,૪૧૭ રૂપિયા હતો.ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં સરેરાશ ૨,૬૦૦ દર્દીઓ પ્રતિ દિવસના દરે ૪૭.૪૧ લાખ દર્દીઓ દાખલ થયા છે. રાજ્યને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૬૬૦ કરોડ રૂપિયા અને ૨૦૨૩-૨૪માં ૨૬૭ કરોડ રૂપિયા મળ્યા હતા.

# જમ્મુ કાશ્મીરના કઠુઆમાં સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચે ગોળીબારી

## ફાયરિંગ દરમિયાન ગોળી વાગતા ૭ વર્ષની બાળકી ઘાયલ

**અબતક, રાજકોટ**

જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લામાં હીરાનગર સેકટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક આવેલા સાન્યાલ ગામમાં સુરક્ષા કર્મચારીઓ દ્વારા શરૂ કરાયેલા સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષા દળો અને શંકાસ્પદ આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું. આ વિસ્તારમાં સશસ્ત્ર આતંકવાદીઓની હાજરી અંગે વિશ્વસનીય ગુપ્ત માહિતી મળ્યા બાદ આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ત્યારે ગોળીબારી થતા ૭ વર્ષની બાળકી ઘાયલ થઈ હતી.

સુરક્ષા દળોએ તેમના ઓપરેશન દરમિયાન ત્રણથી પાંચ આતંકવાદીઓને જોયા હતા, જેના કારણે તાત્કાલિક પ્રતિક્રિયા આપવામાં આવી હતી જેના કારણે ગોળીબારની ભીષણ આપ-લે થઈ હતી. પરિસ્થિતિ વધુ વણસી જતાં, એન્કાઉન્ટરમાં રોકાયેલી પ્રારંભિક ટીમને ટેકો આપવા માટે મજબૂતીકરણ મોકલવામાં આવ્યું હતું.આ સાથે સ્થાનિક પોલીસે રહેવાસીઓને શાંત રહેવા અને આતંકવાદીઓ દ્વારા ઉભા થયેલા ખતરાનો નાશ કરવા માટે સુરક્ષા દળો સાથે સહયોગ કરવા વિનંતી કરી રહી છે.

# ગુજકેટમાં ગણિતનું પેપર એકંદરે સરળ જયારે બાયોલોજીએ વિદ્યાર્થીઓની 'કસોટી' કરી!

## મેથ્સનું પેપર મધ્યમ અને નબળા ગણાતા વિદ્યાર્થીઓને ખૂબ જ અઘરૂ લાગ્યું-હોંશિયાર વિદ્યાર્થીઓ પણ નિયત સમયમાં પ્રશ્નપત્ર પૂર્ણ કરી ન શકતા મુંઝાયા હતા

**અબતક, રાજકોટ**

ઈજનેરી- ફાર્મસીમાં પ્રવેશ માટેની ગુજકેટમાં મેથ્સના પેપરે વિદ્યાર્થીઓને રડાવ્યા હતા. બાયોલોજીના પેપરે વિદ્યાર્થીઓની કસોટી કરી હતી. મેથ્સનું પેપર મધ્યમ અને નબળા વિદ્યાર્થીઓ માટે ખૂબ જ અઘરૂ હતું, જેના લીધે તેઓ પરીક્ષા બાદ રડતા હતા. જ્યારે હોંશિયાર વિદ્યાર્થીઓ પણ મેથ્સમાં નિયત સમયમાં પ્રશ્નપત્ર પૂર્ણ કરી શક્યા ન હોવાથી રડતા જણાયા હતા. આમ, મેથ્સના પેપરથી વિદ્યાર્થીઓના ગુજકેટના પરિણામ પર અસર જોવા મળશે. આ ઉપરાંત બાયોલોજીનું પેપર પણ વિદ્યાર્થીઓની કસોટી કરે તે પ્રકારનું પુસ્તકના કોર્નરમાંથી પ્રશ્નો તૈયાર કરીને પૂછાયું હતું.ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશ માટે રવિવારના રોજ ગુજકેટ લેવામાં આવી હતી. જેમાં પ્રથમ સેશનમાં ફિઝિક્સ અને કેમિસ્ટ્રીની સંયુક્ત પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષા માટે નોંધાયેલા ૧૨૯૯૬૫ વિદ્યાર્થીઓ પૈકી ૧૨૬૨૮૧ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જ્યારે બીજા સેશનમાં બાયોલોજીની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં નોંધાયેલા ૮૩૦૩૭ વિદ્યાર્થીઓ પૈકી પરીક્ષામાં ૭૮૪૮૨ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જ્યારે છેલ્લા સેશનમાં મેથ્સ વિષયની પરીક્ષા લેવામાં આવી હતી.

જેમાં નોંધાયેલા ૪૯૬૮૪ વિદ્યાર્થીઓ પૈકી ૪૮૦૨૯ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

### બાયોલોજીની એક આકૃતિમાં વિદ્યાર્થીઓ અટવાયા

ગુજકેટમાં બાયોલોજીના પ્રશ્નપત્રમાં એક આકૃતિના જવાબમાં વિદ્યાર્થીઓ અટવાયા હતા. પ્રશ્નપત્રમાં છપાયેલી આકૃતિ સ્પષ્ટ ન હોવાથી વિદ્યાર્થીઓ કયો જવાબ લખવો તેને લઈને મૂંઝવણ અનુભવતા હતા. જોકે આ આકૃતિ પાઠ્યપુસ્તકમાંથી જ લેવામાં આવી હતી પરંતુ પ્રશ્નપત્રમાં જ્યારે પ્રિન્ટ કરવામાં આવ્યું ત્યારે તેની ક્લીયારીટી સારી ન હોવાથી વિદ્યાર્થીઓ મૂંઝાયા હતા.

ગુજકેટની પરીક્ષામાં મેથ્સના પેપરમાં વિદ્યાર્થીઓ રીતસરના રડી પડ્યા હતા. પ્રશ્નપત્ર ખૂબ જ અઘરૂ પૂછાયું હતું, જેના લીધે મધ્યમ અને નબળા વિદ્યાર્થીઓની સ્થિતિ કફોડી બની હતી. આ ઉપરાંત હોંશિયાર વિદ્યાર્થીઓને પણ જવાબો લખવાના ફાંફા પડી ગયા હતા. હોંશિયાર વિદ્યાર્થીઓને પણ પેપર ખૂબ જ લેન્ધી લાગ્યું હતું. જેના પગલે તેઓ એક કલાકમાં ૪૦ પ્રશ્નોના જવાબો લખી શક્યા ન હતા. રાજ્યના અનેક વિદ્યાર્થીઓ પ્રશ્નપત્ર પૂર્ણ કરી શક્યા ન હોવાની ફરિયાદ ઊઠી છે. પ્રશ્નના આધારે ગણતરી કરીને જવાબ લાવવાનો પ્રયાસ કરવામાં આવે તો એક પણ ઓપ્શન જવાબમાં મળતું ન હતું. પરંતુ તેના બદલે આપેલા ઓપ્શનના આધારે ગણતરી કરવામાં આવે તો જવાબો મળતા હતા. જેના પગલે સમયનો ખૂબ વ્યય થતાં વિદ્યાર્થીઓને પ્રશ્નો લખવાના રહી ગયા હતા.મેથ્સમાં પેપર અઘરૂ નિકળતા અનેક સેન્ટર પર વિદ્યાર્થીઓ બહાર નીકળીને રડી પડ્યા હતા. નબળા વિદ્યાર્થીઓને કશું આવડતું ન હોવાના લીધે તેઓ રડતા હતા. જ્યારે હોંશિયાર વિદ્યાર્થીઓને નિયત સમયમાં પેપર પૂર્ણ થયું ન હોવાથી ઘણા પ્રશ્નોના જવાબો લખવાના રહી ગયા હોવાથી તેઓ પણ રડતા હતા. આ ઉપરાંત બાયોલોજીના પેપરે પણ વિદ્યાર્થીઓની કસોટી કરી હતી. બાયોલોજીમાં પ્રશ્નો સીધા જ પુસ્તકમાંથી પૂછવાના બદલે કોર્નરમાંથી પૂછવામાં આવ્યા હતા. જેના પગલે વિદ્યાર્થીઓને બાયોલોજીનું પેપર મધ્યમ લાગ્યું હતું.

# આઈપીએલ ૨૦૨૫ હૈદરાબાદ, ચેન્નાઈ અને બેંગ્લોરનો વિજયી પ્રારંભ: રેકોર્ડની હારમાળા સર્જાશે

## આરસીબીએ ધમાકેદાર શરૂઆત કરી કોલકાતા નાઈટ રાઈડર્સને ૭ વિકેટે હરાવીને મોટી જીત મેળવી: રાજસ્થાન રોયલ્સ સામેની પોતાની પ્રથમ મેચમાં જ હૈદરાબાદે ૪૪ રનની શાનદાર જીત નોંધાવી અને ચેન્નઈ સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૪ વિકેટે હરાવ્યું







### હિટમેન શર્મા આઈપીએલના ઈતિહાસમાં શૂન્ય પર સૌથી વધુ વખત આઉટ થયો

ઈન્ડિયન પ્રીમિયર લીગના ઈતિહાસમાં મુંબઈ ઈન્ડિયન્સના સ્ટાર બેટ્સમેન રોહિત શર્માના નામે એક અનિચ્છનીય રેકોર્ડ નોંધાઈ ગયો છે. ચેન્નાઈના ચેપોક સ્ટેડિયમમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની મેચમાં રોહિત શર્મા શૂન્યના સ્કોર પર આઉટ થયો હતો. આ સાથે જ તે આઈપીએલના ઈતિહાસમાં સૌથી વધુ વખત '૦' પર આઉટ થવાના મામલે દિનેશ કાર્તિક અને ગ્લેન મેક્સવેલની સાથે ટોચ પર પહોંચી ગયો છે. આઈપીએલમાં આ ૧૮મી વખત છે જ્યારે રોહિત શર્મા ખાતું ખોલાવ્યા વિના પેવેલિયન ભેગો થયો હોય.

### જોફ્રા આર્ચરે ચાર ઓવરમાં ૭૬ રન આપી ઈતિહાસનો સૌથી મોંઘો બોલર બન્યો

રાજસ્થાન રોયલ્સના બોલર જોફ્રા આર્ચરના નામે એક શરમજનક રેકોર્ડ જોડાઈ ગયો છે. તે આઈપીએલ ઈતિહાસમાં સૌથી મોંઘો સ્પેલ બોલ કરનાર બોલર બની ગયો છે. તેણે સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની મેચમાં ૪ ઓવરમાં ૭૬ રન આપ્યા હતા. આ મામલે તેણે ભારતીય બોલર મોહિત શર્માને પાછળ છોડી દીધો છે. આઈપીએલ ૨૦૨૪માં ગુજરાત ટાઈટન્સ તરફથી રમતી વખતે મોહિતે દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં ૭૩ રન આપ્યા હતા.

### વિન્ટેજ ધોની: માત્ર ૦.૧૨ સેકન્ડમાં કર્યું સ્ટમ્પિંગ



એમએસ ધોની ૪૩ વર્ષનો હોવા છતાં પણ તેની વિકેટ કીપિંગ કુશળતાનો વિશ્વમાં કોઈ મુકાબલો નથી. ૨૩ માર્ચે મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચમાં તેણે આંખના પલકારામાં સૂર્યકુમાર યાદવને સ્ટમ્પ આઉટ કર્યો હતો. ધોનીના હાથને જોઈને એવું લાગી રહ્યું હતું કે જાણે વીજળી ચમકી છે કારણ કે ધોનીએ માત્ર ૦.૧૨ સેકન્ડમાં જ સૂર્યકુમાર યાદવનું સ્ટમ્પિંગ કર્યું હતું. આ મેચમાં સૂર્યા ૨૯ રન બનાવી શક્યો હતો. ધોનીના હાથ એટલા ઝડપી હતા કે જ્યારે ધોનીએ સ્ટમ્પિંગ કર્યું ત્યારે તેને લાઈવ એક્શનમાં જોવું શક્ય ન હતું. ધીમી ગતિમાં પણ ધોનીના હાથ વીજળીની ઝડપે ફરતા જોવા મળી રહ્યા છે.

### હૈદરાબાદે ૪૬ બાઉન્ડ્રી ફટકારીને રચ્યો નવો ઈતિહાસ

સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમે આઈપીએલની ૧૮મી સિઝનની શરૂઆત ધમાકેદાર અંદાજમાં કરી છે. રાજસ્થાન રોયલ્સ સામેની પોતાની પ્રથમ મેચમાં જ હૈદરાબાદે ૪૪ રનની શાનદાર જીત નોંધાવી છે. આ સાથે જ ટીમે આઈપીએલના ઈતિહાસમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર આરસીબીનો ૧૨ વર્ષ જૂનો એક મોટો રેકોર્ડ પણ પોતાના નામે કરી લીધો છે. રાજસ્થાન રોયલ્સ સામેની આ મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદના બેટ્સમેનોએ શરૂઆતથી જ આક્રમક રમત દાખવી હતી. બોલ સતત બાઉન્ડ્રી તરફ જતો જોવા મળ્યો હતો. આ મેચમાં હૈદરાબાદની ટીમ દ્વારા કુલ ૪૬ બાઉન્ડ્રી ફટકારવામાં આવી હતી, જેમાં ચોગ્ગા અને છગ્ગાનો સમાવેશ થાય છે. આ આંકડો આઈપીએલના ઈતિહાસમાં કોઈપણ મેચની એક ઈનિંગમાં ફટકારવામાં આવેલી સૌથી વધુ બાઉન્ડ્રીનો રેકોર્ડ છે.

### આજે દિલ્હી-લખનૌ વચ્ચે જામશે જંગ

૨૦૨૫ની ચોથી મેચ આજે દિલ્હી કેપિટલ્સ અને લખનઉ સુપરજાયન્ટ્સ વચ્ચે રમાશે. આ મેચ વિશાખાપટ્ટનમમાં સાંજે ૭.૩૦ વાગ્યે શરૂ થશે. બન્ને ટીમ પોતાના પહેલા આઈપીએલ ટાઈટલની શોધમાં છે.આજે, બે ટીમના ભૂતપૂર્વ કેપ્ટન પોતાની જૂની ટીમ સામે ટકરાઈ શકે છે. ગયા વર્ષે રિષભ પંત દિલ્હીનો કેપ્ટન હતો અને કેએલ રાહુલ લખનઉનો કેપ્ટન હતો. પંતને મેગા ઓક્શનમાં લખનઉએ ૨૭ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો, જેનાથી તે ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બન્યો હતો. જ્યારે, દિલ્હીએ રાહુલને ૧૪ કરોડ રૂપિયામાં ટીમમાં સામેલ કર્યો હતો.

**અબતક, રાજકોટ**

આઈપીએલ ૨૦૨૫નો ધમાકેદાર પ્રારંભ થયો છે. જેમાં હૈદરાબાદ, ચેન્નાઈ અને બેંગ્લોરનો વિજયી પ્રારંભ થયો છે. સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમે આઈપીએલની ૧૮મી સિઝનની શરૂઆત ધમાકેદાર અંદાજમાં કરી છે. રાજસ્થાન રોયલ્સ સામેની પોતાની પ્રથમ મેચમાં જ હૈદરાબાદે ૪૪ રનની શાનદાર જીત નોંધાવી છે. બીજીબાજુ ચેન્નઈ સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૪ વિકેટે હરાવ્યું છે. ચેપોક સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં મુંબઈ ટીમે પ્રથમ રમતા ૧૫૫ રન બનાવ્યા હતા. જવાબમાં ચેન્નાઈએ ૫ બોલ બાકી રહેતા ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. રચિન રવિન્દ્ર ચેન્નાઈ માટે મેચ વિનર રહ્યો હતો. જેણે ૬૫ રનની અણનમ ઈનિંગ રમી હતી. ચેન્નઈ તરફથી કેપ્ટન રૂતુરાજ ગાયકવાડે પણ તોફાની ઈનિંગ રમી ૫૩ રન બનાવ્યા હતા. શનિવારે આરસીબીએ ધમાકેદાર શરૂઆત કરી કોલકાતા નાઈટ રાઈડર્સને ૭ વિકેટે હરાવીને મોટી જીત સાથે કરી હતી. કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી આ મેચમાં કેકેઆરએ પ્રથમ રમતા ૧૭૪ રન બનાવ્યા હતા, જેના જવાબમાં બેંગલુરુની ટીમે ૭ વિકેટ બાકી રહીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. આ મેચમાં આરસીબીની જીતના હીરો વિરાટ કોહલી અને ફિલ સોલ્ટ રહ્યા હતા. જ્યારે બોલિંગમાં કૃણાલ પંડ્યાએ બેંગલુરુ માટે શાનદાર બોલિંગ કરી અને ત્રણ વિકેટ ઝડપી હતી.

બીજીબાજુ લખનઉ સુપર જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે આઈપીએલમાં અત્યાર સુધીમાં ૫ મેચ રમાઈ છે. લખનઉએ ૩ મેચ જીતી અને દિલ્હીએ ૨ મેચ જીતી. બંને ટીમ પ્રથમ વખત વિશાખાપટ્ટનમમાં ટકરાશે. બંને ટીમ પોતાની પહેલી આઈપીએલ ટ્રોફીની રાહ જોઈ રહી છે. દિલ્હીના સ્ટાર્ક અને મુકેશ કુમાર નવા બોલ સાથે ઉત્તમ છે, જ્યારે નટરાજન અને મોહિત શર્મા ડેથ ઓવર્સમાં ઉત્તમ છે. ટીમ મિડલ ઓવરો માટે કુલદીપ અને અક્ષરનો ઉપયોગ કરીને વિરોધી ટીમને ઓછા સ્કોર સુધી મર્યાદિત રાખવાની રણનીતિ અપનાવશે.

બેટર્સ પણ વિસ્ફોટક છે, તેથી ટીમ એટેકિંગ ગેમ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

### હૈદ્રાબાદમાં ડેબ્યુ સાથે જ ઈશાન કિશાને રાજસ્થાનના બોલરોને ઝૂડી નાખ્યા

આઈપીએલ ૨૦૨૫ ની બીજી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે અપેક્ષા મુજબ બેટિંગમાં તે જ રંગ બતાવ્યો છે જે તેણે ગઈ સિઝનમાં બતાવ્યો હતો. હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં હૈદરાબાદને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. હૈદરાબાદ તરફથી અભિષેક શર્મા અને ટ્રેવિસ હેડે ઈનિંગની શરૂઆત કરી. પહેલી જ ઓવરમાં અભિષેકે તોફાની રીતે બેટ ફેરવવાનું શરૂ કરી દીધું. ટ્રેવિસ હેડે પણ બીજી ઓવરમાં પોતાની છાપ છોડવાનું શરૂ કર્યું.ઈશાન કિશને ૪૫ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. તે ૪૭ બોલમાં ૧૦૬ રન બનાવીને અણનમ પરત ફર્યો હતો. તેણે સનરાઈઝર્સ હૈદરાબાદ માટે પોતાની ડેબ્યૂ મેચમાં સદી ફટકારી છે. ઈશાનના બેટમાંથી ૧૧ ચોગ્ગા અને ૬ છગ્ગા આવ્યા હતા.

### નૂર અહેમદની ચેન્નાઈમાં એન્ટ્રી સાથે જ મુંબઈના છોતરાં કાઢી નાખ્યા

નૂર અહેમદે આઈપીએલ ૨૦૨૫ માં આવતાની સાથે જ તબાહી મચાવી દીધી છે. તેણે મુંબઈ ઈન્ડિયન્સને હરાવીને પોતાની ૧૦ કરોડ રૂપિયાની કિંમતને યોગ્ય ઠેરવી. તેમના કારણે, ચેન્નાઈ સુપર કિંગ્સ તેમના હોમ ગ્રાઉન્ડ ચેપોક પર પ્રભુત્વ મેળવવામાં સફળ રહી. પહેલી ઈનિંગ દરમિયાન નૂરે મુંબઈની કમર તોડી નાખી, જેના કારણે મુંબઈનો કોઈ પણ બેટ્સમેન મોટી ઈનિંગ રમી શક્યો નહીં. કેપ્ટન સૂર્યકુમાર યાદવ સહિત અન્ય બેટ્સમેનો તેની સામે લાચાર દેખાતા હતા. નૂર અહેમદે ૪ ઓવરમાં માત્ર ૧૮ રન આપ્યા અને ૪ મહત્વપૂર્ણ વિકેટ લીધી.

# રાજકોટ સહિત રાજયમાંથી ૨ લાખ મેટ્રીક ટન ઘંઉ ખરીદાશે: કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયા

## મંત્રીએ રાજકોટથી રાજયના અધિકારીઓ સાથે વર્ચ્યુઅલ બેઠક યોજી ખેડૂતોને ઘંઉ કેન્દ્રોમાં આપ્યાના ૪૮ ટકામાં નાણા મળી જશે તેવી જાહેરાત કરી

**અબતક, રાજકોટ**

ભારત સરકારના ગ્રાહક સુરક્ષા, ખાદ્ય અને જાહેર વિતરણ વ્યવસ્થાના રાજ્યકક્ષાના મંત્રી નિમુબેન બાંભણિયાએ રાજકોટની કલેકટર કચેરી ખાતેથી ગુજરાતના તમામ જિલ્લા અધિકારીઓ સાથે વર્ચ્યુઅલ બેઠક યોજી ઘઉંની ટેકાના ભાવની ખરીદી અંગેની તૈયારીઓ વિશે સમીક્ષા કરી હતી.



મંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આ વર્ષે સમગ્ર ગુજરાતમાં અંદાજે ૪૨ લાખ મેટ્રિક ટન ઘઉં ઉત્પાદન થવાની સંભાવના છે,જેમાંથી ૧૨ લાખ મેટ્રિક ટન ગુજરાતની જનતાને રાશન માટે જરૂર પડે છે ત્યારે ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરી કેન્દ્ર સરકાર સમગ્ર રાષ્ટ્રના ૮૦ કરોડ જરૂરિયાતમંદ નાગરિકોને નિઃશુલ્ક રાશન વિતરણ દ્વારા ઘઉં પહોંચાડશે. આ માટે મંત્રીએ ગુજરાતના તમામ જિલ્લા અધિકારીઓને વધુને વધુ ખેડૂતો ઘઉંના વેચાણ અર્થે નોંધણી કરાવે તે માટે તકેદારી લેવા જણાવ્યું હતું. સાથે જ ખેડૂતો સરળતાથી નોંધણી કરાવી શકે, પોતાની જણસી નજીકના કેન્દ્ર પર વેચવા માટે જઈ શકે અને જો તેમને નોંધણી સમયે દસ્તાવેજને લગત કોઈ પ્રશ્ન થાય તો તેનું તાત્કાલિક નિરાકરણ લાવી તેમને તમામ સુવિધાઓ પૂરી પાડવા મંત્રીએ અધિકારીઓને તાકીદ કરી હતી.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં ગરમીના કારણે જો ઘઉંનું સંકોચન થાય અને તેની ગુણવત્તામાં કંઈ ફેરફાર થાય તો ગુણવત્તા અંગેના સુધારા સાથે પણ કેન્દ્ર સરકાર માર્ગદર્શિકા બહાર પાડી ઘઉંની ટેકાના ભાવની ખરીદી ચાલુ રાખશે તેમજ કોઈપણ જિલ્લા ખાતે ખેડૂતોને ઘઉંના વેચાણ અર્થે વધુ દૂરના કેન્દ્ર પર આવવું પડતું હોય તો તેમની નજીકના નવા કેન્દ્રો શરૂ કરવા માટે પણ મંત્રીએ જિલ્લાધિકારીઓને જણાવ્યું હતું.

અન્ન નાગરિક પુરવઠા નિગમ દ્વારા ખરીદ પ્રક્રિયા સુચારુરૂપે થાય તે માટે તમામ જિલ્લામાં જિલ્લા કક્ષા તેમજ તાલુકા કક્ષાએ સમિતિઓ બનાવવામાં આવી છે. તમામ ખરીદ કેન્દ્રો પર ખરીદ અધિકારી, ગુણવત્તાની ચકાસણી માટે ગ્રેડરની નિમણૂંક કરવામાં આવી છે. કેન્દ્રો પર વજન કાંટા, ગ્રેડિંગ બુક, ભેજમાપક યંત્ર, ગુણવત્તા ચકાસણી અંગેની કીટસ, ડનેજ શીટ, બાયોમેટ્રિક ડિવાઈસ, જણસીને સંગ્રહિત કરવા બારદાન, મજૂરોની વ્યવસ્થાઓ, ખેડૂતો માટે છાંયડા, બેઠક તથા પાણીની વ્યવસ્થાઓ પણ કરવામાં આવી છે.

આ બેઠકમાં કેન્દ્રીય પુરવઠા વિભાગના જોઈન્ટ સેક્રેટરી સી.શિખા, સેક્રેટરી જાગૃતિ, ગુજરાત સરકારના સેક્રેટરી આર. મીણા, અન્ન નાગરિક પુરવઠા નિગમના મેનેજિંગ ડાયરેકટર મયુર મહેતા, કલેકટર પ્રભવ જોશી,અધિક નિવાસી કલેકટર એ.કે.ગૌતમ, જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રી વંગવાણી, દેવેન ગોહિલ તથા અન્ય જિલ્લા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પડધરી ખાતેથી ઘંઉનો ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ

**અબતક, ભૌમિક તળપદા, પડધરી**



પડધરી અનાજ ના ગોડાઉન ખાતે ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવામાં આવી રહી છે ત્યારે કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયાએ તમામ અધિકારીઓને ટકોર કરી હતી કે ટેકામા ઘઉંની ખરીદીમાં સિસ્ટમ સરળતાથી પૂર્વક કરવામાં આવે તેવી સુચના આપવામાં આવી હતી અને પડધરી તાલુકાના ખેડૂતો વધુમાં વધુ ટેકાના ભાવમાં ઘઉં નાખવામાં આવે તેવી અપીલ કરવામાં આવી હતી.

આ સાથે તમામ ખેડૂતો સાથે વાર્તાલાપ કરવામા આવ્યો હતો. તેમ જ સ્થાનિક પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી તાત્કાલિક ધોરણે આ પ્રશ્નોનું હલ થાય તે માટે ખાતરી આપવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયા. પડધરી ટંકારા ના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા. રાજકોટ જિલ્લા કલેકટર. પડધરી લોધીકા ડેપ્યુટી કલેકટર. પુરવઠા અધિકારીઓ. પડધરી તાલુકા મામલતદાર પડધરી તાલુકા વિકાસ અધિકારી. પડધરી તાલુકા ભાજપ પ્રમુખ નિલેશભાઈ ડોડીયા તેમજ મહામંત્રી. જિલ્લા યુવા મોરચા મહામંત્રી સહદેવભાઈ હેરમા. ભાજપના સંગઠનના આગેવાનો તેમજ પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ. પડધરી તાલુકાના ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# સુધરી જજો... આ છેલ્લી વોર્નિંગ છે...

## પાંચ કે તેથી વધુ વાર પોલીસ ચોપડે ચડી ચૂકેલા આરોપીઓને ક્રાઈમ બ્રાન્ચનું તેડું





તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

સુધરી જજો... આ છેલ્લી વોર્નિંગ છે... આ શબ્દો રાજકોટ શહેર પોલીસના છે. ગઈકાલે શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પાંચ કે તેથી વધુ વાર પોલીસ ચોપડે ચડી ચૂકેલા ગુનેગારોને સ્પષ્ટ ભાષામાં ગુનાખોરીનો માર્ગ છોડી દેવા ચેતવણી આપવામાં આવી હતી. બુટલેગરો, જુગારીઓ અને શરીર સંબંધી ગુનાના આશરે ૧૫૦ આરોપીઓને તમારી કર્મકુંડળી અમારી પાસે છે, એટલે ગુનો કરવાનો વિચાર માત્ર પણ કરતા નહિ તેવી ચેતવણી ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા આપવામાં આવી હતી.

રાજ્ય પોલીસ વડાની અસામાજિક તત્વો વિરુદ્ધ આકરી કાર્યવાહી કરવાના આદેશને પગલે ક્રાઈમ બ્રાન્ચે પાંચ કે તેથી વધુ ગુનામાં સંડોવાયેલા ૧૫૦થી વધુ આરોપીઓને એકઠા કર્યા હતા અને ગુનાહિત કૃત્યો બંધ નહીં કરે તો કડક કાર્યવાહીની ચેતવણી આપી હતી. ક્રાઈમ બ્રાન્ચની આ ચેતવણીથી આરોપીઓમાં ફફડાટ જોવા મળ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચ ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ડીજીપીના આદેશ બાદ ગુનાખોરી રોકવાની સઘન કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ઝૂમ્બેશ હાથ ધરવામાં આવી છે. જેમાં ગુનાખોરી સાથે સંકળાયેલા લોકોને ચેતવણી આપવામાં આવી રહી છે. પોલીસ કમિશ્નરનાં આદેશ મુજબ આજે ક્રાઈમ બ્રાન્ચ ખાતે પાંચ કે તેથી વધુ ગુનામાં સંડોવણી હોય તેવા ૨૦૯ પૈકી ૧૫૦ કરતા વધુ આરોપીઓને એકઠા કરવામાં આવ્યા છે. આ તમામ આરોપીઓની લેટેસ્ટ માહિતી લેવામાં આવી છે અને તેનો ડેટા અપડેટ કરવામાં આવ્યો છે.વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ તમામ આરોપીઓની સામે અસરકારક અટકાયતી પગલાં પણ લેવામાં આવશે. આ ઉપરાંત આરોપીઓ પૈકી ખાસ ડ્રગ્સનાં ગુનાઓમાં સંડોવાયેલા લોકોને ખાસ ચેતવણી આપવામાં આવી છે કે, હવે પછી જો તેઓ આ પ્રકારના ગુનાઓ કરશે તો તમામ પ્રકારની કડક કાયદેસરની કાર્યવાહી સિવિલ એડમિનિસ્ટ્રેશન સાથે મળીને કરવામાં આવશે. હાલમાં રાજકોટમાં ૨૦૯ જેટલા આરોપીઓ સામે પાંચ કરતા વધુ ગુનાઓ નોંધાઈ ચુક્યા છે. તેમાંથી હાલ ૧૫૦ જેટલા આરોપીઓને એકત્ર કરીને આ સૂચનાઓ આપી દેવામાં આવી છે. પ્રોહિબીશન, જુગાર, મારામારી સહિતના ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓને એકઠા કરવામાં આવ્યા હતા. પાંચથી વધુ ગુના નોંધાયા હોય તેવા મહિલા અને પુરુષ આરોપીઓને ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ બોલાવી તેની સામે અટકાયતી પગલાંઓ લઈ તમામ આરોપીઓને કડક સૂચના આપવામાં આવી હતી.

### તમારી આખી કર્મકુંડળી અમારી પાસે છે એટલે ગુનો કરવાનું વિચારતા પણ નહિ : શાનમાં સમજી જવા ડીસીપી ક્રાઈમની સ્પષ્ટ ચેતવણી

# જિલ્લા પંચાયતનું ૧૦૯૧.૬૪ કરોડનું બજેટ મંજૂર

## ૩૬માંથી ૩ સભ્યોના પ્રશ્નો આવ્યાઃ પાણી, શિક્ષણ, આરોગ્ય, મહિલા અને બાળ વિકાસ, સમાજ કલ્યાણ ક્ષેત્ર સહિતના કામોની દરખાસ્ત ને મળી બહાલી





તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક,રાજકોટ**

જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા આજ રોજ જિલ્લા પંચાયત ખાતે યોજવામા આવી, જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન સંજયભાઈ રંગાણી, ઉપપ્રમુખ રાજુભાઈ ડાંગર,સમિતિના ચેરમેનળીઓ,જિલ્લા પંચાયત સસ્યઓ, ડીડીઓ અનંદુ સુરેશ ગોવિંદ સાહેબ,ડે. ડીડીઓ, તમામ શાખાધીકારીઓ,કર્મચારીઓ, ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા પંચાયતના સામાજિક ન્યાય સમિતિ ચેરમેન ભાનુબેન બાબરીયાના પતિ ભીખાભાઈ સોમાભાઈ બાબરીયાનુ દુખદ અવસાન થયેલ છે જે સબબ મૌન પાળીને તેમને શ્રધ્ધાજલી અર્પણ કરવામા આવી હતી

જિલ્લા વિકાસ અધિકારી તરીકેલી અનંદુ સુરેશ ગોવિંદની રાજકોટ જિલ્લા પંચાયત ખાતે પ્રથમ સામાન્ય સભા હોય તેમને પુષ્પગુચ્છથી આવકારવામા આવ્યા.

સદસ્યઓ દ્વારા પ્રશ્નો રજુ કરવામા આવ્યા જેના સબંધિત શાખાધીકારીઓ દ્વારા જવાબ આપવામાં આવ્યા.

વિરલભાઈ પનારા, દક્ષાબેન પરેશભાઈ રાદડીયા, મનસુખભાઈ સાંકરિયા

જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે હાલો સંભાળ્યા પછી બીજી વખત જિલ્લા પંચાપ્ત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી દ્વારા જિલ્લા પંચાયતનું સને ૨૦૨૫-૨૬નું બજેટ ખાસ સામાન્ય સભા સમક્ષ મુકવામા આવ્યુ. સને ૨૦૨૫-૨૬નું બજેટ પુરાંતવાળુ છે. ગ્રામ્ય પ્રજાની આરોગ્ય સુખાકારી હિત ધ્યાને લઈ તૈયાર કરેલ બજેટમાં ગ્રામ્ય પ્રજા ઉપર કોઈપણ જાતના નવા કરવેરા નાખવામાં આવેલ નથી

રાજકોટ જિલ્લા પંચાયત માં સરકાર તરફથી આવતી રકમો તેમજ સ્વભંડોળ સદરે રાખવામાં આવેલ જોગવાઈની રકમો જિલ્લાનાં પ્રજાજનોનાં કલ્યાણ/ઉત્કર્ષ/પ્રગતિ માટે વપરાય તેવી સાથે સમિતિ સમક્ષ આ બજેટ રજુ કરવામા આવ્યુ, રાજકોટ જિલ્લા પંચાયતનું સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં કુલ રૂ ૧૦૯૧.૬૪ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમા જિલ્લા પંચાયત સ્વભંડોળ અંતર્ગત કુલ રૂ.૨૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

પંચાયત અને વિકાસના કામો માટે ૧૦ કરોડ ૮૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

શ્રેષ્ઠ ગ્રામ પંચાયત પસંદગી સ્પર્ધા માટે ૨૨ લાખની જોગવાઈ કરવામા આવે છે. તેમજ વિચરતી-વિમુકત જાતીના દિકરા-દિકરી માટે શિક્ષણ સહાય માટે ૨૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. અને સર્ગભા માતાઓની ચકાસણી અને સારવાર અંગે તથા થેલેસેમીયા અને સિકલસેલ એનીમિયા સારવાર અંગે સહાય માટે ૧૦ લાખની જોગવાઈ તેમજ કુપોષણ મુક્ત કરવાના અભિયાનના ભાગરૂપે આઈસીડીએસ વિભાગમાં કુપોષિત બાળકોને પોષણક્ષમ અને પ્રોટીનયુક્ત આહાર પુરો પાડવા માટે ૩૨ લાખ અને તળાવો અને બંધારાની નહેરો અને તેના દેખરેખના કામો માટે ૩૫ લાખ, વરસાદી પાણીના સંગ્રહ માટેના ગ્રાંમ્ય કક્ષા ના કામો માટે ૨૫ લાખની સમાજ કલ્યાણ ક્ષેત્રે અનુસુચિત જાતિના સર્વાંગી વિકાસ માટે ૫૦ લાખની જોગવાઈ કરવામા આવે છે.

જિલ્લા પંચાયત રાજકોટ હેઠળનાં વિસ્તારમાં રહેતા દેશની સુરક્ષા માટે ફરજ બજાવતા શહિદ થયેલા પ્રતિ સૈનિકના પરીવારને રૂ.૨ લાખ ચુકવવા ૧૦ લાખ, જિલ્લા પંચાયત રાજકોટ હેઠળના પંચાયત સેવાના વર્ગ - ૩ તથા વર્ગ-૪ ના જિલ્લા પંચાયતના શિક્ષણ વિભાગ સિવાયના કર્મચારીઓને ચાલુ નોકરી દરમ્યાન અવસાનના કિસ્સામાં નાણાકીય સહાય ચુકવવા પ્રતિ સ્વ. કર્મચારીના કુંટુંબ દીઠ ૧ લાખ ચુકવવા ૧૦ લાખ મનરેગા શાખાનુ વર્ષ ૨૦૨૫ - ૨૬ નું રાજકોટ જિલ્લાના કુલ ૧૧ તાલુકાઓનુ લેબર બજેટ આજની ખાસ સામાન્ય સભામાં ઠરાવ મંજુર કરવામાં આવ્યો હતો.

જિલ્લામાં હાલ કુલ અંદાજે ૬૦૦ જેવા ગામોનો સમાવેશ થયેલ છે. આ ગામોમા ઘણાખરા અંશે ઉનાળા દરમિયાન પીવાના પાણી તથા ખેતી માટે સિંચાઈના પાણી ની અછત રહે છે.આ તમામ ગામોમાં ગામ દીઠ એક તળાવ બનાવવા માટે એક તળાવ માટે રકમ રુ.૨૫ લાખ લેખે સરકારમા અંદાજે કુલ રકમ રુ.૧૫૦ કરોડ જેટલી ગ્રાન્ટની માંગણી કરતો ઠરાવ આજની ખાસ સામાન્ય સભામાં ઠરાવ મંજુર કરવામા આવ્યો.

લોકોમા આરોગ્ય પ્રત્ય જાગ્રુતતા અને સમજ કેળવાય તે હેતુસર રાજય સરકાર ના આયુશ વિભાગ દ્વારા આયુશે કેલેન્ડર- ૨૦૨૫ બહાર પાડવામાં આવેલ છે જેનુ આજની ખાસ સામાન્ય સભામા વિતરણ કરવામા આવ્યુ. આવ્યુ.

### બેઠકમાં જિલ્લાના ૬૦૦ ગામો તળાવ અને પશુ માટે અવેડા સહિતની દરખાસ્ત મંજૂર

નગર પ્રા. શિક્ષણ સમિતિ આયોજીત

# કલાર્પણમ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ કલાના કામણ પાથર્યા





## ત્રિ-દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૬૮૭ બાળકો અને ૧૬ શિક્ષકોએ કલાના રંગોથી સૌને ભિંજાવ્યા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા સંચાલીત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ત્રિદિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમ કલાર્પણમ નું આયોજન મહાત્મા ગાંધી મ્યુઝિયમ (આલ્ફ્રેડ હાઈસ્કુલ) જયુબેલી બાગ પાસે કરવામાં આવેલ છે.

ચેરમેન વિક્રમ પુજારાએ જણાવેલ કે કાર્યક્રમમાં બાળકો દેશભકિત, ધાર્મિક, ઐતિહાસિક પ્રસંગો, વીર શહીદોના પાત્રો, અલગ અલગ રાજયોની પરંપરાઓ માં નો ગરબો, કાર્ટુન થીમ જેવી વિવિધ પ્રકારની ૨૬ કૃતિઓ રજુ કરવામાં આવેલ હતી. દરેક કૃતિઓ માટે તેની થીમ બેઝ આધારીત કોસ્ચ્યુમથી સજજ બાળકોએ ઉપસ્થિક સૌ કોઈ લોકોના મન મોહી લીધેલ હતા. સાથો સાથ શિક્ષણ સમિતિના શિક્ષક બહેનો દ્વારા પણ પરંપરાગત પહેરવેશ સાથે ગરબાની કૃતિ રજુ કરવામાં આવેલ હતી.

ઈસ્ટ ઝોનના ૬૮૭ બાળકો અને ૧૬ શિક્ષકો પોતાની વિવિધ કૃતિઓ પ્રસ્તુત કરેલ, જેમાં ગુજરાત રાજયના સાંસદ પુરૂષોતમભાઈ રૂપાલા, મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શીતાબેન શાહ, રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા, ભાજપ શહેર પ્રમુખ ડો. માધવ દવે, રાજકોટ મહાનગરપાલિકા શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, કમિશ્નર તુષાર સુમેરા, આઈએએસ, રાજકોટ શહેર પ્રભારી લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા સહીતના ઉપસ્થિત રહે બાળકોના ઉત્સાહમાં વધારો કરેલ હતો.

કાર્યક્રમને તમામ મોરચે સફળ બનાવવા ચેરમેન વિક્રમ પુજારા, વાઈસ ચેરમેન ડો. પ્રવીણભાઈ નિમાવત, શાસનાધિકારી કીરીટસિંહ પરમાર અને શિક્ષણ સમીતીના તમામ સદસ્યઓના માર્ગદર્શન હેઠળ શિક્ષણ સમીતી પરિવાર યુ.આર.સી.સી. શાળાના આચાર્યઓ, કાર્યક્રમ ઈન્ચાર્જ હિતેન્દ્રસિંહ જાડેજા અને શાળા પરિવાર કાર્યક્રમની ઉજવણી અનેરા ઉત્સાહ અને ઉમંગથી શરુઆત કરેલ

# પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ભારત રક્ષા મંચની રાષ્ટ્રીય કાર્ય કારિણી બેઠકમાં કાર્યકરોને આપ્યું “માર્ગદર્શન”




**અબતક રાજકોટ**

દેશભરની અગ્રણી રાષ્ટ્રવાદી સંસ્થા તરીકે ઓળખ ધરાવતી ભારત રક્ષા મંચ ની અમદાવાદ ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કાર્યકારી બેઠકમાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને માર્ગદર્શન આપ્યું હતું ભારત રક્ષા મંચ ની કાર્યકારી બેઠકમાં દેશ ભરના આગેવાનો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા વિજયભાઈ રૂપાણીએ રાષ્ટ્રવાદ, સંસ્કૃતિ અને વિકાસ માટે રાષ્ટ્રવાદ અને સંસ્કૃતિ કેવી રીતે ફળદાઈ બની શકે તે માટે વિજયભાઈ રૂપાણીએ ચર્ચા પરામર્શ કરી કાર્યકરો આગેવાનોને માર્ગદર્શન આપ્યું હતું.

# પત્રકારત્વ ક્ષેત્રે અનેરુ યોગદાન આપનાર કૃષ્ણકાંત ઉનડકટને મોરારીબાપુના હસ્તે નચિકેત એવોર્ડ એનાયત

## વરિષ્ઠ પત્રકાર કૃષ્ણકાંત ઉનડકટનું પત્રકારત્વક્ષેત્ર તેમજ સમાજના ઉત્થાન માટે મહત્વનું યોગદાન રહેલું છે



તસ્વીરઃ કરણ જોગલ

**અબતક રાજકોટ**

નગીનદાસ સંઘવી ગુજરાતના જાણીતા રાજકીય વિશ્લેષક, લેખક અને કટારલેખક હતા. તેમનો જન્મ ૧૦ માર્ચ ૧૯૨૦ના રોજ ભાવનગરમાં થયો હતો. તેમણે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાઓમાં અનેક પુસ્તકો અને લેખો લખ્યા છે. તેમને ૨૦૧૯માં પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમનું ૧૨ જુલાઈ ૨૦૨૦ના રોજ અવસાન થયું હતું. તેઓ રાજકારણ, ઈતિહાસ અને સમાજશાસ્ત્ર જેવા વિષયો પર લખતા હતા.નગીનદાસ સંઘવી એક પ્રખર વિચારક અને લેખક હતા. તેમના લખાણોએ ગુજરાતી સાહિત્ય અને સમાજ પર ઊંડી અસર પાડી છે. સમાજમાં તેના વિશિષ્ટ યોગદાન બદલ આપવામાં આવે છે, આ એવોર્ડ જાણીતા પત્રકાર, લેખક, ચિંતક અને વકતા નગીનદાસ સંઘવીની સ્મૃતિમાં દર વર્ષે પત્રકારત્વ ક્ષેત્રે નચિકેત એવોર્ડ આપવામાં આવે છે. આ વર્ષે મોરારી બાપુના હસ્તે

(અનું. આઠમાં પાને)


### નગીનદાસ સંઘવીની સ્મૃતિ એટલે નચિકેતા એવોર્ડઃ કૌશિક મહેતા



અબતક સાથેની વાતચીતમાં કૌશિક મહેતાએ જણાવ્યું હતું કે,મોટા ગજાના લેખક, ચિંતક અને વકતા નગીનદાસ સંઘવીની સ્મૃતિમાં છેલ્લા પાંચ વર્ષથી નચિકેત એવોર્ડ આપવામાં આવે છે દર વર્ષે મોરારીબાપુના હસ્તે આ એવોર્ડ વર્રિષ્ઠ પત્રકાર ને આપવામાં આવે છે આ વખતે ૨૦૨૫ ના એવોર્ડ માટે સુરત નિવાસી કૃષ્ણકાંત ઉનટકટની પસંદગી કરવામાં આવી છે, તેમની સ્મૃતિમાં દર વર્ષે નચિકેતા એવોર્ડ પત્રકારત્વના ક્ષેત્રમાં પ્રદાન આપવા માટે આપવામાં આવે છે. વિવિધ ક્ષેત્ર દાન આપવા બદલ નગીનબાપાને રૂ. ૧૧ લાખ ની રાશિ આપી હતી પણ તેનો અસ્વીકાર કર્યો હતો તે જ ફંડ માંથી દર વર્ષે નચિકેત એવોર્ડ આપવામાં આવે છે

# પ્રમુખસ્વામી મહારાજના જીવનની પ્રત્યેક ક્ષણ લોકકલ્યાણ માટે સમર્પિતઃ કેન્દ્રીય મંત્રી શેખાવત

## ભારતીય સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત ‘સંત વિભૂતિ પ્રમુખ સ્વામી મહારાજ’ પુસ્તકનો વિમોચન સમારોહ યોજાયો




**અબતક, રાજકોટ**

ભારતની રાષ્ટ્રીય સાહિત્ય સંસ્થા સાહિત્ય અકાદમી તથા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંશોધન સંસ્થાન, દિલ્હીના સંયુક્ત ઉપક્રમે ’સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ’ પુસ્તકનો વિમોચન સમારંભ અમદાવાદના બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, શાહીબાગ ખાતે ભવ્ય રીતે યોજાયો હતો.

લેખક સ્વામી ભદ્રેશદાસજીદ્વારા આ પુસ્તકમાં પ્રમુખસ્વામી મહારાજના જીવન, કાર્ય અને તેમના વૈશ્વિક પ્રભાવને સરળતાથી રજૂ કરવામાં આવ્યા છે.આ પુસ્તક સાત પ્રકરણો દ્વારા પ્રમુખસ્વામીજીના નિઃસ્વાર્થ યોગદાનને ઉજાગર કરે છે, જે કરુણા, સેવા અને શ્રદ્ધા જેવાં મૂલ્યોની પ્રેરણા આપે છે.

આ વિમોચન સમારોહમાં પ્રાસંગિક ઉદ્‌બોધન અને સ્વાગત પ્રવચન બાદ ’પ્રમુખસ્વામી મહારાજઃ મારી દૃષ્ટિએ, મારો અનુભવ’ કાર્યક્રમ અંતર્ગત લેખક સ્વામી ભદ્રેશદાસજીએ તથા અન્ય મહાનુભાવોએ તેમના પૂ. પ્રમુખસ્વામી મહારાજના સાથેના સંસ્મરણો રજૂ કર્યા હતા. ગુજરાતના સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન પદ્મશ્રી ગૌતમભાઈ પટેલ, ગુજરાતના વિખ્યાત કવિ, સાહિત્યકાર, વિવેચક માધવ રામાનુજ, પાંચજન્ય સામયિકના પૂર્વ તંત્રી અને પૂર્વ સાંસદ તરુણ વિજય, કેન્દ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, દિલ્હીના કુલપતિ શ્રીનિવાસ વરખેડી, સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન હરેકૃષ્ણ સતપથી, લાલબહાદુર શાસ્ત્રી યુનિવર્સિટીના કુલપતિ મુરલી મનોહર પાઠક, તિરૂપતિ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ જી. એસ. આર. કૃષ્ણમૂર્તિ,સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ સુકાંત સેનાપતિ, આઈ. આઈ. ટી ખડગપુરના પૂર્વ નિર્દેશક વિરેન્દ્રકુમાર તિવારીજેવા વિદ્વાનોએ આ પુસ્તકને એક અભૂતપૂર્વપુસ્તક તરીકે વધાવી લેતા વ્યક્તવ્યો આપ્યા હતા

ત્યારબાદ સાહિત્ય અકાદમીના ડો. કે. શ્રીનિવાસ રાવ દ્વારા આપુસ્તકના પ્રકાશન વિશે માહિતી આપવામાં આવીહતી અને પ્રમુખસ્વામી મહારાજના જીવન અને કાર્યની ઝાંખી કરાવતો વિડિયો પ્રદર્શિત થયોહતો. આ પ્રસંગે સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને પુસ્તકનું વિમોચન કર્યુંહતું. તેમણે પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## શાપર વેરાવળમાં “વન નેશન, વન રેશન કાર્ડ” યોજના અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોષીના માર્ગદર્શન મુજબ ગત તા. ૨૧ માર્ચ, ૨૦૨૫ના રોજ જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા કોટડાસાંગાણી તાલુકાના વેરાવળ (શાપર) ગામે નવી કુમાર તાલુકા શાળા ખાતે તાલુકા મામલતદાર જી. બી. જાડેજાની અધ્યક્ષતામાં “વન નેશન, વન રેશન કાર્ડ“ યોજના અંગે જાગૃતિ લાવવા અંગેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં લોકોને આ યોજનાનો વધુમાં વધુ લાભ લેવા સમજૂત કરવામાં આવ્યા હતાં. તેમજ લોકોના પ્રશ્નો સાંભળી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વેરાવળ ગામના સરપંચ રવિરાજસિંહ જાડેજા, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ અશ્વિનભાઈ ગઢીયા, પુરવઠા નાયબ મામલતદાર ડી. વી. મોરાડીયા, નાયબ મામલતદાર વી. વી. રાજ્યગુરુ, નાયબ મામલતદાર એચ. એ. ચુડાસમા, શાપર- વેરાવળ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના મેનેજર પોપટભાઈ, શાળાના આચાર્ય નીલાબેન માકડીયા સહિત શાપર તથા વેરાવળ ગામોના વાજબી ભાવના દુકાનદારો હાજર રહ્યા હતા.ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય એકતા તથા જન સામાન્યની સુગમતા વધારવાના શુભાશયથી વન નેશન, વન રેશન કાર્ડ યોજના વર્ષ ૨૦૧૯થી અમલમાં મૂકેલી છે. આ યોજનાના લાભાર્થી તરીકે નોંધાયેલા કોઈ પણ રાશનકાર્ડધારક રોજગારી માટે કોઈ એક રાજયમાંથી બીજા રાજયમાં કે રાજયના કોઈ પણ જિલ્લા, તાલુકા, ગામ કે શહેરમાં રહેવા જતાં ત્યાંની વાજબી ભાવની દુકાન પરથી પોતાને મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવી શકે છે. આથી, એન.એફ.એસ.એ. હેઠળ સમાવિષ્ટ પરપ્રાંતીય મજૂરો, કારીગરો, ખેતમજુરો અને વિચરતું જીવન જીવતા પરિવારોને પોતાનું રાશન ખૂબ સરળતાથી ઉપલબ્ધ થાય છે. “વન નેશન, વન રાશન કાર્ડ યોજના“ હેઠળ દેશના કોઈ પણ સ્થળેથી અનાજનો જથ્થો મેળવવા માટે લાભાર્થીએ પોતાના રાજયમાં રાશનકાર્ડ સાથેનું આધાર સીડીંગ કરેલ હોવું જરૂરી છે. આ યોજનાના અમલીકરણ માટે દરેક વાજબી ભાવના દુકાનદારને વધારાનો અનાજનો જથ્થો (ઘઉં અને ચોખા) આપવામાં આવે છે. આમ, વન નેશન, વન રેશન કાર્ડ યોજના એ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશની જાહેર વિતરણ વ્યવસ્થામાં લાવેલી ડીજીટલ ક્રાંતિકારી યોજના છે.

### રેલવે સ્ટેશન પરથી મળી આવેલ ડ્રગ્સ મામલે

## જામનગરની મહિલાને ડ્રગ્સ લેવા મોકલનાર અઝરૂદ્દીન દરજાદાની ધરપકડ

### મહિલા અને સગીરને રૂ. ૧૯.૮૯ લાખના ડ્રગ્સ મામલે રેલવે પોલીસની કાર્યવાહી

**અબતક, રાજકોટ**



રાજકોટ રેલવે સ્ટેશન પર રેલવે એસઓજીની ટીમે જામનગરમાં રહેતી મહિલા અને સગીરને રૂપિયા ૧૯.૮૯ લાખની કિંમતનું ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે આ બંને શખસોની પૂછતાછ કરતા જામનગરમાં રહેતા શખસે બંનેને દુરંતો એક્સપ્રેસની ટિકિટ આપી તેમજ એક ટ્રીપના રૂપિયા ૧૦,૦૦૦ ની લાલચ આપી મુંબઈના શખસ પાસેથી ડ્રગ્સનો આ જથ્થો લાવવા માટે કહ્યું હોવાનું માલુમ પડ્યું હતું.દરમિયાન રાજકોટ રેલવે પોલીસની ટીમે તપાસ હાથ ધરી ડ્રગ્સ મગાવનાર જામનગરના અઝરૂદ્દીન દરજાદાને ઝડપી લીધો હતો. પ્રાથમિક તપાસમાં તેણે મુંબઈથી આ પ્રકારે ત્રીજી વાર ડ્રગ્સ મંગાવ્યાનું ખુલ્યું હતું.

રાજકોટ રેલવે એસઓજીની ટીમે શુક્રવારે દુરંતો એક્સપ્રેસ ટ્રેન આવી ઉભી રહેતા તેમાંથી એક મહિલા તથા એક સગીર ઉતર્યા હોય જેની હિલચાલ શંકાસ્પદ જણાતા પૂછપરછ કરતા તેનું નામ સેતા યાસ્મીન અનવરભાઈ (ઉ.વ ૪૦ રહે. હાલ સૈયદી હોટલની પાછળ આવાસ કવાર્ટર, ગોલ્ડન સિટીની બાજુમાં જામનગર) હોવાનું જણાવ્યું હતુ. તેની સાથે રહેલ સગીર પણ જામનગરનો વતની હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે મહિલાની અંગ જડતી લેતા બેગમાંથી મળેલી આ કોથળીમાંથી રૂપિયા ૧૯.૮૯ લાખની કિંમતનું ૧૯૮.૮ ગ્રામ કબજે કર્યું હતું. એમડી ડ્રગ્સનો આ જથ્થો એક મોબાઈલ ફોન ટ્રેનની જનરલ કોચની ચાર ટિકિટ અને રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૨૦.૦૬ લાખનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો.ઝડપાયેલ મહિલા સેતા યાસ્મીન અનવરભાઈ (ઉ.વ ૪૦) અને સગીરની પૂછપરછ કરતા એવું જણાવ્યું હતું કે, જામનગરમાં રહેતા અજરૂ નામના શખસે બંનેને ટ્રેનની આવક જાવકની ટિકિટ તેમજ એક ટ્રીપના રૂપિયા ૧૦,૦૦૦ આપી મુંબઈમાં નિઝામ નામના શખસ પાસેથી માદક પદાર્થનો જથ્થો લાવવા માટે કહ્યું હતું. દરમિયાન રાજકોટ રેલવે પીઆઈ એસ.આર.પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ બી.જે.જાડેજા તથા ટીમે તપાસ હાથ ધરી ડ્રગ્સનો જથ્થો મગાવનાર અઝરૂદ્દીન ઉર્ફે અઝરૂ કાસીમભાઈ દરજાદા મકરાણી (ઉ.વ ૩૭ રહે. ખોજાવાડ, મચ્છીપીઠ, જામનગર) ને ઝડપી લીધો હતો.

## રીઢા તસ્કર ત્રણ ચોરાઉ બાઈક સાથે ઝડપાયો

### હાલાર, ગાંધીધામ અને રાજકોટ સહિત ૪૩ સ્થળે ચોરીના ગુનામાં સંડોવાયેલો

**અબતક, જામનગર**



જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટુકડીએ વાહન ચોરીનો ઉપદ્રવ વધી જવાના કારણે શહેરમાં વોચ ગોઠવી હતી, અને ત્રણ ચોરાઉ બાઈક સાથે એક તસ્કરને ઝડપી લીધો છે. જે તસ્કર જામનગર શહેર જિલ્લા તેમજ રાજકોટમાં અગાઉ ૪૩ જેટલી ચોરીના ગુનાઓમાં સંડોવાયેલો હોવાનું સામે આવ્યું છે.

જામનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં થઈ રહેલી વાહન ચોરી નર રોકવા માટે એલસીબી ની ટુકડીએ કમર કસી હતી, અને અલગ અલગ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરીને વોચ ગોઠવી હતી. જે દરમિયાન જામનગર તાલુકાના નારાયણપુર ગામનો વતની જીતુ જેરામભાઈ શેખા નામનો ૩૬ વર્ષનો શખ્સ બાઈક સાથે ઝડપાઈ ગયો હતો.

જે અગાઉ પણ વાહન ચોરી સહિતના અનેક ગુનાઓમાં પકડાઈ ચૂક્યો છે, અને ફરીથી વાહન ચોરીના રવાડે ચડી ગયો હતો. જે માહિતીના આધારે એલસીબી ની ટુકડીએ ઝડપી લીધો હતો, અને તેની પાસેથી એક ચોરાઉ બાઈક મળી આવ્યું હતું. જેની વધુ પૂછપરછ કરતાં તેણે પોતાની પાસે સંતાડી રાખેલા અન્ય બે બાઈક પણ કાઢી આપ્યા હતા, જે પૈકી એક જામનગરના સીટી સી. ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાંથી તેમજ એક બાઈક રાજકોટમાંથી ચોરી કર્યું હોવાનું કબૂલ લીધું હતું.

પોલીસે ત્રણેય બાઈક કબજે કરી લઈ આરોપીનો કબજો સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દીધો છે.

પોલીસની વધુ પૂછપરછ દરમિયાન ઉપરોક્ત આરોપી અનેક ચોરીઓમાં સંડોવાયેલો હોવાનું ધ્યાનમાં આવ્યું છે. તેની સામે જામનગર શહેર અને ધ્રોલ ઉપરાંત રાજકોટ, ગાંધીધામ સહિત અલગ અલગ ૪૩ જેટલા ચોરી અંગેના ગુના નોંધાઈ ચૂક્યા છે. ઉપરાંત વધુ બે વાહન ચોરી કબૂલી છે.

## કનેક્શન જોડી દે નહીંતર સારાવટ નહિ રહે.. કચેરીમાં ઘુસી વીજકર્મીને ધમકી

### ગાયકવાડી વિસ્તારમાં ચાર મહિનાનું વીજબિલ નહિ ભરનાર મહિલાનું કનેક્શન કાપી નાખતા મકાનમાલિકના સંબંધીએ ધમાલ મચાવી

**અબતક,રાજકોટ**

શહેરના ગાયકવાડી વિસ્તારમાં વીજ કર્મચારીએ ચાર મહિનાથી વીજબિલ ભરાયું નહોતું તે મકાનનું વીજ કનેક્શન કટ કરી નાખતા તે મકાન માલિકના સંબંધીએ કચેરીએ જઈ નાયબ એન્જિનિયરને ધક્કો મારી ગાળો ભાંડી ધમકી આપી હતી. પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી હતી.

પીજીવીસીએલમાં નાયબ એન્જિનિયર તરીકે ફરજ બજાવતાં કલ્પેશભાઈ ભગવાનજીભાઈ કાનાણી (ઉ.વ.૪૦)એ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગાયકવાડીના નાગેશસિંહ શેખરસિંહ ચૌહાણનું નામ આપ્યું હતું. કલ્પેશભાઈ કાનાણીએ ફરિયાદમાં જણવ્યું હતું કે, રવિવારે સવારે તેમની ટીમ ગાયકવાડી વિસ્તારમાં જેનું બિલ ભરાયું ન હોય તેવી મિલકતોના વીજ કનેકશન કટ કરવાની કામગીરી કરી રહી હતી. દરમિયાન ગાયકવાડી ૩માં આવેલા વિમલાદેવી ચૌહાણની માલિકીના મકાનનું ચાર મહિનાનું બિલ ભરાયું ન હોવાથી વીજ કર્મચારીઓ ત્યાં ગયા હતા અને મકાનનો દરવાજો ખટખટાવ્યો હતો, પરંતુ અંદરથી કોઈએ નહીં ખોલતાં કર્મચારીએ વીજપોલ પર ચડી તે મકાનનું કનેક્શન કટ કરી નાખ્યું હતું.

થોડીવાર બાદ આ બાબતે નાગેશસિંહ ચૌહાણે ફોન કરી નાયબ એન્જિનિયર કલ્પેશભાઈ કાનાણી સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી અને ત્યારબાદ નાગેશસિંહ ધરમ સિનેમા પાસે આવેલી બેડીનાકા સબ ડિવિઝન કચેરીએ જઈ ત્યાં હાજર કર્મચારીઓ સાથે ઉધ્ધતાઈ કરી હતી અને ઓફિસમાં ઘૂસી કલ્પેશભાઈ કાનાણીને ધક્કો માર્યો હતો અને કનેક્શન જોડી દે નહિતર સારાવટ નહી રહે તેવી ધમકી આપી હતી.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૫૯ | ૯૦૦ | ૧૧૫૦ |
| લીંબુ | ૩૧૦ | ૧૨૦૦ | ૨૬૦૦ |
| તરબુચ | ૨૮૦ | ૨૦૦ | ૩૫૦ |
| બટેટા | ૬૨૦૦ | ૧૨૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૩૧૩૦ | ૭૦ | ૨૮૦ |
| ટમેટા | ૧૮૬૫ | ૮૦ | ૨૦૦ |
| સુરણ | ૯૫ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૭૧૪ | ૩૦૦ | ૫૦૦ |
| સકરીયા | ૧૪૦ | ૪૦૦ | ૫૦૦ |
| મુળા | ૫૫ | ૨૫૦ | ૪૦૦ |
| રીંગણા | ૪૫૩ | ૩૫૦ | ૬૦૦ |
| કોબીજ | ૫૦૫ | ૪૦ | ૧૦૦ |
| ફલાવર | ૬૧૮ | ૧૬૦ | ૩૫૦ |
| ભીંડો | ૫૪૨ | ૭૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૪૨૦ | ૧૦૦૦ | ૧૭૫૦ |
| ચોળાસીંગ | ૧૯૦ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| વાલોળ | ૨૯૦ | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૧૭૨ | ૯૦૦ | ૧૩૦૦ |
| દુધી | ૫૨૩ | ૧૬૦ | ૩૦૦ |
| કારેલા | ૩૧૦ | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૫૯ | ૨૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૨૩૦ | ૫૦૦ | ૭૦૦ |
| પરવર | ૫૫ | ૯૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૪૮૦ | ૪૦૦ | ૬૫૦ |
| ગાજર | ૫૪૦ | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૪૦૫ | ૬૦૦ | ૯૦૦ |
| ગલકા | ૪૬૫ | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૫૦ | ૧૦૦ | ૨૬૦ |
| મેથી | ૨૩૦ | ૧૦૦ | ૨૫૦ |
| વાલ | ૨૨૫ | ૮૦૦ | ૧૦૫૦ |
| ડુંગળી લીલી | ૩૫૦ | ૧૫૦ | ૨૫૦ |
| આદુ | ૩૨૦ | ૭૦૦ | ૯૫૦ |
| મરચા લીલા | ૪૩૦ | ૨૦૦ | ૫૫૦ |
| લસણ લીલું | ૧૯૩ | ૩૦૦ | ૬૦૦ |
| મકાઈ લીલી | ૩૨૦ | ૮૦ | ૧૩૦ |


## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૨૦૦૦ | ૧૩૫૦ | ૧૪૯૦ |
| ઘઉં લોકવન | ૦ | ૪૭૭ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૦ | ૪૯૧ | ૬૨૪ |
| જુવાર સફેદ | ૩૦૦ | ૭૫૦ | ૧૧૪૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૨૫૦ | ૧૪૮૧ |
| અડદ | ૧૦૦ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| મગ | ૧૦૦ | ૧૩૫૭ | ૧૭૦૦ |
| વાલ દેશી | ૨૦૦ | ૯૦૦ | ૧૨૫૫ |
| વટાણા | ૨૪૦૦ | ૧૧૫૦ | ૧૮૮૦ |
| તલી | ૧૬૦ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| એરંડા | ૧૧૨૫ | ૧૧૬૫ | ૧૨૩૮ |
| અજમો | ૨૦ | ૧૮૫૦ | ૨૨૦૦ |
| સોયાબીન | ૧૦૦ | ૬૨૫ | ૭૬૭ |
| કાળા તલ | ૨૦ | ૩૯૦૦ | ૫૪૦૦ |
| લસણ | ૧૨૦૦ | ૮૫૦ | ૧૨૦૧ |
| ધાણા | ૦ | ૧૧૫૦ | ૧૭૭૦ |
| ધાણી | ૦ | ૧૩૫૦ | ૨૧૦૦ |
| વરીયાળી | ૩ | ૧૬૦૦ | ૧૯૦૦ |
| જીરૂ | ૦ | ૩૬૦૦ | ૪૧૪૦ |
| રાય | ૬૨૦ | ૧૦૨૦ | ૧૨૬૦ |
| મેથી | ૦ | ૯૫૦ | ૧૨૮૦ |
| અશેરીયો | ૨૦ | ૧૧૭૫ | ૧૩૨૫ |
| કલોંજી | ૭૫ | ૩૦૪૦ | ૩૪૩૭ |
| રાયડો | ૩૫૦ | ૯૫૦ | ૧૦૪૭ |
| ગુવારનું બી | ૬૦ | ૯૫૦ | ૯૮૧ |

### આજે વિશ્વ ક્ષય રોગ દિવસ

## ટિબી મુક્ત ભારત-૨૦૨૫નું લક્ષ્યઃ પ્રધાનમંત્રી

**અબતક, રાજકોટ**




સંકલન
આલાપ ભરતભાઈ બારાય

દર વર્ષે ૨૪ માર્ચે વિશ્વ ક્ષય રોગ (ટિબી) દિવસ ઉજવવામાં આવે છે, જેનો મુખ્ય હેતુ ટિબી વિશે જાગૃતિ ફેલાવવાનો અને તેને નિયંત્રિત કરવા માટે ચાલી રહેલા પ્રયાસોને મજબૂત બનાવવાનો છે.

આ વર્ષે ૨૦૨૫ માટેનો વિષય છેઃ હા! આપણે ટિબીનો અંત લાવી શકીએ છીએ: પ્રતિબદ્ધતા, રોકાણ, પ્રદાન, જે ટિબી નિવારણ અને સારવાર માટે વિશ્વભરના દેશોને સંકલિત પ્રયાસો માટે પ્રોત્સાહિત કરે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ૧૯૪૮ થી ટિબી નિયંત્રણ માટે કાર્યરત છે. ઊક્ષમ ઝઈ જાંફિયિંલુ દ્વારા ઠંઇઘ ૨૦૩૦ સુધીમાં ટિબીના કેસોમાં ૮૦% ઘટાડો અને ટિબીના મૃત્યુ દરમાં ૯૦% ઘટાડવાનું લક્ષ્ય ધરાવે છે. ઠંઇઘ વિવિધ દેશોને નવી દવાઓ, રસી અને આરોગ્ય સુવિધાઓ માટે ટેકો પૂરો પાડે છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી એ ટિબી મુક્ત ભારત - ૨૦૨૫ નું લક્ષ્ય નક્કી કર્યું છે, જે વિશ્વ આરોગ્ય સંસ્થાના ૨૦૩૦ ના લક્ષ્ય કરતા પાંચ વર્ષ વહેલું છે. ટિબીના સંપૂર્ણ નિવારણ માટે ભારત સરકાર પાંચ મુખ્ય સ્તરો પર કાર્ય કરી રહી છે.

### ટિબીથી કેવી રીતે બચી શકાય?

ટિબીથી બચવા માટે બાળકોને ઈઈઋરસી અપાવવી. જાહેરમાં થૂકવું નહીં, માસ્ક પહેરવો અને સ્વચ્છતા જાળવવી.પૌષ્ટિક આહાર લેવો, નિયમિત કસરત કરવી અને તંદુરસ્ત રહેવું.લક્ષણો હોય તો તરત જ તપાસ કરાવવીલાંબી ખાંસી, તાવ, રાત્રે વધુ પસીનો આવવો, વજન ઘટવું વગેરે.ટિબીના દર્દીઓ માટે સંપૂર્ણ સારવારઃ દવાઓ ડોકટરના સૂચન પ્રમાણે પૂરી લેવાં અને સારવાર અધૂરી ન રાખવી.

ટિબીના દર્દીઓ સાથે ભેદભાવ ન રાખવોઃ ટિબી હવા દ્વારા ફેલાતો ચેપ છે, પણ તે સંપૂર્ણપણે ઉપચારયોગ્ય છે. દર્દીઓને માનસિક સહકાર આપવો જરૂરી છે.

## આજી નદીમાં એકસપાયરી ડેટ વાળા પેકેટસ નાખતા સેલ્સમેનને રૂ.૧૦,૦૦નો દંડ

**અબતક, રાજકોટ**



રાજકોટ શહેરની વચ્ચેથી પસાર થતી આજી નદીના રામનાથ પરાના બેઠા પુલની બાજુમાં ડો. હેપી નમકીનના એકસપાયરી ડેટવાળા નમકીન પેકેટનો મોટો જથ્થો નાંખવામાં આવેલ. રાજકોટ મહાનગર પાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા આ બાબતે તપાસ હાથ ધરતા ડો. હેપી નમકીન લોધિકા તાલુકાના ખાંભા ગામએ કંપની આવેલ હોઈ, તે કંપનીનો સંપર્ક કરતા તેમના ડીસ્ટ્રીબ્યુટર પાસેથી રૂ.૧૦,૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ તેમજ આ એકપાયરી ડેટવાળા નમકીનના જથ્થાનો યોગ્ય નિકાલ કરવામાં આવેલ. આ કામગીરી નાયબ મ્યુનિસિપલ કમિશનર એચ.આર.પટેલના માર્ગર્શન અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકીની સુચના હેઠળ પૂર્વ ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેર વી.આર. ચાવડા તથા વોર્ડ નં.૬ના સેનેટરી સબ ઈન્સ્પેકટર મહેશ ગાંગાણી દ્વારા કરવામાં આવેલ છે.

## ભાજપમાં ગયેલા કોંગીના નેતા અને કાર્યકરોને પુનઃ પ્રવેશ કરાવતા મહેશ રાજપૂત



**અબતક, રાજકોટ**

પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓબીસી વિભાગના કાર્યકારી પ્રમુખ મહેશભાઈ રાજપુત દ્વારા અગાઉ ભાજપ પક્ષમાં ગયેલ કોંગ્રેસ પક્ષના નેતા, આગેવાનઃ, કાર્યકારોને આજે પુનઃ કોંગ્રેસમાં વિધિવત પ્રવેશ આપવામાં આવ્યો છે.

આ તકે અગાઉ ભાજપ પક્ષમાં ગયેલા કોંગ્રેસ પક્ષના નેતા, આગેવાનો, કાર્યકરોમાં આજરોજ પુનઃ કોંગ્રેસ પક્ષમાં પ્રવેશ કરતા ભાર્ગવ પઢીયાર, ભાવેશ ખાચરિયા, હાર્દિકભાઈ સોહેલિયા, ગૌરવ ચૌહાણ, ચંદ્રેશ જાદવ, વિપુલ ચૌહાણ, બકુલભાઈ મારુ, ધુપાલસિંહ પરમાર, નરેન્દ્રસિંહ વાઘેલા, વિજય મકવાણા, મિલન પરમારને રાજકોટ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમીતીના મહામંત્રી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓબીસી વિભાગના કાર્યકારી પ્રમુખ મહેશભાઈ રાજપુત દ્વારા કોંગ્રેસ પક્ષમાં પુનઃ પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. આ તકે ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના આગેવાનો ઘનશ્યામસિંહ જાડેજા, વિજયસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

# પીપળીયા પાસે કેબીઝેડ નમકીન કારખાનામાં આગ ભભૂકી: કરોડોનું નુકસાન

## ફાયર વિભાગે મેજર કોલ જાહેર કરી ચાર ફાયર ફાઈટરો દોડી જઈ આગ પર કાબુ મેળવ્યો: પ્રાથમિક દ્રષ્ટિએ બોઈલરમાંથી આગ લાગ્યાનું તારણ, કાચો અને તૈયાર માલ બળીને ખાખ: જાનહાની ટળી

**અબતક, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર આવેલી ગોપાલ નમકીન બાદ વધુ એક નમકીન કંપનીમાં વિકરાળ આગની ઘટના સામે આવી છે. જેમાં શહેરના કુવાડવા રોડ નજીક નાકરાવાડી પાસે કેબીઝેડ નામની વેફર્સ અને નમકીન બનાવતી કંપનીમાં આજે સવારે ૯:૩૦ કલાકની આસપાસ આગ લાગી હોવાની ઘટના ઘટી હતી. આ ઘટનાની જાણ ફાયર વિભાગને થતાં ફાયર બ્રિગેડે મેજર કોલ જાહેર કર્યો હતો અને ચાર ફાયર ફાઈટરોને ઘટનાસ્થળે દોડાવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ લેવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો પરંતુ પ્રાથમિક દ્રષ્ટિએ જાનહાનીના સમાચાર સામે નથી આવ્યા. આગને કારણે કાચો અને પાકો માલ બળીને ખાખ થઈ ગયો હોવાથી કરોડો નુકશાન હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. વધુ વિગત મુજબ શહેરના કુવાડવા રોડ નજીક આવેલા નાકરાવાડી પાસે પીપળીયા ગામ નજીક નમકીન અને વેફર્સ બનાવતી કેબીઝેડ નામની ફૂડ ઈન્ડિયા કંપનીમાં આજે ૯:૩૦ કલાકની આસપાસ આગ લાગી હોવાની ફાયર બ્રિગેડને મેનેજર દ્વારા જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડે આગ વિકરાળ લાગી હોવાથી મેજર કોલ જાહેર કર્યો હતો. આથી શહેરના આસપાસના તમામ ફાયર સ્ટેશનો પરથી ગાડીઓ દોડાવવામાં આવી હતી અને ચાર ફાયર ફાઈટરો દોડી જઈ આગ પર પાણીનો મારો ચલાવી કાબૂ મેળવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. આગની ઘટનાથી કંપનીમાં કાચો અને પાકો માલ તેમજ મશીનરી સહિત આગની ઝપેટમાં આવી ગઈ છે. આ વિકરાળ આગને કાબૂમાં લેવા માટે આસપાસના વિસ્તારમાંથી પાણીના ટેન્કરો દોડાવવામાં

(અનુ. આઠમા પાને)



### હું રસ્તામાં હતો ત્યારે આગનો ફોન આવ્યો હતો: સત્યજીત ઝાલા

અબતક સાથેની વાતચીતમાં ઈઓંણ ફૂડ લિમિટેડ નામનીના એચઆર મેનેજર સત્યજીત ઝાલાએ જણાવ્યું હતું કે, સવારે ૯.૧૫ આસપાસ મને કોલ આવ્યો હતો કે, કંપનીમાં આગ લાગી છે, જેથી મેં તાત્કાલિક ફાયર વિભાગમાં જાણ કરી હતી. વેફર્સ અને નમકીનની કંપની હોવાથી આગ વધુ ફેલાય તેવું તમામ મટિરિયલ હોવાથી આગ વધારે ફેલાઈ છે. આગ લાગવા પાછળનું કારણ હજુ સામે આવ્યું નથી. કંપનીમાં ૨૦૦થી ૨૫૦ જેટલા કર્મચારી કામ કરે છે, તમામને સલામત બહાર કાઢી લેવામાં આવ્યો હતાં.

### માનવ મૃત્યુ થયાનું ધ્યાને આવ્યું નથી: મામલતદાર

અબતક સાથેની વાતચીતમાં રાજકોટ તાલુકા મામલતદાર કે.એસ.મકવાણાએ જણાવ્યું હતું કે, રાજકોટ તાલુકાના સુકલ પીપળીયા ગામે ઊંઈણ કંમનીમાં આગ લાગેલી છે. આગનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. પણ બોઈલર ઉપર આગ લાગવાથી વધુ ફેલાઈ હોઈ તેવું જાણવા મળ્યું છે. હાલમાં ફાયર વિભાગની મદદથી આગ કાબૂમાં લેવાના પ્રયાસ કરી રહ્યાં છે.

### અંદર કોઈ નહીં હોવાની ખાતરી અગાઉ જ કરી લેવામાં આવી હતી: ફાયર ઓફિસર

અબતક સાથેની વાતચીતમાં રાજકોટ મનપાનાં ફાયર ઓફિસર આર. એ. જોબને જણાવ્યું હતું કે, હાલ ૫૦ જેટલા ફાયરના જવાનોની ટીમો આગ પર કાબુ મેળવવા કામ કરી રહી છે. આગ ઓઈલ ટેન્કમાં ફેલાઈ હતી, જેના ઉપર મિકેનિકલ ફોર્મનો મારો ચલાવીને આગ પર કાબુ મેળવવા આવ્યો. નુકસાનીનો હજુ કોઈ ચોક્કસ આંકડો સામે આવ્યો નથી. પરંતુ આગ લાગી ત્યારે અંદર કોઈ નહીં હોવાની ખાતરી અગાઉ જ કરી લેવામાં આવી છે. જેથી જાનહાનિ થવાની કોઈ શક્યતા નથી. પાંચ ગાડીની મદદથી આગ બુઝાવવાની કામગીરી કરવામાં આવી રહી છે.પાણી માટે ફેક્ટરીમાં આવેલા મોટા ટાંકામાંથી પાણી લેવામાં આવી રહ્યું છે.

### પાંચ જેટલી ફાયરની ગાડીઓ ઘટનાસ્થળે: ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર

અબતક સાથેની વાતચીતમાં ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અશોકસિંહ ઝાલાએ જણાવ્યુ હતું કે, પીપણિયાની બાજુમાં ઊંઈણ ફૂડ લિમિટેડ નામની કંપનીમાં સવારે ૯:૨૫ મિનિટે અમને આગ લાગવાનો કોલ મળ્યો હતો. જેને પગલે તરત જ એક ટીમ રવાના કરવામાં આવી હતી. આગ મોટી હોવાની જાણ થતાં થોડીવાર બાદ અન્ય ચાર મળીને કુલ ચાર-પાંચ ટીમો દ્વારા આગ પર કાબૂ મેળવવા કવાયત હાથ ધરવામાં આવી હતી. વાંકાનેર મામલતદાર સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આગ લાગવાનું કારણ હજુ પણ જાણવા મળ્યું નહીં હોવાનું તેમણે જણાવ્યું હતું.



# ગોપાલ ઈટાલિયા વિસાવદર બેઠક પરથી પેટા ચૂંટણી લડશે: આમ આદમી પાર્ટીની જાહેરાત

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ફરી ચૂંટણીનો માહોલ જામી ગયો છે. હકીકતમાં જૂનાગઢની વિસાવદર બેઠક પરથી ભૂપત ભાયાણીના રાજીનામાં બાદ આ બેઠક પર પેટાચૂંટણીનું આયોજન થવાનું છે. જેમાં હવે આપ (આમ આદમી પાર્ટી) ના નેતા ગોપાલ ઈટાલિયાએ ઉમેદવારી નોંધાવી છે. નોંધનીય છે કે, પેટા ચૂંટણીને લઈને ચૂંટણી પંચ દ્વારા હજુ સુધી કોઈ તારીખ આપવામાં નથી આવી. પરંતુ, આપ આ વખતે મોડું પડવા નથી ઈચ્છતું અને અત્યારથી જ વિસાવદરની જીત માટે તૈયારી શરૂ કરી દીધી છે. આમ આદમી પાર્ટી ગુજરાતના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ વિશે માહિતી આપવામાં આવી છે. જેમાં લખવામાં આવ્યું છે કે, 'વિસાવદર



(અનુ. આઠમા પાને)

### શું આયાતી ઉમેદવારને સ્વીકારાશે?

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદર ભેસાણ તથા જુનાગઢ ગ્રામ્ય વિધાનસભાના ૮૭ મત વિસ્તારમાં ક્યારેય આયાતી ઉમેદવાર ને પ્રજાએ સ્વીકારેલ નથી ત્યારે આ વખતે જે પક્ષ સ્થાનિક ઉમેદવાર ને ટીકીટ આપશે તેને ફાયદો થશે તેવું અહીંના રાજકીય લોકો વિચારી રહયા છે અને જો આમ થાય તો કોગ્રેસ અને ભાજપે પણ સ્થાનિક લોકલ ઉમેદવારને ચૂટણી મેદાનમાં ઉતારવા જોઈએ ભવિષ્યમાં કામ પડે તો સ્થાનિક ઉમેદવારને શોધી શકાય ત્યારે આમ આદમી પાર્ટી એ ચુટણી જાહેર થયા પહેલા જ પોતાના ઉમેદવાર ને જાહેર કરી દેતા આયાતી ઉમેદવાર સામે અન્યપક્ષના ઉમેદવાર પણ આયાતી ઉતારશે તો ચુટણી નીરસ બની જશે. શુ ભાજપની તાકાત તથા રણનીતિ સામે આમ આદમી પાર્ટીના ઉમેદવાર ટકી શકશે. સમગ્ર ગુજરાતમાં જ્યારે ભાજપની સરકાર છે ત્યારે શું લોકો અન્ય પક્ષને પસંદ કરશે...પરંતુ અહીંના મતદારોનો મિઝાઝ દરેક ચૂંટણીએ અલગ અલગ હોય છે અહીં પક્ષ બદલનારને પણ ભૂતકાળમાં પ્રજાએ જાકારો આપેલ છે ત્યારે ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ લાવી શકે તેવા નેતાને જ ફાયદો થાય તેમ છે.

# વટવામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં દુર્ઘટના: ક્રેન પડતા બે લોકો ઈજાગ્રસ્ત

## અમદાવાદ-વડોદરા-મુંબઈ વચ્ચે દોડતી ૨૫ ટ્રેન રદ, અન્ય ૧૧ રિશિડ્યુલ-ડાયવર્ટ

**અબતક, રાજકોટ**

અમદાવાદના વટવા વિસ્તારમાં ગત મોડી રાત્રે રોપડા બ્રિજ નજીક એકાએક બુલેટ ટ્રેનની કામગીરી સમયે વિશાળ ક્રેન ધસી પડી હતી. આ ઘટનામાં બે લોકોને ઈજા પહોંચી હતી. બુલેટ ટ્રેનના પિલ્લર ઉપર મૂકવામાં આવેલી ક્રેન અચાનક જ કોઈ કારણોસર ધરાશાઈ થઈ હતા આ દુર્ઘટના સર્જાઈ હતી. આ મામલે તાત્કાલિક પોલીસને જાણ થતા પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. નેશનલ હાઈ સ્પીડ રેલવે ઓથોરિટીના અધિકારીઓને પણ આ મામલે જાણ કરવામાં આવતા તેઓ પણ સ્થળે પહોંચ્યા હતાં.

વિશાળકાય ક્રેન પડતાં અમદાવાદ મુંબઈ વચ્ચેના રેલવે વ્યવહારને અસર થઈ છે. ઓવરહેડ વાયર તૂટી ગયો હોવાથી મુંબઈ-અમદાવાદ વચ્ચેનો રેલવે વ્યવહાર ખોરવાયો હતો. વડોદરાથી અમદાવાદ તરફ જતી સયાજીનગરી, એકતાનગર-અમદાવાદ સહિતની ૧૦ ટ્રેનોને રાત્રે જ વિવિધ સ્ટેશનો પર અટકાવી દેવાઈ હતી. હાલ અપલાઈન ચાલુ રાખવામાં આવી છે અને ડાઉન લાઈન બંધ છે, જેથી મુંબઈ તરફ અવરજવર કરતી ટ્રેનોને રદ કરવી પડી છે.

અમદાવાદ-વડોદરા-મુંબઈ વચ્ચે દોડતી ૨૫ ટ્રેનોને રદ કરવામાં આવી છે. તો ૫ ટ્રેનોના સમય બદલાય છે, જ્યારે ૬ ટ્રેનોને અન્ય રૂટથી દોડાવવામાં આવી રહી છે. યાત્રીઓ માટે વડોદરા સ્ટેશન પર તાત્કાલિક ધોરણે હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવ્યું હતું.

અમદાવાદ-મુંબઈ વચ્ચે રેલવે વ્યવહારને અસર થતા રેલવે વિભાગ દ્વારા અમદાવાદ, સાબરમતી, વિરમગામ મહેસાણા, ગાંધીધામ અને પાલનપુર રેલ્વે સ્ટેશનના રેલવે હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે જેના પરથી ટ્રેનોની અવરજવર અંગેની માહિતી લોકો મેળવી શકશે.

# સૌરાષ્ટ્ર સહિત રાજ્યમાં આજથી ગરમીનો પારો બેથી ત્રણ ડિગ્રી વધશે



## ૪૧ ડિગ્રી મહત્તમ તાપમાન સાથે સુરેન્દ્રનગર રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું: રાજકોટ-કંડલા પણ ૪૦ ડિગ્રીને પાર

**અબતક, રાજકોટ**

રાજ્યમાં ઉત્તર ઉત્તરપૂર્વના પવનો ફૂંકાતાની સાથે જ મહત્તમ તાપમાન વધી રહ્યું છે. કાળઝાળ ગરમીના કારણે લોકો ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. આગામી ચાર દિવસમાં બેથી ત્રણ ડિગ્રી તાપમાન વધી જશે અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવનો ફૂંકાશે જેના કારણે અકળામણ અનુભવાશે. રાજ્યમાં મહત્તમ તાપમાન ૩૮થી ૪૦ ડિગ્રીએ પહોંચ્યું છે.હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી છે કે, હવે ગરમી ધીમે-ધીમે વધતી જશે. ગુજરાતમાં મહત્તમ તાપમાન ૩૮થી ૪૨ ડિગ્રી રહેવાની શક્યતાઓ રહેશે. ત્યારે પછી ૨૯ માર્ચથી એપ્રિલની શરૂઆત સુધીમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રીથી ૪૩ ડિગ્રી આસપાસ રહેવાની શક્યતાઓ છે. એપ્રિલ મહિનાની શરૂઆતમાં હવામાનમાં પલટો આવશે. ૨૯ માર્ચથી એપ્રિલના શરૂઆત સુધીમાં ઉત્તર પૂર્વ ગુજરાત, કચ્છના ભાગોમાં છાંટા પડવાની શક્યતાઓ રહેશે. મધ્ય પ્રદેશના અને ગુજરાતના નજીકના ભાગો અને દક્ષિણ ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ અને ક્યાંક છાંટા પડવાની શક્યતા છે. ૧૯ એપ્રિલથી ફરી હવામાનમાં પલટો આવી શકે અને વાદળછાયું વાતાવરણ આવી શકે છે. ૨૦ એપ્રિલથી ગરમી વધતી જાય અને ૨૬ એપ્રિલથી કાળજાળ ગરમી પડવાની શરૂ થઈ શકે છે. ગુજરાતના ભાગમાં ૪૨થી ૪૫ ડિગ્રી તાપમાન રહેવાની શક્યતાઓ છે. ૧૦થી ૧૪ મેમાં ભારે આંધી-વંટોળ અરબ દેશો તરફથી આવે અને કાચા છાપરાના પતરા ઉડી જાય તેવા પવનની ગતિ રહી શકે છે. મહત્તમ તાપમાન રાજ્યના કેટલાક ભાગોમાં ૪૬ ડિગ્રી રહેવાની શક્યતાઓ છે. જે ૨૨ મેથી ૪ જૂન વચ્ચે રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ છે. આ વખતે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ નબળા આવ્યા છે. ત્યારે ગરમીના કારણે હિમાલયના ગ્લેશિયર પીગળવાની શક્યતાઓ રહેશે.

### ૨૬ માર્ચથી વાતાવરણમાં પલટાની શક્યતા

માર્ચ મહિનામાં એક પછી એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સક્રિયાતાને કારણે રાજ્યમાં માર્ચના છેલ્લા સપ્તાહમાં પણ બેવડી ઋતુનો અનુભવ યથાવત રહ્યો છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં કમોસમી વરસાદ પડવાની આગાહી કરી છે. હવામાનની આગાહી મુજબ, આજે પશ્ચિમ હિમાલય પ્રદેશમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પહોંચશે. આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની ૨૬ માર્ચથી ગુજરાતમાં અસર જોવા મળશે. પશ્ચિમી ભેજવાળા પવનના કારણે આગામી ૧ એપ્રિલ સુધી રાજ્યનું વાતાવરણ પલટાઈને વાદળછાયું બની શકે છે. આ દરમિયાન ૨૯ માર્ચથી ૧ એપ્રિલ સુધી રાજ્યમાં ગાજવીજ સાથે ૧૦ મિમી સુધી એટલે કે અડધા ઈંચથી ઓછો કમોસમી વરસાદ વરસવાની શક્યતા છે.

## આજે વિશ્વ ટીબી દિવસ

# નીતિ આયોગના ટીબી નાબૂદી લક્ષ્યાંકના ૯૫% હાંસલ કરીને ગુજરાત બન્યું અગ્રેસર !!

## એક વર્ષમાં ૧,૩૧,૫૦૧ દર્દીઓને મળી સારવાર : ૧,૧૮,૯૮૪ દર્દીઓને મળી રૂ. ૪૩.૯ કરોડની આર્થિક સહાય


**અબતક, રાજકોટ**

જીવલેણ બીમારી ટીબીને નાથવા માટે સરકારે કમર કસી છે. દેશને ટીબી મુક્ત કરવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં ગુજરાતે ૨૦૨૪માં નોંધનીય પ્રગતિ કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે ટીબી નોંધણી અને સફળ સારવાર મામલે નીતિ આયોગ દ્વારા નિર્ધારિત લક્ષ્યના ૯૫% હાંસલ કર્યા છે, જ્યારે સારવાર પૂર્ણ થવાનો દર ૯૧% નોંધાયો છે. ગુજરાતને ૨૦૨૪માં ૧,૪૫,૦૦૦ ટીબી દર્દીઓની ઓળખ અને નોંધણીનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો, જેની સાપેક્ષમાં ૧,૩૭,૯૨૯ ટીબી દર્દીઓની સફળતાપૂર્વક ઓળખ અને નોંધણી કરવામાં આવી હતી. આ સાથે જ, ૧,૨૪,૫૮૧ દર્દીઓની સફળતાપૂર્વક સારવાર થઈ હતી, જેથી સારવાર પૂર્ણ થવાનો દર ૯૦.૫૨% નોંધાયો હતો. આ ઉપરાંત, નોંધાયેલા ટીબી દર્દીઓમાંથી ૧,૩૧,૫૦૧ દર્દીઓને પણ સારવારની સુવિધા પૂરી પાડવામાં આવી છે.

ટીબીના દર્દીઓ તેમની નિયમિત સારવાર કરાવવા માટે પ્રેરાય અને પૈસાના અભાવે તેમની સારવારમાં કોઈ મુશ્કેલી ન આવે તે માટે ગુજરાત સરકાર દ્વારા નિક્ષય પોષણ યોજના હેઠળ દવાના ખર્ચ માટે ટીબીના દર્દી દીઠ રૂ. ૫૦૦ની નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૪માં ૧,૧૮,૯૮૪ ટીબીના દર્દીઓને રૂ. ૪૩.૯ કરોડની સહાય આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ટીબીના દર્દીઓને આપવામાં આવતી આ આર્થિક સહાયને કેન્દ્ર સરકારે ૧ નવેમ્બર, ૨૦૨૪થી વધારીને રૂ. ૧૦૦૦ કરી છે.

પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ, ગુજરાતે નિક્ષય પોર્ટલ પર ૧૦,૬૮૨ નિક્ષય મિત્રોની નોંધણી કરી અને તેમના માધ્યમથી ૩,૪૯,૫૩૪ પોષણ કિટનું વિતરણ કર્યું. રાજ્ય સરકારની આ પહેલ ટીબીના દર્દીઓને માત્ર દવાઓ જ નહીં, યોગ્ય પોષણ પણ મળે તે સુનિશ્ચિત કરે છે. આ ક્ષેત્રમાં ગુજરાત સમગ્ર દેશમાં સર્વશ્રેષ્ઠ

(અનુ. આઠમા પાને)



### ટીબીના દર્દીઓની વધુ સારી સુવિધા માટે લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ સાથે એમઓયુ

રાજ્યના તમામ ટીબી દર્દીઓને સારવાર દરમિયાન દર મહિને પોષણ કિટ ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશથી ગુજરાત સરકારે તાજેતરમાં ૬ માર્ચ ૨૦૨૫ના રોજ લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ સાથે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ અંતર્ગત, ટીબીના દર્દીઓને દત્તક લઈને તેમને ન્યુટ્રિશન સપોર્ટ પ્રદાન કરવામાં આવશે. રાજ્યભરમાં દર્દીઓને પોષણ સહાય પૂરી પાડવામાં લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ સક્રિય ભૂમિકા ભજવશે.